Buy • Sell • Invest
In Real Estate
Buy with Confidence, Sell with Success!
TUSHAR PATEL
REAL ESTATE SALESPERSON
HOMELIFE
MIRACLE REALTY LTD.
Brokerage, Independently Owned & Operated
Office: 416-747-9777
416-500-2905

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

Visitor's To Canada
SUPERVISA INSURANCE
MORTGAGE INSURANCE
Life Insurance
Critical Illness Plan
Disability Insurance
647-403-5560
jigarkumar7@yahoo.ca
www.saachinsure.com
Saachi Insurance
JIGARKUMAR V. PATEL
Life Insurance Advisor
11 YEARS IN BUSINESS

FRIDAY, 16 OCTOBER, 2020 Vol. 16, No. 41 Pages 24 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## છેલ્લા ૨૦ દિવસથી સતત તેજીમાં રહેલો સેન્સેક્સ પટકાયો, ગુરુવારે ૧૦૬૬ પોઈન્ટનો કડાકો

# રોકાણકારોના ૩.૩ લાખ કરોડ ધોવાયા

મુંબઈ : દેશનાં શેરબજારોમાં ગુરુવારે બ્લડબાથ જોવા મળ્યો હતો. બજાર ૪૧,૦૦૦ પોઈન્ટ તરફ આગળ વધી રહ્યું હતું ત્યારે ગ્લોબલ માર્કેટમાં નરમાઈ અને યુરોપના દેશોમાં કોરોનાએ મચાવેલા કોહરામે દેશનાં શેરબજારોનું સેન્ટિમેન્ટ ખરડાવી નાંખતા તેજીને બ્રેક લાગી હતી.

બીએસઈ સેન્સેકસમાં ૧૦૬૬ પોઈન્ટ અને નિફ્ટીમાં ૨૯૧ પોઈન્ટનો કડાકો નોંધાતા બજાર કડડડભૂસ થઈને ઊંધા માથે પટકાયું હતું. રોકાણકારોની સંપત્તિમાં એક જ દિવસમાં રૂ. ૩.૩ લાખ કરોડનું તોતિંગ ગાબડું પડયું હતું. બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ ઘટીને રૂ. ૧૫૭.૨૨ લાખ કરોડ થયું હતું. સેન્સેક્સ ૧૦૬૬.૩૩ પોઈન્ટ ઘટીને ૩૯,૭૨૮.૪૧ પોઈન્ટ બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૯૦.૭૦ પોઈન્ટ તૂટીને ૧૧,૬૮૦.૩૫ પોઈન્ટ બંધ આવ્યો હતો. બેન્ક નિફ્ટી, આઈટી અને ફાઈનાન્સ શેરોમાં ચોગરદમ વેચવાલીનો મારો ચાલતા બજારમાં મંદીનું મોજું ફરી વળ્યું હતું. મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ કડાકા જોવા મળ્યા હતા. સેન્સેક્સના ૩૦ શેરમાંથી એકમાત્ર એશિયન પેઈન્ટસ જ આ કોહરામમાં મજબૂત રહ્યો હતો. બજાજ ફાઈનાન્સ, ટેક મહિન્દ્રા, ઈન્ડસઈન્ડબેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક, એસબીઆઈ તેમજ રિલાયન્સમાં સૌથી મોટું નુકસાન થયું હતું. નિફ્ટી આઈટી ઈન્ડેક્સ ૬૩૬ અને નિફ્ટી બેન્ક ઈન્ડેક્સ ૮૦૨ પોઈન્ટ ગગડયા હતા.

### બજાર કેમ તુટ્યું

- યુરોપમાં કોરોનાના વધતાં સંક્રમણને લીધે કરફ્યૂ
- યુએસમાં બીજા રાહત પેકેજની જાહેરાતમાં વિલંબ
- ગ્લોબલ માર્કેટમાં નરમાઈ અને સુસ્તી
- અમેરિકા અને ચીન વચ્ચે ફરી ટ્રેડ વોરનો ભય
- ચીનનાં એન્ટ ગ્રૂપને બ્લેકલિસ્ટમાં મૂકવા યુએસની દરખાસ્ત

### BSEને અઠવાડિયાની તેજી બાદ મંદીનું ગ્રહણ

છેલ્લા ત્રણ અઠવાડિયાથી શેરબજારમાં સતત તેજીનો તોખાર હણહણી રહ્યો હતો. ૨૯ સપ્ટેમ્બર સિવાય ૨૫ સપ્ટેમ્બરથી માર્કેટ દરરોજ ગ્રીન ઝોનમાં તેજી સાથે બંધ રહ્યું હતું. છેલ્લા ૩ અઠવાડિયામાં માર્કેટમાં બીએસઈમાં ૪૨૦૦ પોઇન્ટનો ઉછાળો આવ્યો હતો. ૧૪ ઓક્ટોબરે માર્કેટ ૪૦,૭૯૪ના સ્તરે બંધ થઈને ૪૧,૦૦૦ની સપાટી તરફ દોડી રહ્યું હતું ત્યાં જ બજારમાં મંદીનો વક્કર ફરી વળ્યો હતો.

RE/MAX
CROSSROADS REALTY INC.
Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

# કોરોનાથી વિશ્વમાં ૧૯૩૦ પછીની ભયાનક મંદી : વર્લ્ડ બેંક

વોશિંગ્ટન : વિશ્વ બેન્કના પ્રમુખ ડેવિડ માલપાસે જણાવ્યું છે કે વિશ્વ કોરોના મહામારીના કારણે ૧૯૩૦ના દાયકા પછીની સૌથી ભયાનક આર્થિક મંદીનો સામનો કરી રહ્યું છે. કોરોના મહામારી ઘણા વિકાસશીલ અને ગરીબ દેશો માટે ભયાનક હોનારત સાબિત થઈ રહી છે. વિશ્વના સંખ્યાબંધ દેશો પર દેવાનું જોખમ વધી રહ્યું છે. આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ અને વિશ્વ બેન્કની વાર્ષિકસભાઓના પ્રારંભે માલપાસે જણાવ્યું હતું કે,




આ મંદી અત્યંત ભયાનક છે. વિશ્વમાં મોટી સંખ્યામાં લોકોને ભયાનક ગરીબી તરફ ધકેલી રહી છે. વિશ્વ બેન્ક દેશો માટે ચાલુ નાણાકીય વર્ષમાં શક્ય એટલા મોટા વિકાસના કાર્યક્રમો તૈયાર કરી રહી છે. એક દિવસ અગાઉ જ બોર્ડે ૧૨ અબજ અમેરિકન ડોલરની ઈમર્જન્સી યોજનાઓને મંજૂરી આપી છે. એક સવાલના જવાબમાં માલપાસે જણાવ્યું હતું કે, વિશ્વ અત્યારે કે આકારની રિકવરીનો અનુભવ કરી રહ્યું છે. તેનો અર્થ એ થયો કે વિકસિત દેશો તેમના ફાઈનાન્શિયલ બજારોને અને વર્ક ફ્રોમ હોમ કરી રહેલા લોકોને મદદ કરવામાં સક્ષમ છે પરંતુ બિનસંગઠિત ક્ષેત્રમાં ઘણા લોકોએ નોકરી ગુમાવી છે.

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY
Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

Diwali sale.
New Arrival Japanese saree & U.K. Sweater, Huge sale on everything.
Gold Print Sarees 4 for 100
Sweater- 4 for $100 | Blouses piece for $1
Boutique Uma
Lehngas | Sarees | Suits | Fabrics | Menswear
Kids wear | Designed Jewelry | Footwear
Decorative Materials | Religious Statues
Home Décor, Gift | Items | Accessories
6270 Côte des Neiges, Montreal
514-341-1394
www.facebook.com/boutiqueuma

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

RUMA LAW OFFICE
• Real Estate Law
• Family Law (Legal Aid Certificate Accepted)
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Immigration Law
• Legal Documentation and Notarization
Tel: 416-299-4815
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
rumalawoffice@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં કોરોનાના વધુ ૧૯૫૭ કેસઃ ૩૪ના મૃત્યુ

## સરકારના અથાગ પ્રયત્નો છતાં કોરોના સંક્રમણ જારી : દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૦૪૯૫



ટોરન્ટો : કેનેડામાં સરકાર અને આરોગ્ય વિભાગના ભારે પ્રયત્નો છતાં કોરોના સંક્રમણ ચાલુ રહ્યું છે. ગુરૂવારે સાંજ સુધીમાં વિતેલા ૨૪ કલાકમાં ૧૯૫૭ દર્દીઓ કોરોનાગ્રસ્ત નીકળ્યાં હતા. જ્યારે આ જ દરમિયાન ૩૪ લોકોના મોત નીપજ્યા હતા. દેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૦૪૯૫ હોવાનું જાણવા મળ્યું છે ત્યારે તે પૈકી ૧૭૨ લોકોની હાલત હોસ્પિટલમાં ગંભીર છે.

મળતી વિગતો મુજબ ગુરૂવારે સાંજે ઓન્ટેરિયોમાં કોરોનાના ૭૮૩ નવા કેસ નોંધાયા હતા. જ્યારે ક્યુબેકમાં ૯૬૯ મળવા સાથે ૨૮ લોકો મોતને ભેટ્યા હતા. અહીં સાજા થનારા દર્દીઓની સંખ્યા ૯૮૪ રહી હતી. મેનિટોબામાં નવા ૧૭૬ કેસ નોંધાવા સાથે એક દર્દીનું મોત થયું હતું. જ્યારે ૧૯ દર્દી રિકવર થયા હતા. ન્યુ ફાઉન્ડલેન્ડમાં કોરોનાનો એક નવો કેસ મળ્યો હતો. સાશ્કેચ્વાનમાં ૩૩ દર્દીઓને કોરોના હોવાની પુષ્ટિ થઈ હતી.

# ટોરોન્ટોમાં કોરોના વાઈરસના પ્રસારને અટકાવવા આરોગ્ય વિભાગ સાબદું

- અન્ય પ્રાંતના સેલફોન ડેટાના ઉપયોગ થકી કોવિડના એક્ટિવ કેસની થતી તપાસ
- શહેરના ઉત્તર પશ્ચિમ વિસ્તારમાં કોરોનાના ભય વચ્ચે લોકો ફરતા દેખાયા

ટોરોન્ટોઃ ટોરોન્ટોના જાહેર આરોગ્ય વિભાગે હવે કોવિડ -૧૯ના પ્રસારને પાડોશી પ્રાંતમાંથી આવતો અટકાવવા અનામી સેલફોન ડેટાની તપાસ શરૂ કરી છે. જેનો અહેવાલ આવતા અઠવાડિયે બોર્ડ ઓફ હેલ્થ સમક્ષ મંજુરી માટે રજુ કરવામાં આવશે.

ટોરન્ટોના મેડીકલ ઓફિસર હેલ્થ ડો.એલીન ડે વિલાએ કહ્યું હતું કે, તેમને પ્રાપ્ત થયેલા સેલફોન ડેટા મુજબ શહેરના ઉત્તર પશ્ચિમ વિસ્તાર જયાં કોરોનાનો વધુ પ્રભાવ છે ત્યાંના લોકો મહામારીના સમયમાં પણ સતત ફરતા જોવા મળ્યા હતા.

જયારે જયાં ઓછો પ્રસાર હતો ત્યાંના લોકો ઘરમાં જ રહેવાનું પસંદ કરતા હતા. તમણે કહ્યું કે એવી દલીલ થાય કે ઓછી આવક ધરાવતા એ વિસ્તારના લોકો આવશ્યક સેવાઓ માટે જ બહાર નીકળતા હશે. જેમની પાસે ઘરેથી કામ કરવાનો વિકલ્પ નહોતો. છતાં એમના માટેનો કોવિડ -૧૯નો ખતરો વધુ હતો એ વાત તો સ્વીકારવી જ પડશે. હકીકતમાં તો શહેરના સૌથી વધુ અસરગ્રસ્ત ગણાતા પાડોશી વિસ્તાર વેસ્ટ હમ્બર -કલેરીવિલેમાં દરીયા કાંઠાની સરખામણીમાં લગભગ ૧૦ ગણો વધારે હતો.

ખરેખર તો ટોરન્ટોમાં ઓછામાં ઓછો દર એક લાખ લોકોમાં માત્ર ૨૦૪નો જ હતો. મળેલા અહેવાલ મુજબ એસોસિયેટ મેડીકલ ઓફિસર ઓફ હેલ્થ ડો.વિનીતા દુબેએ કહ્યું હતું કે, ટોરન્ટોના જાહેર આરોગ્ય વિભાગે મેળવેલા સેલફોન ડેટાનો પુરો અભ્યાસ હજુ બાકી છે. જેમાં લોકોની હીલચાલની પેટર્ન જાણી શકાય અને અન્ય વિસ્તારોની પેટર્ન સાથે એને સરખાવી શકાય, જયાં વધુ પ્રસાર જોવા મળ્યો હોય. એ કારણસર જ એ માહિતી અત્યારે જાહેર કરવામાં આવશે નહીં. ટોરન્ટોના જાહેર આરોગ્ય વિભાગે અગાઉ જણાવ્યુ હતું કે, કોવિડ -૧૯ની અપ્રમાણસર અસર ઓછી આવક ધરાવનારા લોકોમાં જોવા મળે છે.

આજની તારીખે પણ ૨૬ ટકા કેસ એવા જોવા મળે છે. જેમની વાર્ષિક આવક ૩૦૦૦૦ યુએસ ડોલરથી ઓછી હોય. એ જુથ કુલ વસતીના ૧૪ ટકા જેટલું જ છે. એની સામે માત્ર ૭ ટકા કેસ એવા લોકોના છે જેમની વાર્ષિક આવક ૧૫૦૦૦૦ યુએસ ડોલરથી વધુ હોય છે. આ જુથની ટકાવારી કુલ વસતીના ૨૧ ટકા જેટલી છે.
















# કોવિડ-૧૯નો બીજો તબક્કો વરિષ્ઠ નાગરિકો માટે જોખમી

**• પ્રભાવિત વિસ્તારમાં કોરોનાના નિયંત્રણ માટે અસરકરાક પ્રતિબંધ લદાયા**

ટોરન્ટો : કેનેડાના ચીફ પબ્લિક હેલ્થ ઓફિસરનું માનવું છે કે, કોવિડ -૧૯ના બીજા તબક્કાનો પ્રસાર સિનીયર સીટીઝન્સ તરફ વળી રહ્યો છે. જે પહેલા તબક્કાની સરખામણીમાં વધુ મુશ્કેલ બનવાની સંભાવના છે. શનિવારે એક નિવેદનમાં ડો. થેરેસા ટેમે જણાવ્યું હતું કે, ઉનાળામાં જે કેસો જોવા મળતા હતા એમાં ૨૦ વર્ષથી ૩૯ વર્ષના વયજુથના લોકો વધુ રહેતા હતા. જયારે હવે મોટી ઉંમરના લોકોમાં એનો પ્રસાર વધુ જોવા મળી રહ્યો છે. છેલ્લા થોડા અઠવાડિયાઓથી જે અહેવાલો મળી રહ્યા છે. તેમાં નિવૃત્ત લોકો રહેતા હોય કે લાંબા ગાળાના કેર સેન્ટર્સમાં વધુ કેસ જોવા મળી રહ્યા છે. કેટલીક જગ્યાઓએ એપ્રિલ અને મે માસમાં કેસ જોવા મળ્યા હતા. એનાથી વધુ કેસ જોવા મળી રહ્યા છે એમ પણ ટેમે કહ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે, વૃધ્ધ કેનેડીયનોના આરોગ્ય સામે વધી રહેલું જોખમ ખરેખર ચિંતાજનક છે. આપણે સૌથી વધુ જોખમ ધરાવનારા જુથોને સંરક્ષણ આપવાની જવાબદારી નિભાવવાની છે. એક સમયે આ વયજુથ સામેનું જોખમ ઓછું હતું પણ હવે એ વધી રહ્યું છે. દરમિયાન જયાં ફેલાવો વધી રહ્યો હોય એવા કેટલાક પ્રાંતોએ સ્થિતિને નિયંત્રણમાં રાખવા નવા પ્રતિબંધો પણ લાદયા છે.

## વેસ્ટજેટે એન્ટલાન્ટિક કેનેડાની ફલાઈટસ રદ કરી

**• માર્ચથી અત્યાર સુધીમાં અંદાજે ૪૦૦૦ કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા**

કેલગેરી : વેસ્ટજેટ એરલાઈન્સ લિ.એ પોતાની ઓન્ટાલાન્ટિક કેનેડાની ચાર શહેરોની ફલાઈટસ રદ કરી છે અને અન્ય મહામારી પીડિત દેશોની ફલાઈટસમાં ઘટાડો જાહેર કર્યો છે. બુધવારે વેસ્ટ જેટે જાહેર કર્યું હતું કે, તેમની ફ્રેડેરીકશન, મોન્કટન, એનબી, સિડની, એનએસ અને ચાર્લોટટાઉનની ફલાઈટસના રૂટ બંધ કરશે. જયારે હેલીફેકસ અને સેન્ટ જોન્સ એનએલની સેવાઓ પણ બંધ કરશે.

એરલાઈન ટોરન્ટો અને કયુબેક સીટી વચ્ચેની ફલાઈટસ પણ બંધ કરે છે. દર અઠવાડિયે અંદાજે ૧૦૦ ફલાઈટસ ઓછી કરવાની શરૂઆત ૨જી નવેમ્બરથી થશે અને વેસ્ટ જેટની ઓન્ટાલાન્ટિક વિસ્તારની સીટીંગ કેપેસીટીમાં ૮૦ ટકાનો કાપ મુકશે. એરલાઈનના સીઈઓ એડ સિમ્સે પોતાની વીડિયો પોસ્ટમાં જણાવ્યું હતું કે, પ્રવાસની ડિમાન્ડમાં ઘટાડાને કારણે અને ઘરેલુ ફલાઈટસ માટેની કવોરન્ટાઈન સુવિધાઓ ઓછી હોવાથી અમે કેનેડીયન નેટવર્કની સેવાઓને વધુ સમય સુધી ચલાવી શકતા નથી એનુ અમને દુખ છે. જયારથી મહામારીની શરૂઆત થઈ હતી, અમે આવશ્યક હવાઈ સેવાઓ અમારા બધા ડોમેસ્ટીક એરપોર્ટસ માટે ચાલુ રાખી હતી. બુધવારે એરલાઈને એમ પણ જણાવ્યું હતું કે, અમારે કોર્પોરેટ અને ઓપરેશનલ સપોર્ટ વિભાગના ૧૦૦ કર્મચારીઓને છૂટા કરવા પડયા છે. એ ઉપરાંત માર્ચથી અત્યાર સુધીમાં અંદાજે ૪૦૦૦ કર્મચારીઓને છૂટા કરવામાં આવ્યા હતા.

## ફુડ ડીલીવરી એપ્સને રેસ્ટોરાં માટેની ફી ઘટાડવા પ્રિમિયર ફોર્ડની અપીલ

**• સરકાર આ સેકટરના લોકો માટે ૩૦૦ મિલીયન યુએસ ડોલરની રાહત આપશે**

ઓન્ટેરિયો : ઓન્ટેરિયોના પ્રિમીયર ડગ ફોર્ડે કોવિડ -૧૯ને કારણે મુશ્કેલીમાં મુકાયેલા રેસ્ટોરાં બિઝનેસને મદદરૂપ થવા ઉબેર ઈટસ જેવા ફુડ ડીલીવરી એપ્સને તેમની ફી ઘટાડવા વિનંતી કરી હતી. ઓન્ટેરિયોના એટોબિકોક ખાતે મંગળવારે ફોર્ડે કહ્યું હતું કે,' અમને તમારી મદદની જરૂર છે. જેથી આ રેસ્ટોરાં ચાલુ રહી શકે. જો તમે તમારી ડીલીવરીની ફી ઘટાડો તો જ રેસ્ટોરાં બચી શકશે. કેમ કે આરોગ્યલક્ષી પગલાઓને કારણે ઈન્ડોર ડાયનીંગ પર પ્રતિબંધ છે. આ પ્રતિબંધો ટોરન્ટો, પીલ પ્રાંત અને ઓટાવામાં કોવિડ -૧૯ના બીજા તબક્કાને કારણે લાદવામાં આવ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, અમને આ પગલા લેવા ગમતા નથી. અમારે તો પોતાનાઓને જ ટેકો આપવાનો હોય છે. એટલે અમે માત્ર એવું વિચારી શકતા નથી કે રેસ્ટોરાંના કુકની નોકરી વધુ મહત્વની છે કે ડીલીવરી કરનારા ડ્રાઈવરની કામગીરી મહત્વની છે. મંગળવારે ફોર્ડે કહ્યું હતું કે. તેમની સરકાર આ સેકટરના લોકો માટે ૩૦૦ મિલીયન યુએસ ડોલરની રાહત આપશે.

## કોરોના ઈફેકટ: કેનેડીયન યુનિવર્સિટીને ૩.૪ બિલીયન યુએસ ડોલરનું નુકસાન

મોન્ટ્રીયલ : આ અઠવાડિયે જાહેર કરાયેલા સ્ટેટેસ્ટીકસ કેનેડાના અહેવાલ મુજબ આ વર્ષે કોવિડ -૧૯ની મહામારીને કારણે કેનેડીયન યુનિર્વસિટીઓએ અંદાજે ૩.૪ બિલીયન યુએસ ડોલરની ખોટ સહન કરવી પડશે. કેમ કે પ્રવાસ પ્રતિબંધોને કારણે વિદેશી વિદ્યાર્થીઓ કેનેડા આવી શકતા નથી.

વર્ષ ૨૦૨૦-૨૦૨૧ના બજેટમાં આ ખોટનો અંદાજ લગાડવામાં આવ્યો હતો. યુનિર્વસિટીની આવકનો મોટો આધાર ટયુશન ફી ઉપર હોય છે. વર્ષ ૨૦૧૩-૨૦૧૪ ટયુશન ફીની આવક સ્કુલ ફંડીંગ માટે ૨૪.૭ ટકા અંદાજવામાં આવી હતી. જે વર્ષ ૨૦૧૮-૧૯માં ૨૯.૪ ટકા જેટલી થઈ હતી. યુનિર્વસિટીની આવકનો મોટો હિસ્સો સરકાર તરફથી મળતો હોય છે જે ૪૫.૮ ટકા હોય છે. સ્ટેટેસ્ટીકસ કેનેડાએ જણાવ્યું હતું કે, ટયુશન ફીના હિસ્સામાં વધારાનું મુખ્ય કારણ વિદેશી વિદ્યાર્થીઓનું વધતું પ્રમાણ છે. જે કેનેડીયન વિદ્યાર્થીઓ કરતાં પાંચ ગણું છે. વર્ષ ૨૦૧૭ -૧૮માં વિદેર્શી વિદ્યાર્થીઓએ કુલ ટયુશન ફીના ૪૦ ટકા જમા કરાવ્યા હતા. એટલે જ સ્ટેટેસ્ટીક કેનેડા કહે છે કે, આ વર્ષે યુનિર્વસિટીઓને ૩૭૭ મિલીયનથી ૩.૪ બિલીયન યુએસ ડોલરની ખોટ જવાની સંભાવના જણાઈ રહી છે.

# નોબેલ પુરસ્કારઃ શાંતિદૂતની ધરાર અવગણના, વિવાદગ્રસ્તને શિરપાવ

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

વિશ્વના સર્વોચ્ચ પુરસ્કાર ગણાતા નોબલના શાંતિ માટેના પુરસ્કારની જાહેરાત થતાંની દર વર્ષે વિવાદ શરૂ થઈ જાય છે. આ વર્ષે અમેરિકાના પ્રેસિડેન્ટ ઈતિહાસમાં સૌથી વધુ વગોવાયેલા અને દ્રેષ ફેલાવવા પંકાયેલા ડોનાલ્ડ ટ્રમ્પને શાંતિ પુરસ્કાર માટે નોમિનેટ કરાયા હતા. ટ્રમ્પને પારિતોષિક માટે નોમીનેટ કરવાની આ પ્રક્રિયાથી હવે સવાલો ઉઠ્યા છે. દોઢ મહિના પૂર્વે જ્યારે નોર્વેના જમણેરી વિચારપંથી રાજકારણીઓ દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પનુ નોમિનેશન કરવામાં આવ્યું ત્યારે સૌ કોઈ અચંબિત થઈ ગયા હતા અને ડોનાલ્ડ ટ્રમ્પની ધાક જોઈ તેઓ એવોર્ડ લઈ પણ જશે તેવી ભીતિ પણ કેટલાક લોકો સેવી રહ્યા હતા.

આ અગાઉ પણ નોબેલ પારિતોષિકમાં આવા છબરડા થઈ ચૂક્યા છે. પાછલા કેટલાક વર્ષોથી તો આ છબરડાની સંખ્યા વધી છે. હજુ ત્રણેક વર્ષ પૂર્વેની વાત કરીએ તો બરાક ઓબામાને શાંતિનો નોબેલ પ્રાઈઝ એનાયત કરવામાં આવ્યો હતો. યુદ્ધો, પરમાણુ શસ્ત્રો અને માનવ અધિકારોનો ભંગ જેવા મુદ્દાઓ અમેરિકાની સામે હોવા છતાં તેના પ્રમુખને ગળે નોબેલ પારિતોષિક લટકાવી દેવામાં આવ્યો હતો. શાંતિ માટે અપાતા આ એવોર્ડમાં અનેક વાર એવું બન્યું છે કે, વ્યક્તિ - સંસ્થાની પસંદગી બાબતે કચાશ રહી ગઈ હોય. આમ થવાનું મૂળ કારણ એવું છે કે, બીજી કેટેગરીની જેમ આલ્ફ્રેડ નોબેલ શાંતિ પુરસ્કાર કોને આપવો તે અંગે કોઈ સ્પષ્ટતા કરીને ગયા નથી. હકીકતમાં તો શાંતિ માટેનો નોબેલ તો આલ્ફ્રેડે પસ્તાવાના ભાગરૂપે શરૂ કર્યો હતો. યુદ્ધમાં વિનાશ વેરતા ડાયનામીક જેવા વિનાશકોની શોધ આલ્ફ્રેડ કરી હતી અને તેનાથી થતો વિનાશ જોઈ છેવટે આલ્ફ્રેડને પોતાની આ શોધ પર પસ્તાવો થયો હતો. તે બાદ તેણે નક્કી કર્યું હતું કે, જે વ્યક્તિ દેશો વચ્ચે સૂલેહ કરાવશે, સૈન્યની સંખ્યામાં ઘટાડો કરશે, એકતા અને શાંતિ સ્થાપવા પ્રયાસો કરશે તેને નોબલ પુરસ્કાર એનાયત કરવામાં આવશે.

પરંતુ કમનસીબે આલ્ફ્રેડ શાંતિના એવોર્ડ અંગે કોઈ ચોક્કસ રૂપરેખા તૈયાર કર્યા વિના જ ઈસ ૧૮૯૬માં મૃત્યુ પામ્યા. પરિણામે પાછળથી તેમની મિત્ર અને શાંતિના ચળવળકારી બર્થ વોર્ન સટનરે શાંતિ નોબલ પુરસ્કારની કેટેગરીમાં અને તેની પસંદગી બાબતે કેટલાક મહત્વના અને ભવિષ્યમાં વિવાદો ઉભા કરનારા નિર્ણયો લઈ લીધા. તેથી સતત વિવાદો થતાં રહ્યા છે. સૌથી નવાઈની વાત એવી છે કે પાછળથી બર્થા વોર્ન સટનર પોતે જ શાંતિ માટે નોબેલ જીતનાર લોકોની યાદીમાં સામેલ થઈ ગયા હતા. આ મહોતરમાને કયા કારણે નોબલ એનાયત કરવામાં આવ્યો એની સ્પષ્ટતા પણ હજુ ગળે ઊતરે તેમ નથી. બસ અહીંથી જ નોબલ પુરસ્કાર સમિતિના નિર્ણયો પર શંકાનો દોર શરૂ થયો હતો. એકવાર તો કત્લેઆમ મચાવનાર અને બીજા વિશ્વ યુદ્ધના ખલનાયક એડોલ્ફ હિટલરનું નામ પણ આ પુરસ્કારના નોમિનેશનમાં આવી ગયું હતું. તો બીજી તરફ શાંતિ અહિંસા અને સત્યના દૂત મહાત્મા ગાંધીને નોબેલથી આજદિન સુધી દૂર રાખવામાં આવ્યા છે.

નોબલ પુરસ્કારની જ્યારે જ્યારે જાહેરાત થઈ છે ત્યારે તેની પાછળ હંમેશા એ પ્રશ્ન ચર્ચાય છે. ગાંધીજીને શા માટે અન્યાય. જોકે નોબેલ પારિતોષિક સમિતિએ તેમની આ ભૂલ માટે અનેક વખત માફી પણ માંગી લીધી છે. આમ છતાં ગાંધીજીની અવગણના બાબતે ઊભા થયેલા સવાલો એમ જલદીથી ઉકેલાય તેમ નથી. નોબેલ સમિતિના સલાહકાર પ્રોફેસર જેકોબ ફોર્મ મૂલરે ગાંધીજીને શા માટે નોબેલ પારિતોષક નથી મળ્યો તે અંગેનો રિપોર્ટ તૈયાર કર્યો છે. જેમાં કંઈક એવી દલીલ રજૂ કરી કે, ગાંધીજી નિસંકોચ ઉમદા અને શ્રેષ્ઠ વ્યક્તિ હતા તેમને ભારતના લોકો ખુબ જ ચાહતા હતા. આમ છતાંય તેમનામાં કેટલીક ખામીઓ હતી જેમ કે તેઓ સ્વતંત્ર સેનાની, આપખુદ અને રાષ્ટ્રવાદી હતા. તેઓ એક સાધારણ રાજકારણીઓથી વિશેષ ન હતા. મુલરની આ દલીલ ઉપરાંત તેને એવી પણ શંકા હતી કે, ગાંધીજીના વિચારો વૈશ્વિક રીતે સ્વીકાર્ય છે કે કેમ. મુલરના આ રિપોર્ટની પાછળથી ખૂબ જ ટીકા થઈ હતી.

ગાંધીજી ઉપરાંત બીજા અનેક નામો એવા છે જેઓએ વિશ્વમાં શાંતિ અને એકતા માટે તથા માનવ અધિકાર માટે આજીવન ઝઝૂમવું પડયું છે આમ છતાં તેઓને આજ દિન સુધી નોબેલ આપવામાં આવ્યો નથી. ફોરેન પોલિસી નામના સામયીકમાં નોબેલ કમિટિએ અગણેલા આવા મહાન લોકોનો ઉલ્લેખ થઈ ચુક્યો છે. આ યાદીમાં એક નામ ઈલોને રૂઝવેલ્ટનું પણ હતુ. ગાંધીજીની માફક તેઓને પણ તેમના અનેક સામાજિક માનવ અધિકાર અંગેના કાર્યો હોવા છતાં અવગણવામાં આવ્યા હતા. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ફ્રેન્કલિન રૂઝવેલ્ટના પત્ની ઈલોનેરને ફર્સ્ટ લેડી તરીકે ચાર ટર્મ વ્હાઈટ હાઉસમાં રહ્યા હતા. આ દરમિયાન તેઓએ અનેક સેવાના કામોની સાથે નીતિ સામે રંગભેદ નીતિ સામે પણ વિરોધ ઉઠાવ્યો હતો. તેઓ એટલી હિંમત ધરાવતા હતા કે તેમના પતિની અયોગ્ય નીતિ સામે પણ તેઓ જાહેરમાં ટીકા કરી શકતા હતા. બીજા વિશ્વયુદ્ધના નિરાશ્રિતો માટે પણ તેમણે કામ કર્યું હતું. પાછળથી તેઓ યુનોના માનવ અધિકાર કમિશનના ચેરવુમેન બન્યા હતા. તેઓના પ્રયત્નોને સન્માનવામાં નોબેલ ઉણુ ઉતર્યું હોવાનું ખુદ નોબેલ સમિતિ પણ સ્વીકારી ચૂકી છે. ગાંધીજીની માફક તેઓ પણ નોબેલ પારિતોષિક માટે નોમીનેટ થયા હોવા છતાં તેઓને પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો ન હતો. આ યાદીમાં અન્ય એક નામ ફિલિપાઈન્સના પ્રથમ મહિલા પ્રમુખ મારિયા સુમલોંગનું છે. ફિલિપાઈન્સમાં લોકશાહીની જનેતા તરીકે જાણીતા મારીયાએ ૯૦ના દાયકામાં લોકક્રાંતિની જ્વાળા ફુંકી હતી.

મારિયા પુરા એશિયામાં મહિલા રાષ્ટ્રપ્રમુખ તરીકે પ્રથમ હતા. ૯૦ના દાયકામાં ફિલિપાઈન્સની રાજકીય સ્થિતિ ડામાડોળ થઈ જતા મારિયા અમેરિકાથી પરત ફર્યા અને લોકશાહીની માંગણી સાથે લોકક્રાંતિ શરૂ કરી. આખરે લોકશાહીની સ્થાપના કરી મારિયા પ્રમુખ બન્યા બાદ અનેક સામાજિક કાર્યો અને દેશો સાથે શાંતિપૂર્ણ સબંધો સ્થાપ્યા હતા. આ ઉપરાંત નાઈજેરિયાના પર્યાવરણવાદી નેતા કેન બેસોનને પણ નોબેલ કમિટી દ્વારા અવગણવામાં આવ્યા છે. એગોની લોકોના જંગલ, પાણી અને જમીન બચાવવા માટે વિવાએ અનેક અહિંસક ચળવળ ચલાવી હતી. અંતે ત્યાંની સરકારે તેને ફાંસીએ ચડાવી દીધો હતો. વિવાએ પર્યાવરણ બચાવો અને માનવ અધિકાર માટેની જે જંગ છેડી હતી તેને આંતરરાષ્ટ્રીય સ્તરે ખૂબ આવકાર મળ્યો હતો. આવા અનેક નામો છોડીને નોબેલ સમિતિએ અનેક એવા લોકોને શાંતિનો પુરસ્કાર આપ્યો છે જેમના નામે વિવાદોની લાંબીલચક યાદી રહેલી છે.

અલબત આવા વિવાદો વચ્ચે હાલમાં ૧૫ બાયો-કેમિસ્ટ્રીમાં બે મહિલાઓને નોબેલ પારિતોષિક અપયા છે. જેમાં જીન એડિટીંગ અંગેની ક્રિસ્પર ટેકનોલોજીના સંશોધન માટે ફ્રાન્સની ઈમેન્યુઅલ શાર્પેન્ટિયર અને અમેરિકાની જેનિફર ડૌડનાને સંયુક્તપણે એવોર્ડ અપાયો છે. આ બંને મહિલા વૈજ્ઞાનિકે મહત્ત્વપૂર્ણ ટૂલ ક્રિસ્પર-કાસ૯ વિક્સિત કર્યું છે, જે જિનેટિક કાતર છે. આજકાલના વિજ્ઞાનની ક્રાંતિકારી સિદ્ધિઓમાંની એક એવી આ ક્રિસ્પર ટેક્કિક વૈજ્ઞાનિકોને આનુવંશિક (માનવ જીન્સ) અનુક્રમને કટ-પેસ્ટ કરવાની અને સરળ ફેરફારો કરવાની મંજૂરી આપે છે. નોબેલા સંશોધનકર્તાની લીધેલી નોંધની હાલ પ્રશંસા પણ થઈ રહી છે.



manoj1968@yahoo.ca







# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન

**Weekend Special**

રગડા પેટિસ, પાંઉભાજી,
છોલેપુરી, કટલેસ,
ખાસ્તા કચોરી,
સેવ ઉસળ, સમોસા ચાટ

**Takeout & Catering**

Limited થાળી
(with sweet & Farsan)
$8.00 +Tax

Limited થાળી
(without sweet & Farsan)
$6.50 +Tax

**CATERING SPECIAL**

$ 7.99 +Tax 10 items
Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

દશેરા સ્પેશિયલ
ફાફડા ઝલેબી મળશે

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

Call us for details

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪
૪૧૬-૫૨૦-૨૯૨૨, ૪૧૬-૪૩૪-૮૧૨૧

૮૪૦, મારખમ રોડ, સ્કારબોરો,ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી
(વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ
સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન,
પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



Quarantine Special
Package
$50 Per Day



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121
ગુજરાત ભવન - 416-913-7184

4694 Kingston Road, Scarborough.

# નેશનલ હાઉસિંગ ફંડની ધિરાણ પદ્ધતિમાં ફેરફારની માંગ

## ધીમી અને ગૂંચવણભરી પદ્ધતિથી મોટાભાગના લોકો યોજનાનો લાભ લઈ શકતા નથી

### •ઓન્ટેરિયોના પ્રોજેક્ટને ૭૪ ટકા ધિરાણ અને બ્રિટીશ કોલંબિયાને ૧ ટકાથી ઓછા નાણા મળ્યા

વાન્કુંવર : ફેડરલ સરકારની એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેકટસને નાણાં ધીરવાની પધ્ધતિમાં ફેરફારની જરૂર હોવાનું એડવોકેટસ માની રહ્યા છે. કેનેડા મોર્ગેજ એન્ડ હાઉસિંગ કોર્પોરેશન સંચાલિત ધી નેશનલ હાઉસિંગ કો - ઈન્વેસ્ટમેન્ટ ફંડમાંથી એફોર્ડેબલ હાઉસિંગ અને મલ્ટી યુઝ પ્રોજેકટસ માટે લોન અને માફીપાત્ર ઋણ મળે છે. એક અહેવાલ મુજબ હાઉસિંગ સમીક્ષક જેની કવાન કહે છે કે, અંદાજે ૭૪ ટકા જેટલું ધિરાણ માત્ર ઓન્ટેરિયો વિસ્તારના પ્રોજેકટસને જ મળ્યું હતું. જે મે ૨૦૧૮ થી જુન ૨૦૨૦ દરમિયાનનું હતું. અરજીઓની પ્રક્રિયા ઘણી ગુંચવણભરી અને ધીમી હોવાથી લોકો એનો લાભ લઈ શકતા નથી. આ ઈન્વેસ્ટમેન્ટ ફંડ હજુ પણ ઓન્ટેરિયો પર જ કેન્દ્રીત હોય એવું લાગે છે. કેમ કે, આ



વિસ્તારના પ્રોજેકટસ માટે જ એનો વધુ ઉપયોગ થયો છે. દેશના બાકીના વિસ્તારોને એનો લાભ હજુ મળી શકયો નથી. ઓન્ટેરિયોના પ્રોજેકટસને અંદાજે ૧.૩૯ બિલીયન યુએસ ડોલર મળ્યા છે. જે કુલ ૧.૪૬ બિલીયન યુએસ ડોલર પૈકીના છે. મોટાભાગની રકમ ટોરન્ટોના કોમ્યુનીટી હાઉસિંગના રીપેરીંગમાં વપરાય છે. બ્રિટીશ કોલંબિયાને માત્ર ૯ બિલીયન યુએસ ડોલર જ મળ્યા છે. જે કુલ ફંડના માત્ર ૦.૫૫ ટકા જેટલા જ છે. પરિવાર, સામાજીક વિકાસ અને બાળ કલ્યાણ ખાતાના મંત્રી અહેમદ હુસેનની મુલાકાત થઈ શકી નહોતી. પરંતુ વિભાગના પ્રવકતા જેસિકા એરીટોઉએ કહ્યું હતું કે, સરકારે કેનેડામાં સૌથી વધુ રોકાણ રેન્ટલ અને કોમ્યુનિટી હાઉસિંગ ક્ષેત્રમાં કર્યું છે જે ઐતિહાસિક છે. આપણે ઘણો વિકાસ કર્યો છે, છતાં બ્રિટીશ કોલંબિયામાં સીએમએચસી સાથે મળીને હાઉસિંગ ફંડ પુરો પાડવાના પ્રયાસો જારી છે. જેમાં ઝડપથી સફળતા મળશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, કવાને જાહેર કરેલા આંકડાઓ હાઉસિંગ ફંડ વિશે પુરતો સંદર્ભ આપનારા નથી. નેશનલ હાઉસિંગ કો -ઈન્વેસ્ટમેન્ટ ફંડ માટે બ્રિટીશ કોલંબિયાના અનેક અરજદારોની અરજીઓ પડતર છે એમનો ઉલ્લેખ નથી.

# ઓન્ટેરિયો પ્રાંતના ટુરિઝમ સેકટરને મંદીમાંથી ઉગારવા સહાયની જરૂર

### • મોટાભાગના વેપારીઓએ અંદાજે ૭૦ ટકા જેટલી ખોટ સહન કરવી પડી

ઓન્ટેરિયો : ઓન્ટેરિયોમાં બધા બિઝનેસને કોવિડ -૧૯ની મહામારીની અસર પહોંચી છે. પણ ટુરિઝમ અને હોસ્પીટાલીટી સેકટરને તત્કાળ સહાયની જરૂર હોવાનું એક સર્વેમાં બહાર આવ્યું છે. ટુરિઝમ ઈન્ડસ્ટ્રી એસોસિયેશન ઓફ ઓન્ટેરિયો વિશેના સર્વેમાં જાણવા મળ્યું હતું કે, ઈન્ડસ્ટ્રીની સ્થિતિ મૃતપ્રાય બની રહી છે. કેમ કે, સરકારના પ્રતિબંધોની સૌથી વધુ માઠી અસર આ સેકટરને પડી છે.

આવા સંજોગોમાં સરકારી સહાય મળવી જોઈએ, એટલી ન હોય તો ઈન્ડસ્ટ્રીનું અસ્તિત્વ જોખમમાં આવી જવાની શકયતા છે.

નવું વર્ષ શરૂ થાય એ પહેલા એમને સહાય મળવી જોઈએ, એમ એસોસિયેશનના સીઈઓ અને પ્રમુખ બેથ પોટરે જણાવ્યું હતું. એસોસિયેશને કરાવેલા તાજા સરવે મુજબ ૨૦૧૯ની સરખામણીમાં મોટાભાગના વેપારીઓએ અંદાજે ૭૦ ટકા જેટલી ખોટ સહન કરવી પડી છે. બે તૃતિયાંશ વ્યાપારીઓએ જણાવ્યું હતું કે તેમને કોઈ વેજ સબસીડી કે ભાડાની રાહત જેવી સરકારી સહાય મળી નથી. તેમના બિઝનેસ હજુ પણ બંધ જ છે. એસોસિયેશન કહે છે કે, ઓન્ટેરિયોના આર્થિક વિકાસ માટે ટુરીઝમ એન્ડ હોસ્પીટાલીટી સેકટર મહત્વના છે. જે પ્રાંતમાં ૩૬ બિલીયન યુએસ ડોલર જેટલો વ્યાપ ધરાવે છે અને સૌથી વધુ રોજગારી પુરી પાડે છે.

ADS GAS SERVICES AND INSTALLATIONS INC.
- GAS FURNACE
- Gas Line Installation Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Air condition installed start from $1800



Registered Licensed Contractor
Call: VIPUL SHAH
www.adsgas.ca
416.988.5784
Email:adsgasservice@gmail.com
WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT

THANK YOU FRONTLINE WORKERS
MD MORTGAGE DILIGENT A STEP AHEAD
➲ Purchase ➲ Refinance ➲ Renewal/Switch
5 Yrs Fixed @ 1.69%* High Ratio Only
5 Yrs Variable @ 1.70%* High Ratio Only



Rakesh Patel** Vice President- Commercial. Pranay Jani * Nilesh Tailor * Tushar Patel* Bala Shah* Vijay Rana*



Rajesh Khurana, MBA Principal Broker
Cell : 416-616-1300
Tel.: 289 521 6900
1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1
•info@mortgagediligent.com •www.mortgagediligent.com
Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President * Some conditions apply

# ગુજરાતમાં કોરોનાનાં ૧૧૮૫ કેસ : ૧૧ દર્દીનાં મૃત્યુ, રિકવરી રેટ વધ્યો

**• અત્યાર સુધી ૫૨૧૬૮૮૫ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૩૭૮૭૦ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા**



ગાંધીનગર : રાજ્યમાં ગુરુવારે કોરોના વાયરસના ૧૧૮૫ નવા કેસ પોઝિટિવ નોંધાયા છે, જ્યારે ૧૩૨૯ દર્દીઓ સાજા થતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. ૨૪ કલાક દરમિયાન રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં કોરોના વાયરસના ૧૧ દર્દીનાં મોત થયા છે. દરમિયાન રાજ્યમાં પોઝિટિવ કેસનો આંકડો ને ૧,૫૬,૨૮૩ એ પહોંચી ગયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં સુરતમાં ૨૪૯, અમદાવાદમાં ૧૮૬, વડોદરામાં ૧૧૯, રાજકોટમાં ૧૦૯, જામનગરમાં ૮૨, મહેસાણામાં ૩૩, કચ્છમાં ૩૧, પંચમહાલમાં ૨૩, અમરેલીમાં ૨૪, બનાસકાંઠા ૨૨, સાબરકાંઠામાં ૧૩, મોરબીમાં ૧૯, ભરૂચમાં ૨૮ સુરેન્દ્રનગરમાં ૧૮ કેસ નોંધાયા છે. ગાંધીનગરમાં ૪૩, જૂનાગઢમાં ૩૪, પાટણમાં ૨૩, ગીરસોમનાથમાં ૧૪, નર્મદામાં ૧૪, ભાવનગરમાં ૧૯, દાહોદમાં ૮, આણંદ ૧૩, બોટાદમાં ૭, ખેડામાં ૭, દેવભૂમિ દ્વારકામાં ૭, છોટાઉદેપુર ૬, મહીસાગરમાં ૧૦, નવસારીમાં ૭, અરવલ્લી ૯, તાપીમાં ૫, વલસાડમાં ૧ મળીને કુલ ૧૧૮૫ કેસ નોંધાયા છે. રાજ્યમાં સરકારી ચોપડે એક્ટિવ કેસની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. કુલ ૧૪૮૦૪ દર્દીઓ એક્ટિવ છે, આ પૈકીના ૮૬ દર્દીઓ વેન્ટીલેટર પર છે જ્યારે ૧૪૭૧૮ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાંથી અત્યારસુધીમાં ૧,૩૭,૮૭૦ દર્દીઓ ડિસ્ચાર્જ થઈ ગયા છે જ્યારે અત્યારસુધીમાં સરકારી ચોપડે ૩૬૦૦ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. દરમિયાન રાજ્યમાં આજે ૫૧,૨૧૫ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. તી જ્યારે રાજ્યનો રિકવરી દર ૮૮.૨૨ ટકાએ પહોચ્યો હતો. રાજ્યમાં કોરોના પોઝિટિવ દર્દીઓની સાથે સાથે ટેસ્ટની સંખ્યામાં પણ ઘટાડો નોંધાયો છે.

# ગુજરાતમાં લગ્ન અને મૃત્યુ વિધિમાં ૧૦૦ વ્યક્તિઓ હાજર રહી શકશે

ગાંધીનગરઃ ગુજરાતમાં હવે મૃત્યુ વિધિ અને અંતિમ સંસ્કાર તથા લગ્ન અને અન્ય ધાર્મિક પ્રસંગોમાં વધુમાં વધુ ૧૦૦ લોકો જ હાજર રહી શકશે. ઉપરાંત ક્ધટેન્ટમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં સામાજિક, શૈક્ષણિક, રમતગમત, મનોરંજન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ધાર્મિક સમારોહનાં આયોજનમાં પણ કેટલીક ચોક્કસ શરતોને આધીન પરવાનગી અપાશે. ગુજરાત સરકારે આજે જાહેર કરેલી માર્ગદર્શિકા પ્રમાણે તમામ ધાર્મિક કાર્યક્રમો અને ઈનહાઉસ ગરબામાં છ ફૂટની દૂરી સાથેનું ફિઝિકલ ડિસ્ટન્સ અને એ માટે ફ્લોર માર્કિંગ કરવાનું રહેશે. સમગ્ર સમારંભ દરમિયાન ચહેરાને યોગ્ય રીતે તમામ સમયે ઢાંકી રાખવો પડશે. થર્મલ સ્કેનર, સેનિટાઈઝર સાથે ઓકસી મીટરની સુવિધા તેમજ સ્ટેજ, માઈક, ખુરશીને સમયાંતરે સેનિટાઈઝ કરવાનાં રહેશે. સમારંભ દરમિયાન થૂંકવા તેમજ પાન-મસાલા, ગુટખા સેવન પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. ૬૫થી વધુ વયના વયસ્ક નાગરિકો, ૧૦ વર્ષથી નીચેની વયનાં બાળકો, સગર્ભા માતાઓ તેમ જ અન્ય બીમારીથી પીડિત વ્યક્તિઓ આવા સમારંભોમાં ભાગ ન લે એ હિતાવહ છે.

# ગુજરાત હાઈકોર્ટ ચાર દિવસ બંધ

અમદાવાદ : ગુજરાતમાં કોરોના સંક્રમણનાં કેસોને કારણે ચિંતાજનક સ્થિતિ છે. બુધવારે મળતા આંકડા પ્રમાણે, રાજ્યમાં ૧૧૭૫ દર્દીઓ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૪૧૪ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. જ્યારે રાજ્યમાં આજે ૧૧ લોકોના કોરોનાથી મોત થયા છે. કોરોના મહામારીને પહોંચી વળવા માટે ગુજરાત હાઈકોર્ટમાં ફરી લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. જેથી ગુજરાત હાઈકોર્ટની કામગીરી ૪ દિવસ એટલે ૧૬થી ૧૯ ઓક્ટોબર સુધી બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ચીફ જસ્ટિસ દ્વારા જાહેર કરાયેલા સર્ક્યુલર મુજબ, ૧૬ ઓક્ટોબરથી ૧૯ ઓક્ટોબર સુધી હાઈકોર્ટ બંધ રહેશે. આ દિવસોમાં હાઈકોર્ટના અધિકારીઓ, રજીસ્ટ્રી સ્ટાફ સહિતના કર્મચારીઓનો એન્ટીજન ટેસ્ટ કરવામાં આવશે.

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
Preventing the Spread of COVID-19 :
Our disinfectant services that we offer are:
1 Spray Services 2 Fogging Services 3 Sanitation Services
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
Web: www.siis.ca
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
EXPRESS ENTRY AND ALL PNP
STUDY VISA / SUPER VISA / VISITOR VISA (TRV)



AMI MEHTA
(SINP Authorized Rep)
CANADA OFFICE
94-499 Main Street South; Brampton, Ontario, Canada.
VADODARA OFFICE
2/A, Wagheshwary Society, Vip Road, Vadodara.
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca Website.: www.siis.ca

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# વિધાનસભાની ૮ બેઠકો જીતવા ભાજપ-કોંગ્રેસ મેદાને

## ગુજરાતમાં કોંગ્રેસે મોડી સાંજે કપરાડા-ડાંગ બેઠક પર મૂરતિયા જાહેર કર્યા : ભાજપમાં મુળ કોંગ્રેસીઓને ટિકિટ અપાતા અસંતોષ

ગુજરાત વિધાનસભાની પેટા ચૂંટણી માટે કોંગ્રેસે બુધવારે રાતે કપરાડા અને ડાંગ બેઠક પરના નામો જાહેર કર્યા છે, કપરાડા બેઠક પર બાબુભાઈ વરઠા અને ડાંગ બેઠક પર સૂર્યકાંત ગામિતને ઉમેદવાર તરીકે જાહેર કર્યા છે.

અલબત્ત, લીંબડી બેઠક માટે હજુય અસમંજસ છે, જેના કારણે નામ જાહેર કરી શકાયું નથી. કોંગ્રેસે અગાઉ પાંચ બેઠક પર નામો જાહેર કર્યા હતા. કોંગ્રેસના ઉમેદવારો ૧૫મી ઓક્ટોબરના ગુરુવારે ઉમેદવારી ફોર્મ ભરવા જશે. કોંગ્રેસ લીંબડી બેઠક માટે ગુરુવારે નામની જાહેરાત કરે તેવી શક્યતા છે. કપરાડા બેઠકના ઉમેદવાર બાબુભાઈ વરઠા સ્થાનિક કોંગ્રેસના સ્થાનિક સક્રિય કાર્યકર છે, સ્થાનિક સ્તરેથી આ નામ પસંદ કરાયું હતું, જેને કોંગ્રેસ વિંકગ કમિટીએ મંજૂરી આપી હતી. ડાંગ બેઠક પર સૂર્યકાંત ગામિતને ટિકિટ અપાઈ છે, ગાવિત તાલુકા પંચાયતના ચૂંટાયેલા પદાધિકારી છે, આ નામ પણ સ્થાનિક સ્તરેથી પસંદ થઈને આવ્યું હતું. આ બંને બેઠકો એસટી અનામત છે. કોંગ્રેસમાં હજુ લીંબડી બેઠકને લઈ ખેંચતાણ જામી છે, જેને લઈ નામની જાહેરાત ઘોંચમાં પડી છે, સંભવતઃ ગુરુવારે નામ જાહેર થાય તેમ છે. કોંગ્રેસે અગાઉ પાંચ બેઠકો પર નામ જાહેર કર્યા હતા, જેમાં ત્રણ પાટીદાર અને એક ક્ષત્રિય ઉમેદવારને ટિકિટ આપી હતી, એક એસસી અનામત બેઠક હતી. અગાઉ ચાર નવા ચહેરા જાહેર કર્યા હતા અને હવે આ બે પણ નવા ચહેરા છે, આમ અત્યાર સુધીમાં સાત પૈકી છ નવા ચહેરાને તક અપાઈ છે.

### પેટા ચૂંટણી સામ-સામે કોણ

| બેઠક | ભાજપના ઉમેદવાર | કોંગ્રેસના ઉમેદવાર |
|---|---|---|
| અબડાસા | પ્રદ્યુમનસિંહ જાડેજા | ડો.શાંતિલાલ સંઘાણી |
| મોરબી | બ્રિજેશ મેરજા | જયંતીલાલ પટેલ |
| ધારી | જે.વી. કાકડિયા | સુરેશ કોટડિયા |
| કરજણ | અક્ષય પટેલ | કિરીટસિંહ જાડેજા |
| ગઢડા | આત્મરામ પરમાર | મોહનલાલ સોલંકી |
| કપરાડા | જિતુ ચૌધરી | બાબુભાઈ વરઠા |
| ડાંગ | વિજય પટેલ | સૂર્યકાંત ગામિત |
| લીંબડી | કિરીટસિંહ રાણા | ચેતન ખાચર |

### અમિત શાહ ગુજરાતની મુલાકાતેઃ પેટાચૂંટણીની રણનીતિ ઘડશે

અમદાવાદ: ગુજરાતમાં ૯મી નવેમ્બરે યોજાનારી ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણી પૂર્વે કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ મંગળવારે ગુજરાતની બેથી ત્રણ દિવસની મુલાકાતે આવી પહોંચ્યા હતા. ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ અને ગૃહ રાજ્યપ્રધાન પ્રદીપસિંહ જાડેજા સહિત ભાજપના સ્થાનિક નેતાઓએ તેમનું અમદાવાદ એરપોર્ટ પર સ્વાગત કર્યુ હતું. કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાત મહિના બાદ ગુજરાત આવી પહોંચ્યા હતા. તેઓ ૧૭મી ઓક્ટોબર સુધી રાજ્યમાં ચાર દિવસ રોકાણ કરશે. આ અગાઉ તેઓ ૧૭મી ઓક્ટોબરે રાજ્યમાં આવવાના હતા, પરંતુ તેમના પ્રવાસના કાર્યક્રમમાં ફેરફાર કરાયો છે અને રાત સુધીમાં અમદાવાદ આવી પહોંચશે. ગુજરાતમાં ૯મીએ યોજાનારી વિધાનસભાની પેટાચૂંટણીમાં ભાજપના ઉમેદવારોને જીતાડવાની રણનીતિના ભાગરૂપે અમિત શાહ નવરાત્રિ પહેલા જ ગુજરાતમાં આવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તા.૧૭મી સુધી વિધાનસભા ચૂંટણીને લઈને બેઠકો કરશે. ૧૭મી ઓક્ટોબરે પરત દિલ્હી ફરે એવી શક્યતા છે.

### પેટાચૂંટણીમાં મતદાનનો સમય એક કલાક વધ્યો, સવારે ૭થી મતદાન

ગાંધીનગર– કોરોના મહામારીમાં યોજાનારી વિધાનસભાની પેટાચૂંટણીઓમાં આમ તે મતદાન ઓછું થવાનો મોટો ભય છે, પણ તેમ છતાં મતદાન બૂથ ઉપર ભીડભાડ ના થાય એ માટે એક કલાક વધારાયો છે, એટલે એક કલાક વહેલું સવારે ૭ વાગે મતદાન શરૂ થશે. કોવિડ–૧૯ની પરિસ્થિતિમાં સંક્રમણ અટકાવવા માટે પોલિંગ સ્ટાફને એન–૯૫ માસ્ક, હાથના મોજાં, સેનિટાઇઝર તથા ફેસકવર–શિલ્ડ આપવાનું ચૂંટણીપંચે નક્કી કર્યુ છે. જ્યારે આરોગ્ય વિભાગ તરફથી પ્રત્યેક મતદારને ઇવીએમના બટણ દબાવવા હાથના મોજાં અપાશે. પાતળા પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ છે ત્યારે હાથના મોજાં પ્લાસ્ટિકનાં આપવા કે કેમ તે અંગે દ્વિધા પ્રવર્તી છે. જોકે આરોગ્ય વિભાગ આ સંદર્ભે કેન્દ્રીય ચૂંટણી પંચની ગાઇડલાઇનનો અમલ કરશે, એમ જણાવાઈ રહ્યું છે,

### અબડાસામાં કોંગ્રેસનો કલહઃ ટિકિટ ન મળતા નેતાનું રાજીનામું

અમદાવાદ: ગુજરાત વિધાનસભાનની આઠ બેઠકોની પેટાચૂંટણી પ્રચારના પડઘમ વચ્ચે હવે કોંગ્રેસમાં આંતરિક કલહ પણ બહાર આવી રહ્યો છે. કચ્છની અબડાસા બેઠક પર કોંગ્રેસે ટિકિટ ન આપતા પ્રદેશ સ્તરના એક નેતાએ રાજીનામું આપીને બગાવતી સૂર કાઢ્યાં છે. કોંગ્રેસે અબડાસાની પેટાચૂંટણી માટે ઉમેદવાર તરીકે ડો.શાંતિલાલ સેંગાણીના નામની જાહેરાત કરતા નારાજ થયેલા કોંગ્રેસના પ્રવક્તા કૈલાશ ગઢવીએ રાજીનામું આપ્યું છે. અબડાસાના કેટલાક કોંગ્રેસી કાર્યકર્તાઓએ કૈલાસ ગઢવીને ટિકિટ આપવાની માગ કરી હતી. ત્યારે કૈલાસ ગઢવીને ટિકિટ ન મળતાં તેઓએ પક્ષમાંથી અને પાર્ટીની અન્ય જવાબદારીઓમાંથી રાજીનામું આપ્યું છે. જિલ્લા પંચાયતના કેટલાક વર્તમાન અને પૂર્વ ચૂંટાયેલા સદ્સ્યો કૈલાસ ગઢવીના સમર્થકો છે.

### નવરાત્રી પર પ્રતિબંધથી રોષઃ રાજકીય રેલીઓ-ઉપર પણ પ્રતિબંધ મૂકો

અમદાવાદ: કોરોના સંક્રમણના કારણે એકતરફ સરકાર નવરાત્રી, દશેરા, દુર્ગાપૂજા અને દિવાળી જેવા ધાર્મિક તહેવારોના આયોજન પર પ્રતિબંધ મૂકી રહી છે અને એ માટે ગાઈડલાઇન બહાર પાડવામાં આવી છે. પરંતુ આ તહેવારો દરમિયાન જ રાજ્યમાં વિધનસભાની આઠ બેઠકો પર પેટા ચૂંટણી થવાની છે. આજે શુક્રવારથી ઉમેદવારી ફોર્મ ભરવાનો પ્રારંભ થઇ રહ્યો છે. આ દરમિયાન કોંગ્રેસ અને ભાજપ પોતાના સ્ટાર પ્રચારકોને ચૂંટણી પ્રચાર માટે ઉતારશે. કોરોનાના કારણે ધાર્મિક તહેવારોની ઉજવણી પર પ્રતિબંધ લાદી શકાતો હોય તો ચૂંટણી પ્રચાર માટે પણ સરકારે આ પ્રકારની ગાઈડલાઈન બહાર પાડવી જોઇએ તેવી ચર્ચા સામાન્ય નાગરિકોમાં થઇ રહી છે. છેલ્લા એક મહિના કરતા વધુ સમયથી ગુજરાતભરમાં નવરાત્રી યોજાશે કે નહીં તે ચર્ચાનો વિષય બન્યો હતો. આખરે આ તહેવારો પર જ સરકારે પ્રતિબંધ લાધો છે, ત્યારે આ સમયગાળા દરમિયાન જ રાજ્યની આઠ બેઠકોની પેટાચૂંટણી યોજવામાં આવશે જેમાં પ્રચારની રેલીઓ અને સભાઓ પણ યોજાશે. સરકારના આવા નિર્ણય સામે લોકોમાં રોષ જોવા મળ્યો છે.

# સ્થાનિક સ્વરાજની ચૂંટણી ત્રણ મહિના માટે મોકૂફ, ચૂંટણી આયોગની જાહેરાત

ગાંધીનગર : ગુજરાતમાં કોરોના મહામારીનું સંક્રમણ દિવસે ને દિવસે વધી રહ્યું છે કોરોનાનાં ગ્રાફમાં દરરોજ ૧૨૦૦થી વધુ પોઝિટિવ કેસ નોંધાઈ રહ્યા છે. બીજી તરફ રાજ્યમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ પણ આવી રહી છે જેને લઈ ચર્ચાનો દોર શરૂ થયો હતો. સ્થાનિક સ્વરાજની ચુંટણી થવી જોઈએ કે નહી તેને લઈ સ્થાનિક લોકોથી લઈ કર્મચારીઓ ચર્ચા કરી રહ્યા હતા. જેનો આજે અંત આવી ગયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૩ મહિના માટે મોકૂફ રાખવામાં આવી છે. કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે ત્યારે સમગ્ર ગુજરાત અને પ્રજાના હિતમાં ત્રણ મહિના માટે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ મોકૂફ રાખવામાં નિર્ણય લેવામાં આવ્યો છે. ૩ મહિના પછી પરિસ્થિતિની સમીક્ષા બાદ આગામી સમયમાં ક્યારે ચૂંટણીનું આયોજન કરવું તે વિશે નિર્ણય કરાશે. રાજ્ય ચૂંટણી આયોગે આ વિશે જાહેરનામું પણ બહાર પાડી દીધુ છે. આગામી સમયમાં ૬ મહાનગરપાલિકા, ૫૫ ન.પા.ની મુદત પૂર્ણ થાય છે ત્યાં જ ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતની ચૂંટણીનું આયોજન કરવામાં આવ્યું હતું પરંતુ હવે તેને મોકૂફ રાખવામાં આવ્યું છે. ગુજરાત રાજય સંયુક્ત કર્મચારી મોરચના મુખ્ય કન્વીનર દિગ્વિજયસિંહ જાડેજાએ રાજય ચૂંટણી પંચેને સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી મોકૂફ રાખવા રજુઆત કરી હતી.


અઘોર સમ્શાનિક, નૂરહજુરી સિપલી ઈલમના ખાસ જાણકાર
(તાંત્રિક સમ્રાટ - ગોલ્ડ મેડાલિસ્ટ) - ૧૭ વર્ષથી આપની સેવામાં.. વિશ્વાસપાત્ર સ્થળ
શિવશ્રધ્ધા જ્યોતિષ
UK - USA - CANADA - AUS તથા ભારતમાં મશહુર
ખતરનાક ઈચ્છાધારી વશીકરણ, શત્રુનાશ, ધારેલી વ્યક્તિનું મિલન, ગ્રીન કાર્ડમાં સમસ્યા, સૌતનમુક્તિ, દારૂ છોડાવવા સ્પેશ્યાલીસ્ટ
અશક્ય કશું નથી, બધું શક્ય છે.
૧૫૧% કામની લાઈફટાઈમ ગેરંટી
બિઝનેસ પ્રોબ્લેમ, શત્રુથી હેરાનગતિ. ચંદ્રમોહીની વશીકરણ સ્પેશ્યાલીસ્ટ
ઘરે બેઠા કામ
ખવડાવ્યા-પીવડાવ્યા વગર વશીકરણ થઈ શકે છે.
NRI ભાઈઓ બહેનો માટે ફોન પર માર્ગદર્શન
બધી જગ્યાએથી નિરાશ થયેલા ખાસ મળો (વાત ગુપ્ત)
84/A, શ્રીકુંજ રો હાઉસ, ઘાટલોડીયા, અમદાવાદ, India.
M:+91 99246 34078



First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $5
11 LB $50 વધુ દર LB ના $5
23 KG $165, વધુ દર KG ના $10
30 KG $210, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ
બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-3
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631
સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## સક્કારા વિસ્તારમાં થયેલા ખોદકામથી ઈજિપ્તના પ્રાચીન ઈતિહાસમાં નવું પ્રકરણ ઉમેરાયું

# ઈજિપ્તમાં ૫૯ મમી મળવાની ઐતિહાસિક ઘટના

**ઓફબીટ**
**ધવલ શુક્લ**

ઈજિપ્તના પિરામિડોમાંથી બે-પાંચ મમી (શબપેટી) મળી આવે તેની નવાઈ નથી, પણ એક સાથે ૫૯ મમી મળ્યા એ ચોક્કસ જ આશ્ચર્ય પમાડે તેવી વાત છે. આમ તો ઈજિપ્તના પિરામિડોમાં ઘણા એવા ખાંચા-ખૂંચી-વિભાગો-ચેમ્બરો છે, જે ખોલવાની ઈજિપ્ત સરકાર મંજરી આપતી નથી. સરકારને પણ આ મીમી સાથે સંકળાયેલી કેટલીક બાબતો અંગે રહસ્ય અકબંધ રહે એમાં જ રસ છે. હોલિવૂડની મમી સિરિઝની ફિલ્મોને કારણે ઈજિપ્તમાંથી મળી આવતી શબપેટીઓ વિશે સૌ કોઈ થોડી-ઘણી જાણકારી ધરાવે છે. મમી વિશે જાણકારી ઉપરાંત એ માહિતી પણ જગજાહેર છે કે મમી સાથે હંમેશા કંઈને કંઈ રહસ્ય જોડાયેલું હોય છે. પ્રાચીન ઈજિપ્તના કારીગરો રસાયણના એવા જાણકાર હતા કે, તેઓએ મૃતદેહને સાચવવા જે પદ્ધતિ અપનાવી તેને કારણે અઢી-ત્રણ હજાર વર્ષ પછી પણ તે મીમી ખોલવામાં આવે તો પણ મમી સચવાયેલા મળી આવે છે. જો ત્યારે નોબેલ પ્રાઈઝની પ્રથા હોત તો ઈજિપ્તના એ રસાયણવિદોને જ અડધો ડઝન નોબેલ આપવા પડત.

મમીની વાત ગત અઠવાડિયે ફરીથી ચર્ચામાં આવી હતી. ઈજિપ્તના પાટનગર કૈરોની ભાગોળે ગિઝા અને ખુફુ સહિતના અનેક કદાવર પિરામિડો ઉભા છે. એ પિરામિડો તો દેખાય છે, પરંતુ ન દેખાતા હોય એવા કેટલાય રહસ્યો ઈતિપ્તની ધરતીમાં ધરબાયેલા છે. એ શોધખોળ હેતુથી જ પુરાતત્ત્વશાસ્ત્રીઓ કૈરોના દક્ષિણ આવેલા સક્કારા નામના એક પુરાતન નગરના અવશેષોની તપાસ શરૂ કરી હતી. આ દરમિયાન તેમને એક કુવો મળ્યો હતો. આખો કુવો ખોદી કાઢ્યો ત્યાં વળી તેના તળિયે ચેમ્બરો હતી. એટલે કે, કુવો કોઈ પ્રકારનું પ્રવેશદ્વાર હતું. સંશોધકો અંદર પહોંચ્યા ત્યાં તેમને ચીત-પરિચીત આકૃત્તિઓ નજરે પડી. એ મમીની હતી. મમી એટલે એવી શબપેટી જેમાં મૃતદેહને સાચવીને પેક કરીને રખાયો હોય. અત્યારે તો આપણી પાસે આધુનિક ટેકનોલોજીના કારણે મૃતદેહને કેટલાક દિવસો સુધી સાચવવાની સગવડ છે. પ્રાચીન ઈતિપ્તમાં તો લાશ સાચવવી અનિવાર્ય હતી. કેમ કે, તેમની માન્યતા પ્રમાણે ફેરોહ (રાજા) મૃત્યુ પામે પછી પરલોકમાં પહોંચે. પરલોકમાં તેમને અહીં મિસર (ઈજિપ્તનું પ્રાચીન નામ)માં મળતી એવી જ સુવિધા જોઈએ. એટલે ફેરોહના મૃતદેહને તો સાચવીને પેક કરી લેવાતો. આ સાથે તેમના સેવક-સેવિકાઓને પણ અકાળે મૃત્યુ પામીને પરધામ સીધાવવું પડતું.

સંશોધકો એકાદ સદીથી ઈજિપ્તના પિરામિડો, ત્યાં રહેલા મમી, સ્ફિંક્સ જેવા અન્ય બાંધકામો તથા અવશેષો તપાસ્યા છે. એ દરમિયાન તેઓ મમી અને તેને સાચવવા બનેલા ભવ્ય મકબરા અર્થાત પિરામિડો અંગે થોડી જાણકારી મળી છે. ઘણી જાણકારી હજુ સુધી પ્રકાશમાં આવી નથી. તેથી સતત ઈજિપ્તના પ્રાચીન નગરોનું ઉત્ખન્ન થતું રહે છે. સક્કારાના ઉત્ખન્ન દરમિયાન પ્રથમ તો ૧૩ મમી મળી આવ્યા હોય તેવું દેખાયું હતુ. જો કે, હકીકતમાં સંશોધકો મમીને બહાર કાઢતા ગયા તો છેવટે આંકડો ૫૯ સુધી પહોંચ્યો હતો. ઈજિપ્તના ઈતિહાસમાં મોટી સંખ્યામાં મમી મળી આવવાનો આ એક વિરલ પ્રસંગ છે.

એ પછી ઈજિપ્તના પુરાતત્ત્વ-સંસ્કૃતિ મંત્રીએ કહ્યુ કે, ૫૯ મમી મળી આવ્યા છે, તેનો અર્થ એવો નથી કે ૫૯ જ છે. વધારે પણ હોઈ શકે. એટલે તેની તપાસ ચાલે છે. ઈજિપ્તના અર્થતંત્રનો મોટો આધાર પિરામિડો જોવા આવતા પ્રવાસીઓ ઉપર છે. એટલે ત્યાં પ્રવાસન ઉપરાંત ખાસ પુરાતત્ત્વિય મંત્રાલય પણ છે. જ્યાંથી મમી મળી આવ્યા એ સક્કારામાં કુલ ૧૧ પિરામિડ છે. પિરામિડ છે એટલે સ્વાભાવિક રીતે અનેક કબરો છે. એ બધાની છાનબિન તો હજુ બાકી છે. એ તપાસ આગળ વધશે એમ નવા રહસ્યો બહાર આવશે અને સાથે કેટલાક પ્રાચીન રહસ્યો ઘેરા પણ બનશે. આ ૫૯ મમી ૨૫૦૦થી ૨૬૦૦ વર્ષ જુના છે. સક્કારા મિસરના યુગમાં પાટનગર રહેલા મેમ્ફિસનો ભાગ હતું. મેમ્ફિસ નગરમાં જ આજનો કદાવર ગિઝા પિરામિડનો પણ સમાવેશ થતો હતો. તેના અવશેષો મળ્યા અને પછી મેમ્ફિસનું મહત્ત્વ પારખી યુનેસ્કોએ તેને ૧૯૭૯માં વર્લ્ડ હેરિટેજ સાઈટ જાહેર કરી દીધી હતી.

હવે ઈજિપ્ત પાસે પિરામિડોમાંથી મળી આવતા અવશેષો એટલા બધા થવા લાગ્યા છે કે, સમાવવા માટે સંગ્રહાલય ખૂટી રહ્યા છે. ઈજિપ્ત સરકાર એટલે ગિઝા પાસે જ ગ્રાન્ડ ઈજિપ્શિયન મ્યુઝિયમ તૈયાર કરે છે. આમ તો આ મ્યુઝિયમ આ વર્ષે જ તૈયાર થવાનું હતું. પણ કોરોનાએ કામ અટકાવી દીધું. એટલે હવે ૨૦૨૧માં ખુલ્લુ મુકાશે અને આ મમી ત્યાં પ્રદર્શિત કરાશે. મળી આવેલા મમી લાકડાના કોફિનમાં પેક થયેલા છે અને તેના પર અઢી હજાર વર્ષ પહેલા કરાયેલો રંગ હજુય ઝાંખો પડયો નથી. મમી ઉપરાંત ૨૮ તાંબા-પિતળનાં વિવિધ દેવી-દેવતાઓના પુતળાં પણ મળી આવ્યા છે. ચાલીસેક ફીટ ઊંડાઈએથી મમી મળ્યા છે અને જ્યાંથી મળ્યા એ પિરામિડ વિસ્તાર તો ૪૭૦૦ વર્ષ પુરાણો છે.

આ બધા મમીને જાહેરમાં ગોઠવી દુનિયાભરના પત્રકારો અને નિષ્ણાતો સામે ઈજિપ્તની સરકારે ખોલ્યાં હતાં. અઢી હજાર વર્ષ પહેલા પેક થયેલા મમી ખુલ્યાં ત્યારે જોઈને જાણે બે-પાંચ દિવસ પહેલા જ પેકિંગ થયું એવા લાગતા હતા. મોટાભાગના મમી પુજારીઓના હોવાનું જણાયું છે. જાહેરમાં મમી ખોલવા પાછળ બીજું એક કારણ પણ હતું. સદી પહેલા ૧૯૨૨માં કિંગ તુતાનખામેનનું મમી મળી આવ્યું. એ બાળ-રાજા હતો. તેના મોતથી માંડીને શાસન સહિતના અનેક રહસ્યો હતા અને આજેય છે. પણ ત્યારે એવી માન્યતા વેગવંતી બની કે જે કોઈએ બાળા-રાજાના શબને ખલેલ પહોંચાડી એટલે કે મમી બહાર કાઢ્યું એ સૌ શાપનો ભોગ બન્યા છે. હકીકત પણ એવી હતી કે, મમી ઉત્ખન્ન સાથે સંકળાયેલા અનેક સંશોધકો-પુરાતત્ત્વશાસ્ત્રીઓ-કર્મચારીઓ મૃત્યુ પામ્યા હતા. મૃત્યુનું કારણ હજારો વર્ષથી બંધિયાર રહેલા પિરામિડમાં જામેલા ઘાતક બેક્ટેરિયા હતા. પરંતુ એ માન્યતા આજેય સાવ નાબુદ થઈ નથી. તેને માનનારો મોટો વર્ગ છે.



ઈજિપ્તની સરકાર એવુ માને છે કે, કેટલાક રહસ્યોને રહસ્ય જ રહેવા દેવા જોઈએ. એટલે પિરામિડના મોટા પથ્થર પાછળ રહેલી કેટલીક ચેમ્બરો ખોલવાની મંજૂરી અપાતી નથી

સક્કારાના ઉત્ખન્ને ઈતિપ્તના પ્રાચીન ઈતિહાસમાં નવું પ્રકરણ ઉમેર્યુ છે. કેમ કે, અગાઉ અહીંથી સાપ, પક્ષી વગેરે સજીવોના પણ મમી મળ્યા હતા. પ્રથમવાર જ્યારે પ્રાણીઓના મમી મળ્યા ત્યારે પુરાત્ત્વવિજ્ઞાનીઓ પણ અચંબિત રહ્યા હતા. હવે આ મમીઓ અંગે કેટલીક વિગતો જાણી શકાઈ છે. જેમ કે આવા સજીવોને પણ તેમના માલિકો સાથે સ્વર્ગમાં મોકલવામાં આવતા હતા. કેટલાક સજીવોની વળી દેવી-દેવતા તરીકે પૂજા થતી હતી. રસપ્રદ રીતે સજીવોના મમી મળવાનો ઈતિહાસ તો મનુષ્યોના મમી કરતાં પણ જૂનો છે. છેક, ૧૮૮૮માં ઈજિપ્તનો એક ખેડૂત હળ ચલાવતો હતો ત્યારે ખેતરની નીચેથી આખુ બિલાડીઓનું કબ્રસ્તાન મળી આવ્યું હતું. આપણી સારવાર માટે ઘણી વખત સીટી સ્કેન કરી શરીરની અદંર ડોકિયું કરવામાં આવે છે. એમ ઈજિપ્તમાંથી મળી આવતા મમીનું પણ સીટી સ્કેન કરવામાં આવે છે. તેના આધારે ઘણા રહસ્યો ખુલ્લાં થાય છે.

ઈજિપ્તની સરકાર એવુ માને છે કે, કેટલાક રહસ્યોને રહસ્ય જ રહેવા દેવા જોઈએ. એટલે પિરામિડના કદાવર પથ્થર પાછળ રહેલી અમુક ચેમ્બરો ખોલવાની સરકાર છૂટ નથી આપતી. પિરામિડો મૂળભૂત રીતે રાજ-પરિવારની કબરો છે. રાજ-પરિવારને શોભે એવા દર-દાગીના તેમાં મુકવામાં આવતા હતા. ઉત્ખન્ન દરમિયાન એ સંપતિ હાથ લાગે ત્યારે સરકાર તેને કબજે લઈને જાળવણી-પ્રદર્શિત કરે છે. પરંતુ એ ઉપરાંત એવા અનેક ખજાનાઓ પિરામિડમાં છૂપાયેલા છે, જે ખરેખર આખા રાજ્યની તિજોરી છલકાવી દેતા હતા. ઈજિપ્તની સરકાર આવા ભેદી ખજાના ધરાવતા બાંધકામો જોકે ખોલવા દેતી નથી.



## સુપર સ્ટાર રજનીકાંતથી અદાલત નારાજ

સુપર સ્ટાર રજનીકાંતને વેરા માફી માટે કોર્ટમાં જવુ ભારે પડી ગયુ છે.રજનીકાંત પર કોર્ટે ગુસ્સે થઈને દંડ ફટકારવાની ચીમકી આપી દીધી છે. મળતી વિગતો પ્રમાણે રજનીકાંત ચેન્નાઈમાં એક પાર્ટી પ્લોટ ધરાવે છે.જેના પર ચેન્નાઇ કોર્પોરેશને ૬.૫૦ લાખ રુપિયાનો ટેક્સ માંગ્યો છે.તેની સામે રજનીકાંતે મદ્રાસ હાઈકોર્ટમાં પિટિશન કરી હતી.જોકે કોર્ટે રજનીકાંતને ચેતવણી આપતા કહ્યુ હતુ કે, ટેક્સ સામે કોર્ટમાં આવવા બદલ તેમને દંડ કરવામાં આવી શકે છે. હાઈકોર્ટના આકરા વલણ બાદ રજનીકાંતના વકીલે કેસ પાછો ખેંચવા માટે થોડો સમય માંગ્યો છે.


# સ્વદેશ




## ભારત માટે પહેલો ઓસ્કર જીતનારી મશહૂર કોસ્ચ્યૂમ ડિઝાઈનર ભાનુ અથૈયાનું નિધન



ભારતીય કોસ્ટ્યૂમ ડિઝાઈનર ભાનૂ અથૈયાનું ગુરુવારે નિધન થયું છે. ભાનૂ અથૈયાએ ભારત માટે પહેલો અકાદમી અને ઓસ્કર એવોર્ડ જીત્યો હતો. ૯૧ વર્ષની વયે ભાનૂ અથૈયાએ મુંબઈ સ્થિત પોતાના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધાં. તેમના નિધની જાણકારી તેમની પુત્રીએ આપી છે. ભાનુ છેલ્લા ઘણાં સમયથી બિમાર હતા. ભાનૂએ ઘણી ફિલ્મોમાં કોસ્ટ્યૂમ ડિઝાનિંગ કરી પોતાનું એક મુકામ બનાવ્યું હતું. તેમણે વર્ષ ૧૯૫૬માં ફિલ્મ CIDથી પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી. જ્યારે ભાનૂની અસલી ઓળખ ફિલ્મ ગાંધીથી મળી. વર્ષ ૧૯૮૩માં ભાનૂ અથૈયાને નિર્દેશક રિચર્ડ એટનબરોની 'ગાંધી' માટે ઓસ્કરમાં બેસ્ટ કોસ્ટ્યૂમ ડિઝાઈન ઓવોર્ડ મળ્યો હતો.

# સુશાંત કેસ: ષડયંત્રના પુરાવા ન મળ્યા

### સીબીઆઈ તપાસ પૂર્ણ : ક્લોઝર રિપોર્ટ દાખલ કરીને પરિસ્થિતિજન્ય પૂરાવાના આધારે રિયાને આરોપી ગણવાનો નિર્ણય કોર્ટ પર છોડી શકે છે



મુંબઈ : બોલિવૂડ અભિનેતા સુશાંતસિંહ રાજપૂત આત્મહત્યા કેસને ચાર મહિના કરતા વધારે સમય થઈ ચૂક્યો છે. કેસની તપાસ દેશની ચાર મોટી એજન્સીઓ કરી રહી છે. પરંતુ હજુ સુધી કોઈપણ એજન્સી દ્વારા સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી. સુશાંત સિંહ રાજપૂત મામલાની તપાસ સીબીઆઈએ પૂરી કરી લીધી છે. સીબીઆઈને અત્યાર સુધી સુશાંતના મોતના મામલામાં કોઈ પ્રકારનું ષડયંત્ર કે ફાઉલ પ્લે મળ્યું નથી. સૂત્રો પ્રમાણે સીબીઆઈની તપાસ હવે પૂરી થઈ ચુકી છે અને તે પોતાનો રિપોર્ટ જલદી પટનાની સીબીઆઈ કોર્ટમાં રજૂ કરશે. જાણકારી પ્રમાણે સીબીઆઈએ ૮ ઓક્ટોબરે સુશાંતના જીજાજી અને ફરીદાબાદના કમિશનર ઓપી સિંહ અને સુશાંતની બહેન નીતૂની બપોર બાદ પૂછપરછ કરી હતી. આ પૂછપરછ બાદ સીબીઆઈની તપાસ હવે પૂરી થઈ ચુકી છે.ર સૂત્રોનું તે પણ કહેવું છે કે સીબીઆઈ ચાર્જશીટના રૂપમાં ક્લોઝર રિપોર્ટ દાખલ કરી શકે છે. પોતાની તપાસમાં મળેલા તમામ પરિસ્થિતિજન્ય પૂરાવાના આધાર પર રિયાને આરોપી બનાવવાનો નિર્ણય કોર્ટ પર છોડી શકે છે. તો રાજ્યસભા સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ દાવો કર્યો કે, સુશાંત સિંહ રાજપૂતના મોતના મામલામાં થઈ રહેલી તપાસ સંબંધિત એમ્સના રિપોર્ટ વિશે સ્વાસ્થ્ય મંત્રાલયને જાણકારી આપવામાં આવી નથી. સ્વામીએ સવાલ ઉઠાવ્યા છે કે શું એમ્સની ટિમે સુશાંતના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કર્યું હતું કે પછી માત્ર કૂપર હોસ્પિટલના ડોક્ટરોના પોસ્ટમોર્ટમ રિપોર્ટથી પોતાનો મત બનાવ્યો?

## જેનેલિયાએ કોરોનામાંથી સાજી થયા પછી શૂટિંગ શરૂ કર્યુ



મુંબઈ: જેનેલિયા ડિસોઝા કોરોનાની હરાવીને ફરી શૂટિંગ પર આવી ગઇ છે. તેણે સોશિયલ મીડિયા પર પોતે કામ શરૂ કર્યાનું જણાવ્યું છે તેમજ સાથે વીડિયો પણ પોસ્ટ કર્યો છે. જેમાં તે મેકઅપ રૂમમાં મસ્તી કરતી જોવા મળે છે. જેનેલિયા આ વીડિયોમાં પોતાના મેકઅપ આર્ટિસ્ટ સાથે જોવા મળે છ.અભિનેત્રીએ પોતાની સુરક્ષા ખાતર પ્રોટેક્ટિવ કિટ અને ફેસ શીલ્ડ પહેર્યા છે. જેનેલિયા વેનિટી મિરર સામે જોવા મળે છે. સાથે તેનો પેટ ડોગ પણ દેખાઇ રહ્યો છે. શૂટિંગ પર પાછા ફરવાથી તે ખુશખુશાલ છે. તેણે વીડિયો પર શૂટલાઇફની સાથે હાર્ટ ઇમોજી બનાવ્યું છે. રિપોર્ટસનાઅનુસાર જેનેલિયા ડિસોઝા પતિ રિતેશ દેશમુખ એક પ્રોજેક્ટમાં સાથે જોવા મળવાના છે. જોકે હજી સત્તાવાર રીતે આની ઘોષણા કરવામાં આવી નથી.

## ફરાઝ ખાનની સ્થિતિ ગંભીર: હોસ્પિટલનાં બીલ સલમાન ખાને ચૂકવી દીધાં



મુંબઇ: બોલિવૂડના ભૂતપૂર્વ અભિનેતા ફરાઝ ખાનની તબિયત હાલ ગંભીર છે અને એ હૉસ્પિટલમાં આઇસીયુમાં સારવાર હેઠળ છે એવા સમાચાર મળતાં ટોચના અભિનેતા સલમાન ખાને ફરાઝ ખાનનાં તમામ હૉસ્પિટલ બીલ્સ ચૂકતે કરી દીધા હતા. સલમાન ખાનની આ ઉદારતાને બિરદાવતાં અભિનેત્રી કાશ્મીરા શાહે ટ્વીટર પર સલમાનના વખાણ કર્યા હતા અને લખ્યું હતું કે કોઇને મારી આ પોસ્ટ ન ગમે તો એ જાણે. તમે મને અનફોલો કરી શકો છો. હું બોલિવૂડમાં અત્યાર સુધીમાં જેટલા લોકોને મળી છું એ સૌમાં મને લાગે છે કે સલમાન ખાન એકમાત્ર સાચો ઇન્સાન છે જે બીજાને મદદ કરવા સતત તત્પર રહે છે. અભિનેતા ફરાઝ ખાન અત્યારે ક્રિટિકલ છે એવું ડૉક્ટરો કહે છે.










MEGH FRESH & HEALTHY
Imported and Distributed by Megh Foods Canada Brampton ON L6V 4R3
Contact: 289 946 1976 / 289 946 1936 | meghfoodscanada@gmail.com

# વડોદરા જેલમાં કેદીઓ વચ્ચે મારામારીમાં નામચીન અજ્જુ કાણીયાની ગળું કાપી હત્યા

વડોદરા : વડોદરાની સેન્ટ્રલ જેલમાં કેદીઓ વચ્ચે થયેલા ઝઘડામાં કુખ્યાત અજ્જુ કાણીયાની હત્યા થયાનું જાણવા મળે છે.

અજ્જુ કાણીયાની તાજેતરમાં જ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી હતી. ત્યાર બાદ અજ્જુના રીમાન્ડ મેળવી ક્રાઈમ બ્રાન્ચે પુછપરછ કર્યા બાદ અજ્જુને જેલ હવાલે કરાયો હતો. અન્ય કેદીઓ સાથે રહેતા અજ્જુને જેલમાં ઉગ્ર બોલાચાલી થયા બાદ તેની પર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં તેનું સારવાર દરમિયાન સયાજી હોસ્પિટલમાં મોત નિપજ્યું હતું. અજ્જુની હત્યાને પગલે



શહેરની અંધારી આલમ તેમજ જેલમાં ચકચાર મચી જવા પામી હતી.

અજ્જુ કાણીયાની શહેર વાડી પોલીસે અટકાયત કરી હતી. અટકાયતની કાર્યવાહી દરમિયાન પોલીસને ચકમો આપીને અજ્જુ કાણીયો ફરાર થયો હતો. ફરાર અજ્જુ કાણીયાને શહેર ક્રાઈમ બ્રાન્ચ પકડી લાવી હતી. અને તેને વડોદરાની સેન્ટ્રલ જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યો હતો. જેલમાં અજ્જુ કાણીયાની માથાભારે સાહિલ મહેશ પરમાર સાથે કોઈ કારણોસર અણબનાવ બન્યો હતો. બિપીન પરમાર હત્યાના આરોપમાં સજા ભોગવી રહ્યો છે. બીપીન અને અજ્જુ વચ્ચે થયેલી માથાકુટમાં સાહિલ મહેશ પરમારે છતનું પતરૂ ઉખાડીને અજ્જુ કાણીયાના ગળાના ભાગે ફેરવી દીધું હતું. જેને પગલે અજ્જુ કાણીયો ગંભીર રીતે ઘવાતા તેનું મોત થયું હતું.

# ચારિત્ર્ય પર શંકા રાખી જેઠે ભાભીની હત્યા કરી લાશ નદીમાં ફેંકી દીધી

વડોદરા : ફાજલપુર ખાતે મહીસાગરમાંથી ગઈ તા.૪થીએ સાંજે એક યુવતીની વિકૃત થઈ ગયેલી લાશ મળી આવતાં નંદેસરી પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો.મરનાર યુવતી પાસે એક સિમકાર્ડ વગરનો મોબાઈલ પણ મળ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી જયદિપસિંહ જાડેજાએ કહ્યું હતું કે,મોબાઈલ પરથી તપાસ કરતાં મરનાર યુવતી યુપીના આંબેડકરનગર જિલ્લામાં જમનીપુર ગામે રહેતી મુસ્કાન ઉર્ફે ગુડીયા ઈમ્તિયાજ ખાન હોવાનું બહાર આવ્યું હતું. ગુડીયાને શોએબ નામના યુવક સાથે પ્રેમ હતો અને તેઓ બંને મુંબઈ રહેવા ગયા હતા.ગુડીયાના જેઠ એટલે કે શોએબના ભાઈ મુજસ્સમ ઉર્ફે સેબુ અનવરઉલ હસનખાન (રહે.યુપી)ને આ પ્રેમ સબંધ સામે વાંધો હતો.ગુડીયાના ચારિત્ર્ય પર શંકા કરતા સેબુએ ટ્રક ખાલી કરવા માટે ગુજરાતના ચાંગોદર ખાતે જવાનું હોવાથી તેણે ગુડીયાને ગુજરાતમાં ફરવાના બહાને ટ્રકમાં સાથે લીધી હતી. વડોદરા અમદાવાદ હાઈવે પરથી પસાર થતી વખતે ટ્રક ડ્રાઈવર સેબુએ ક્લિનર સંદીપની મદદથી ગુડીયાનું ગળુ દબાવી હત્યા કરી હતી.મહીસાગર બ્રિજ આવતાં ગુડીયાના હાથપગ બાંધી ધાબળો લપેટીને બંને હત્યારાઓએ ગુડીયાની લાશ નદીમાં ફેંકી દીધી હતી.પોલીસે હત્યારા ડ્રાઈવર-ક્લિનરને ઝડપી પાડયા છે.

# ઊંઝાના સેસ કૌભાંડમાં રજિસ્ટ્રારે 27 દિવસ સુધી નિવેદનો નોંધ્યા

પાટણ : ઊંઝા એપીએમસીમાં ૧૫ કરોડના કૌભાંડનો મામલો ૨૮ દિવસથી ચકરાવે ચડયો છે. જેમાં કૌભાંડનો આક્ષેપ સેસ વિભાગના ક્લાર્ક સૌમિલે કર્યો અને સમગ્ર કૌભાંડ ચેરમેન દિનેશ પટેલ, સેક્રેટરી વિષ્ણુ પટેલ અને ધારાસભ્ય આશા પટેલ દ્વારા આચરવામાં આવ્યું હોવાનો ઘટસ્ફોટ કરતાં આ મામલે તપાસ મહેસાણા જિલ્લા રજિસ્ટ્રાર હિતેષ પટેલને સોંપાઈ હતી અને તેઓ દ્વારા ૨૭ દિવસની પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી હતી જે હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. રજિસ્ટ્રાર હિતેષ પટેલના જણાવ્યા અનુસાર તપાસમાં પાંચ લોકોના નિવેદન લેવામાં આવ્યા છે અને સૌમિલ પટેલ દ્વારા આપવામાં આવેલા વીડિયો ફૂટેજ, ફોટો ગ્રાફસ અને દસ્તાવેજી પુરાવાઓને ચકાસીને અંતમાં ૨૦ પાનાનો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે જે ગાંધીનગર નિયામક વાય.એ.બલોચને સોંપવામાં આવી શકે છે. જો કે રજિસ્ટ્રાર દ્વારા ૨૮ દિવસની પ્રાથમિક તપાસના અંતે રિપોર્ટ તૈયાર કરી સૌમિલ પટેલ દ્વારા રજૂ કરાયેલ પુરાવાઓ તમામ આવરી લઈને રિપોર્ટ તૈયાર કરી નિયામકને મોકલાતાં હવે નિયામક આ કૌભાંડ મામલે શું કાર્યવાહી કરશે તેના ઉપર લોકોની મીટ મંડાઈ છે.

# હિંમતનગર તા. પંચાયતમાં ભાજપ લઘુમતિમાં

**• બે સભ્યો પરત આવી જતા કોંગ્રેસનું સંખ્યાબળ વધીને ૧૪ સભ્યોનું થઈ ગયું**

હિંમતનગર : હિંમતનગર તાલુકા પંચાયતમાં સત્તા કબ્જે કરવા માટે ઘણા સમયથી ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સભ્યોની ખેંચતાણ ચાલી રહી છે ત્યારે થોડા સમય અગાઉ ભાજપે કોંગ્રેસના સભ્યોને પક્ષપલ્ટો કરાવીને સત્તા આંચકી લીધી હતી. ત્યારબાદ કોંગ્રેસમાંથી આવેલા એક સભ્યને તાલુકા પંચાયતના ઉપપ્રમુખ બનાવી દીધા હતા જે અંગેનો મામલો ગુજરાત રાજ્યના નમોદિષ્ટ અધિકારી સમક્ષ પહોચતા તાજેતરમાં તે અંગે ચુકાદો આવ્યો હતો. જેથી તાલુકા પંચાયતમાં કોંગ્રેસમાંથી ભાજપમાં ગયેલા બે સભ્યો પરત કોંગ્રેસમાં આવી જતા ભાજપ લઘુમતીમાં મુકાઈ ગયુ છે. દરમિયાન ગુરૂવારે કોંગ્રેસે ઉપપ્રમુખની ચેમ્બરના દરવાજા ખોલીને કબ્જો જમાવી દીધો હતો. હિંમતનગર તાલુકા પંચાયતમાં થોડા સમય અગાઉ ચૂંટાયેલા સદસ્યોની પ્રથમ ટર્મ પુર્ણ થયાબાદ કોંગ્રેસના ૩ અને એક અપક્ષે સત્તાની લાલચ રાખીને ભાજપનો ખેસ પહેરી લીધો હતો. ત્યારબાદ બીજી ટર્મમાં આ ભાજપમાં આવેલા મહિલા સભ્યને પ્રમુખ બનાવી દેવામાં આવ્યા હતા જેથી કોંગ્રેસ ઉંઘતી ઝડપાઈ હતી. ત્યારબાદ કોંગ્રેસના સદસ્ય હરેશકુમાર પ્રજાપતીએ પક્ષાંતરધારા આ સભ્યોને ગેરલાયક ઠેરવવા માટે ગુજરાત રાજ્યના નામોદિષ્ટ અધિકારીની કચેરીમાં દાદ માંગી હતી. જેમાં મમતાબેન સરતાનજી મકવાણા, નયનાબેન ગીરીશકુમાર પટેલ અને ધુળસિંહ મુળસિંહ રહેવરને ગેરલાયક ઠેરવવા માંગ કરી હતી.

આ અંગે રાજકીય કાવાદાવાને ધ્યાનમાં રાખીને હરેશકુમાર પ્રજાપતીએ આ દાદ પરત ખેંચવા માટે મન મનાવી લીધુ હતું. જોકે સત્તાની આ સાઠમારી વચ્ચે મમતાબેન મકવાણા અને ધુળસિહ રહેવરને પાછા કોંગ્રેસમાં સમાવી લેવાની પેરવી કરી હતી. આગામી સમયમાં યોજાનાર તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસને ફાયદો થાય તે આશયથી ગુરૂવારે હિંમતનગર તાલુકા પંચાયત કચેરીમાં જઈને ઉપપ્રમુખની ચેમ્બરનો દરવાજો ખોલી હરેશભાઈ પ્રજાપતીએ ખુરશીમાં ધુળસિંહને બેસાડી દીધા હતા.

# વડોદરામાં એજ્યુ.ના સંચાલકે મહિલા કર્મચારી પર ૭ વખત કર્યો બળાત્કાર

વડોદરા : રાજ્યમાં બળાત્કારની ઘટનાઓ દિવસે ને દિવસે વધી રહી છે ત્યારે એવું લાગી રહ્યું છે કે, હવસના ભૂખ્યા નરાધમોને જાણે કાયદાનો કોઈ ડર જ નથી રહ્યો તેમ અવારનવાર આવા કિસ્સાઓ સામે આવી રહ્યા છે. વડોદરામાં મહિલા કર્મચારી સાથે દુષ્કર્મની ઘટના શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. શહેરના જેતલપુર રોડ પર આવેલ ઓરિએન્ટ એજ્યુકેશનના સંચાલક વિજય અગ્રવાલ દ્વારા મહિલા કર્મચારી પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ સંચાલકે કોન્ફરન્સના બહાને મહિલા કર્મચારીને ગોવા લઈ ગયો હતો. અને તેના પર બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલે મહિલા કર્મચારીએ સંચાલક વિરૂદ્ધ દુષ્કર્મની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સંચાલકની ધરપકડ કરી લીધી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, વડોદરા શહેરના ઓરિએન્ટ એજ્યુકેશનના સંચાલક દ્વારા મહિલા કર્મચારીને થોડા સમય પહેલા ૮ લાખ રૂપિયાની મદદ કરવામાં આવી હતી. જેમાં ૩ લાખ રૂપિયાની ચૂકવણી મહિલા કર્મચારી દ્વારા કરી દેવામાં આવી હતી જ્યારે બાકીના રૂ.૫ લાખ આપવાના બાકી હતી. પરંતુ સંચાલકના દિમાગમાં હવસનો કિડો સળવળતા મહિલા પાસે રૂપિયા વસૂલવા માટે શારીરિક સંબંધ બાંધવા દબાણ કરતો હતો. હાલમાં વડોદરામાં એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટનાનાં સંચાલક વિજય અગ્રવાલનો 'ગોવાકાંડ' નામે ચર્ચાઓનું બજાર ગરમ થઈ ગયું છે. ઈન્સ્ટિટ્યુટની મહિલા કર્મચારીનું શારીરિક ગોવામાં ૩ દિવસમાં ૭ દુષ્કર્મ ગુજાર્યુ હોવાનું પોલીસ જણાવી રહી છે.


શ્રધ્ધાંજલી



સ્વ. કનુભાઈ પરસોત્તમભાઈ પટેલ બહાદરપુર (હાલ કેનેડા)
સ્વર્ગવાસ તા. ૯-૧૦-૨૦૨૦ શુક્રવાર, આસો વદ સાતમ્

શાંત, ખુબ જ મહેનતુ, પ્રેરણાદાયી અને સહનશીલ સ્વભાવ સાથે જીવન જીવ્યા કે સૌ જોયા કરે. વિદાય એવી અણધારી લીધી કે મન માનતુ નથી...
પ્રભુ તેમના દિવ્ય આત્માને સદાય શાંતિ આપે તેવી ભગવાન શ્રી યોગેશ્વરને પ્રાર્થના.

લિ.

• ગં.સ્વ. ઉર્મિલાબેન કનુભાઈ પટેલ
• દિક્ષિતભાઈ કનુભાઈ પટેલ 416-831-0362
• વિરેનકુમાર હસમુખભાઈ પટેલ 647-561-4694
• કૃતિકાબેન દિક્ષિતભાઈ પટેલ
• મુકેશભાઈ નટવરભાઈ પટેલ
• યાજ્ઞીક દિક્ષિતભાઈ પટેલ
• સોનલબેન મુકેશભાઈ પટેલ
• ચક્ષુલાબેન વિરેનકુમાર પટેલ
• રમેશભાઈ પરસોત્તમભાઈ પટેલ
• ચિરાગભાઈ રમેશભાઈ પટેલ



LIFE INSURANCE

MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE

★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla

416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE

MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS


MEGH
FRESH & HEALTHY
MEGH GIVES YOU A VERY CAREFULLY CRAFTED DELICACY THAT PROVIDES YOU AN INTRICATELY TASTE OF INDIA
SABUDANA
THIN POHA
CORN MAMRA
GJ 17 RICE
MIX FRYUMS
RAW PANIPURI
BAJRI FLOUR
ROASTED CHANA
DISCO PAPAD
Kesar Mango Pulp
DESI JAGGERY
JAGGERY
AAM PAPAD
MAMRA, POHA, CHANA, DALIYA, TRADITIONAL RICE, RICE PAPAD, URAD PAPAD
MANGO PULP, JAGGERY, ALL FLOUR, FRYUMS, FARALI AND MANY MORE...
DISTRIBUTED BY: MEGH FOODS CANADA BRAMPTON ON L6V 4R3,
289 946 1976 / 289 946 1936 | EMAIL MEGHFOODSCANADA@GMAIL.COM

# ડોનાલ્ડ ટ્રમ્પની ગુજરાત મુલાકાત પાછળ રૂપિયા ૩૦ કરોડનો ધૂમાડો

## • ૯૬ લાખના ખર્ચે મોટેરા સ્ટેડિયમની સાફસફાઈ: પાણી માટે ૨૬ લાખનો ખર્ચ

અમદાવાદ : અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની અમદાવાદની એક દિવસીય મુલાકાત પાછળ મ્યુનિ. કોર્પોરેશનને રૂા.૩૦ કરોડ જેટલી માતબર રકમનું આંધણ કર્યુ છે. આ આખાય કાર્યક્રમના ખર્ચને લઈને વિવાદ ઉઠયો હતો કે,ખરેખર રાજ્ય સરકાર ખર્ચ કરી રહી છે કે,પછી અમદાવાદ મ્યુનિસિપલ




કોર્પોરેશન. જોકે, હવે આરટીઆઈ મારફતે એવી વિગતો બહાર આવી છેકે, ટ્રમ્પની વિઝીટ પાછળ મ્યુનિ.કોર્પોરેશને અંદાજે રૂા.૩૦ કરોડનો ધુમાડો કર્યો હતો. મ્યુનિ,. સત્તાધીશોએ મોટેરા સ્ટેડિયમની સાફસફાઈ પાછળ રૂા.૯૬, ૫૩, ૮૮૮નો ખર્ચ કર્યો હતો. સ્ટેડિયમની એક અઠવાડિયા સુધી સાફસફાઈ કરાઈ હતી તે માટે ૩૦૩૨ સફાઈ કામકારોને કામે લગાડાયા હતાં. અમદાવાદના શહેરીજનોને કેટલાંય વિસ્તારમાં પીવાનુ પાણી મેળવવા ફાંફા પડી રહ્યાં છે ત્યારે નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં મોટેરા સ્ટેડિયમ જનારાં લોકો માટે પાણીના પાઉચ-બોટલો પાછળ ૨૬,૨૫,૧૦૦ ખર્ચ કરાયો હતો.

# સફરજનની આડમાં લઈ જવાતો ૧ કરોડનો ચરસનો જથ્થો કબજે

## • લુધિયાણાથી કારમાં ચરસ લઈને મુંબઈ જતા બેને ઝડપી લેવાયા

અમદાવાદઃ ગુજરાતમાં ડ્રગ્સની હેરાફેરીનું પ્રમાણ વધતા ગુજરાત એટીએસ દ્વારા સતત વોચ રાખવામાં આવી રહી હતી. જેમાં એટીએસને માહિતી મળી હતી કે પંજાબના લુધીયાણાથી બે શખ્સો મહારાષ્ટ્ર પાસીંગની વેગનઆર કારમાં ચરસનો જથ્થો લઈને જવાના છે. જેને આધારે પોલીસે પાલનપુર ટોલનાકા પાસે મલાણા ગામ નજીક મહાકાલ હોટેલ પર વોટ ગોઠવી હતી. જેમાં વેગનઆર કાર આવતા જ પોલીસે તેને અટકાવીને તપાસ હાથ ધરી હતી. તપાસમાં કારમાં સફરજનની પેટીઓમાં સફેદ પ્લાસ્ટીકના થેલામાં માદક પદાર્થ મળી આવ્યો હતો. તપાસ કરતા આ માદક પદાર્થ ચરસ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે ૧ કરોડ ૨ લાખ રૂપિયાની કિંમતનો ૧૬.૭૫૩ કિલોગ્રામ ચરસનો જથ્થો કબજે કરીને બે શખ્સોની અટક કરી હતી. પુછપરછમાં બન્ને શખ્સોએ તેમના નામ ફહીમ અઝીમ બેગ (૩૧) અને સમીર અહેમદ શેખ (૨૭) હોવાનું જણાવ્યું હતું.

# કેનેડામાં નોકરીની લાલચ આપી ખાતામાંથી ૧.૨૦લાખનીઉચાપત

## • સાબરમતીના રહેવાસીના બેન્ક એકાઉન્ટની માહિતી મેળવીને ઠગાઈ કરી

સાબરમતીના રહેવાસીને કેનેડામાં નોકરી અપાવવાની લાલચ આપીને તેમના બેન્ક એકાઉન્ટમાંથી રૃ.૧,૨૦,૦૦૦ ઉપાડી લઈને ઓનલાઈન છેતરપિંડી કરવામાં આવી હતી. આ અંગે સાબરમતી પોલીસે અજાણ્યા શખ્સ વિરૃધ્ધ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

આ બનાવની વિગત મુજબ સાબરમતીમાં શુભ સોનલ સોસાયટીમાં રહેતા સત્યેન્દ્ર એલ.શર્મા(૫૧) ભાડજમાં ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ૨૧ ઓગસ્ટના રોજ તેમણે અખબારમાં કેનેડામાં હોટેલ અનેમોલમાં નોકરી માટે માણસો જોઈએ છે એવી જાહેરાત વાંચીને તેમાં જણાવેલા નંબર પર ફોન કર્યો હતોખ્જેમાં ફોન ઉપાડનારા શખ્સે સત્યેન્દ્રભાઈને તેમના પાસપોર્ટનો ફટો વોટ્સએપ પર મોકલવા જણાવતા તેમણે પાસપોર્ટ અને બાયોડેટા મોકલી આપ્યા હતા. સત્યેન્દ્રભાઈએ સરનામુ પુછતા આ શખ્સે નીરવ પટેલ ગ્લોબલ ઓવરસીઝ લક્ષ્મીપ્લાઝા રાજકોટનું એડ્રેસ આપ્યું હતું.

# ગુજરાત સરકારની ૪ વીજ વિતરણ કંપનીઓનો સતત ઘટતો જતો નફો

ગાંધીનગર- રાજ્યની ચાર વીજ વિતરણ કંપનીઓના ખાનગી કરણની વાતો ઊઠી છે અને આના પ્રત્યાઘાત રૂપે આ ચાર કંપનીઓના કર્મચારી મંડળોએ આનો ઉગ્ર વિરોધ કર્યો છે ત્યારે રાજ્યના ઊર્જા-પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવ સુનયના તોમરે સોય ઝાટકીને આ અખબાર સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે, રાજ્યની સરકારી ચાર વીજ વિતરણ કંપનીઓનું ખાનગીકરણ થવાનું નથી, ક

એમણે વધુમાં એ પણ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, ઉત્તર ગુજરાત વીજ કંપની, દક્ષિણ ગુજરાત વીજ કંપની,



પશ્ચિમ ગુજરાત વીજ કંપની કે મધ્ય ગુજરાત વીજ કંપનીનું ખાનગીકરણ કરવાની કોઈ યોજના નથી, કેમ કે આ ચારે વીજ વિતરણ કંપનીઓનું કામકાજ બીજી સરકારી કંપનીઓ કરતાં ઘણું સારું છે અને તે નફો કરી રહી છે. તેમણે વધુમાં કહ્યું કે આ તો ઓડિશા સહિત કેટલાંક રાજ્યોએ તેમની વીજ વિતરણ કંપનીઓનું ખાનગીકરણ કરવા માટે વીજળી મંત્રાલયનું માર્ગદર્શન માગ્યું એટલે સ્ટાન્ડર્ડ બિડિંગ ડોક્યુમેન્ટ્સ કેવા પ્રકારના હોય તેનો ડ્રાફ્ટ તૈયાર કરી મંત્રાલયે સ્ટેક હોલ્ડર્સનાં સૂચનો મગાવ્યાં છે, બાકી વીજળી એ રાજ્યનો વિષય હોઈ ડિસ્કોમનું ખાનગીકરણ કરવાનો કોઈ નિર્ણય કેન્દ્ર સરકાર લઈ પણ ના શકે. દરમિયાન, ઉપરોક્ત ચારે સરકારી વીજ વિતરણ કંપનીઓએ તેમની છેલ્લી ૨૦૧૮-૧૯ની બેલેન્સશીટ મુજબ કુલ રૂ. ૭૪.૧૬ કરોડનો ચોખ્ખો નફો કર્યો છે.

# LIC એજન્ટનું કૌભાંડ, પત્નીને મારી નાંખી પછી પોતે સ્વર્ગ સિધાવી ગયો

અમદાવાદ : મણિનગરમાં રહેતા અને LIC એજન્ટ તરીકે કામ કરતા પરાગ પારેખે વર્ષ ૨૦૧૨માં રૂપિયા ૧૫ લાખની અનમોલ જીવન નામની પોલિસી તેની પત્નીનાં નામે અને તેના નામે રૂપિયા ૨૫ લાખની પોલિસી મેળવી હતી. વર્ષ ૨૦૧૬માં પરાગે તેની પત્ની મૃત્યુ પામી હોવાનું મરણ સર્ટી રજૂ કરી રૂપિયા ૧૫ લાખની પોલિસી પાસ કરવી હતી. જે વાત ઓડિટ દરમિયાન ખોટી હોવાનુ અને પત્ની જીવીત હોવાનુ સામે આવતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પત્નીની પોલીસી સરળતાથી પાસ થયા બાદ આ ગઠીયાએ પોલિસી માર્ચ ૨૦૧૭માં ગાંધીનગર બ્રાન્ચમાં ટ્રાન્સફર કરાવી હતી. જેમાં તેને વારસદાર તરીકે તેની પત્નીને રાખી હતી. જો કે ત્યારબાદ આરોપી પોતે પણ મૃત્યુ પામ્યો હોવાનું સર્ટીફીકેટ રજુ કરીને રૂપિયા ૨૫ લાખની પોલીસી પણ પાસ કરાવી હતી.

# કૃષિબિલનો વિરોધ કરવા કોંગ્રેસ રાહુલ ગુજરાતની મુલાકાત લેશે

## • સૌરાષ્ટ્રમાં રાહુલ ગાંધીની ૫૦ કિમીની ટ્રેક્ટર રેલી થશે : ગુજરાત કોંગ્રેસ દ્વારા તૈયારીઓ શરૂ કરાઈ

અમદાવાદઃ લોકસભામાં એનડીએ સરકારે કૃષિબિલ પસાર કરતાં પંજાબ સહિત અન્ય રાજ્યોમાં વિરોધ વંટોળ શરૂ થયો છે.કોંગ્રેસે પણ આ મુદ્દે વિરોધ પ્રદર્શન કર્યા છે. ગુજરાતમાં પેટાચૂંટણીના પ્રચારના શ્રીગણેશ થયા છે ત્યારે કોંગ્રેસના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી કૃષિબિલનો વિરોધ કરવા ગુજરાતના એક દિવસીય પ્રવાસે આવી શકે છે. ગુજરાત કોંગ્રેસે રાહુલ ગાંધીના પ્રવાસને લઈને તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. કૃષિબિલના વિરોધમાં અગાઉ પણ ગુજરાત કોંગ્રેસે ગાંધીનગર કૂચ યોજીને વિરોધ પ્રદર્શન કર્યુ હતું. હવે જયારે પેટાચૂંટણીનો પ્રચાર શરૂ થઈ ચૂક્યો છે. ભાજપે વર્ચ્યુઅલ રેલીનો પ્રારંભ કરી દીધો છે. એટલું જ નહીં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પણ ગુજરાતની મુલાકાતે આવી રહ્યાં છે ત્યારે કોંગ્રેસે પણ પ્રચારના શ્રીગણેશ કરી દીધાં છે. જોકે, કોંગ્રેસે એક કાંકરે બે પક્ષી માર્યા છે. રાહુલ ગાંધીની૫૦ કીમી લાંબી ટ્રેક્ટર રેલી યોજાઈ શકે છે. ખાસ કરીને કોંગ્રેસે સૌરાષ્ટ્ર પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

# ગુજરાતના પશુપાલકો માટે રૂપાણી સરકાર દ્વારા સહાયની જાહેરાત

રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યુ છે કે, રાજ્યના ખેડૂતો-પશુપાલકોના માટે રાજ્ય સરકારે રાજ્યના પશુપાલકોને મદદરૂપ થવા માટે દૂધના પાવડરની નિકાસ માટે પ્રતિ કિલો રૂ.૫૦ની સહાય આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. નાયબ મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે, આંતરરાષ્ટ્રીય બજારમાં સ્કીમ મિલ્ક પાવડર (દૂધનો પાવડર)ના ભાવમાં મોટો ઘટાડો થયો છે. જેના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં દૂધના પાવડરની નિકાસ ઘટી છે. રાજ્યના સહકારી દૂધ સંઘો પાસે હાલ અંદાજે રૂ. ૧૮૫૦ કરોડની કિંમતનો ૯૦,૦૦૦ મેટ્રીક ટન દૂધ પાવડરનો જથ્થાનો ભરાવો થયો છે. અને દૂધ સંઘોની મોટા પ્રમાણમાં મૂડી રોકાઈ ગઈ છે અને તેના પર વ્યાજનું ભારણ વધી રહ્યું છે. અને આનું સીધુ નુકશાન દૂધ ઉત્પાદકો એટલે કે પશુપાલકોને થાય છે.

# ખ્યાતનામ ગાયિકા કૌમુદી મુનશીનું મુંબઈમાં અવસાન

અમદાવાદ : ગુજરાતી સંગીમ સંગીતના ખ્યાતનામ ગાયિકા-ઉપશાસ્ત્રીય સંગીતના અગ્રીમ હરોળના સ્વરસાધિકા કૌમુદી મુનશીનો મુંબઈ ખાતે મંગળવારે રાત્રે ૧:૧૦ કલાકના દેહવિલય થયો હતો. છેલ્લા કેટલાક સમયથી તેઓ બિમાર હતા અને હોસ્પિટલમાં વેન્ટિલેટર પર હતા. ૧૯૨૯માં વારણસીમાં જન્મેલા કૌમુદીબહેન સાત દાયકાની સ્વરયાત્રામાં ઉપશાસ્ત્રીય સંગીતમાં પૂરબ અંગની ઠુમરી, ચૈતી, દાદરા અને હોરી જેવી ગાયનશૈલીના નિપુણ હતા. ૯૧ વર્ષની વયે પણ તેમણે રીયાઝ છોડયો નહોતો. 'ગઝલ તારો વિયોગ આંખોમાં ડંખો ભરી દેશે...' જેવી અનેક તેમની અનેક રચનાઓ લોકપ્રિય હતી.

# પાંચ વર્ષમાં અમદાવાદીઓએ ૧૦૧ કરોડના ઈ-મેમાની રકમ ભરી જ નહીં

અમદાવાદ : અમદાવાદ શહેરમાં વાહન ચાલકો ટફિક નિયમોનું પાલન કરતા નથી. જેના લીધે છેલ્લા ત્રણ વર્ષમાં શહેર ટ્રાફીક પોલીસ દ્વારા ૫૭.૮૦ લાખ વાહન ચાલકોને ઈ-ચલણ મોકલી આપવામાં આવ્યા હતા. નિયમો તો તોડવા પણ એનો દંડ ભરવાની પણ અમદાવાદવાસીઓએ તસ્દી લીધી નથી.

પાંચ વર્ષમાં કુલ રૂ. ૧૫૦ કરોડથી વધુના દંડના ઈ-ચલણ ફાટયા જેમાંથી ટ્રાફીક પોલીસ માત્ર રૂ.૩૯.૫૩ કરોડ દંડની રકમ વાહન ચાલકો પાસેથી વસૂલ કરી શકી છે. જયારે હજુ પણ રૂ.૧૦૧.૧૦ કરોડ વાહન ચાલકો પાસેથી વસૂલ કરવાના બાકી છે. આમ ટ્રાફિક પોલીસ દ્વારા વાહન ચાલકો પાસેથી વસૂલ કરેલ દંડની રકમ કરતા ખર્ચા વધુ થયા હોવાનુ ખુદ પોલીસ વિભાગમાં ચર્ચાઈ રહ્યુ છે.

આટલુ જ નહીં ઈ- ચલણની વસૂલાત માટે પૂર્વ અને પ્રિમ વિસ્તારમાં સ્પેશિયલ સ્કવોડ બનાવવામાં આવી છે ત્યારે સ્પેશિયલ સ્કવોડ ઉપર પણ પ્રશ્નો ઊભા થયા છે. શહેરમાં સરેરાશ ૨૦૦૦ કરતા વધુ વાહનો ટ્રાફિક નિયમ ભંગ કરતા હોવાથી ટ્રાફિક પોલીસ ઈ-ચલણ ફટકારી રહી છે. તેની સામે ટ્રાફિક પોલીસ માત્ર ૨૫૦ જેટલા વાહન ચાલકો પાસેથી ઈ-ચલણની વસૂલાત કરી રહી છે. ટ્રાફિક વિભાગના આંકડા મુજબ ૧૧૨ કરોડથી વધારેની રકમની વસૂલાત કરવાની બાકી છે. આ છેલ્લા પાંચ વર્ષમાં અમદાવાદીઓએ માત્રને માત્ર ૩૯ કરોડનો દંડ ટ્રાફિક પોલીસે વસૂલ્યો છે. ટ્રાફિક વિભાગે અત્યાર સુધી ૫૭,૮૦,૮૨૫ ઈ-મેમા જનરેટ કર્યા છે. જેમાં ચાર રસ્તા ઉપર સ્ટોપ લાઈનની આગળ વાહન ઊભા રહેતા વાહન ચાલકો ૩૬ લાખ જેટલા હોય તેમને ઈ-મેમા મોકલી આપવામાં આવ્યા છે.

# રાજકોટ ડેરીના ચેરમેન બદલાયા, ધારાસભ્યોએ કર્યો સોશિ. ડીસ્ટન્સનો ભંગ!

રાજકોટઃ રાજકોટ ડેરીમાં હવે રાજકારણનો રંગ લાગી ગયો છે. આ ડેરીના ૧૭ વર્ષથી ચેરમેન પદે રહેલા ગોવિંદ રાણપરીયાને સામે છેલ્લા એકાદ માસથી આક્ષેપો કર્યા બાદ અંતે ભાજપના એક જૂથે ડેરીના ચેરમેન બદલાવીને આજે મૂળ વર્ષો જુના કોંગ્રેસના ગોરધન ધામેલીયાની પસંદગી થતા આજે તેઓ સત્તાવાર ચૂંટાઈ આવ્યા છે. બીજી તરફ નવા ચેરમેન ચૂંટાયા તેની ખુશાલીમાં ડેરી ખાતે પહોંચેલા મંત્રી જયેશ રાદડિયા, ધારાસભ્ય અરવિંદ રૈયાણી તથા ભાજપના અન્ય નેતાઓ હોદ્દેદારો દ્વારા સોશિયલ ડીસ્ટન્સનો ખુલ્લેઆમ ભંગ થતો નજરે પડ્યો હતો.


SATVAM®
Spices and Instant Mixes
Cryogenic grinding technique to preserve the taste and essence of the spices.
Satvam brings the joy of taste and health to Canada
Enjoy a wide range of Spices and Instant Mixes
SATVAM Chicken Masala
SATVAM SABAR KA PHAL GULAB JAMUN
SATVAM DHANIYA JEERA
SATVAM TUJHE MIRCHI LAGI TOH MAIN KYA KAROON?
SATVAM HALDI KE HAZAAR GUN, USME SE EK SHAADI KA SHAGUN
SATVAM HING is KING!
SATVAM MIYA BIWI RAAZI TOH MAST BANEGI PAV BHAJI
SATVAM Meat Masala
Benefits of Cryogenic Grinding
Enhanced natural colour, taste & aroma
Less usage
Finely ground spices
All our products are available at your nearest store.
Importerd & Distributred by: Megh Distribution Inc.
MEGH FRESH & HEALTHY
MEGH FOODS CANADA
meghfoodscanada@gmail.com
www.meghfoods.cs
For retail inquires please conact
Megh Distribution Inc. | 289-946-1976
289-946-1936

# સુરત બનશે દેશનું પ્રથમ ઝીરો ડમ્પિંગ સાઈટ : માસ્ટપ્લાનના અમલની તૈયારી

સુરત : સુરત મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ માં હંમેશાથી અગ્રેસર રહી છે .હવે પાલિકા તેમાં વધુ એક ડગલું આગળ માંડી રહી છે જેમાં વર્ષ ૨૦૩૫ સુધીમાં સમગ્ર દેશમાં સુરત એક એવું શહેર બનશે જે ડમ્પીંગ સાઈટ ઉપર કચરો ફેકશે નહી અને સુરત ઝીરો ડમપીંગ સાઈટ શહેર બનશે.અને તે માટેનો માસ્ટર પ્લાનના અમલની તૈયારીઓ પણ શરૂ થઈ ચૂકી છે.

પાલિકાના ઝીરો ડમ્પિંગ વેસ્ટ ના કારણે પાલિકા ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાંથી મુક્તિ મળશે અને આ કચરાને ઉપયોગી પણ બનાવવામાં આવશે .જોકે હાલમાં પાલિકા દ્વારા આ વેસ્ટ માંથી ખાતર બનાવવાનું પણ શરૂ કરી દેવામાં આવ્યું છે . પાલિકાના આ પગલાં થી ઘણા બધા કચરો વેચનાર લોકોને રોજગારી પણ મળી રહેશે .આ માટે પાલિકા ઘણી બધી દેશની અને આંતરરાષ્ટ્રીય કંપનીઓની મદદ પણ લેશે. વર્ષ ૨૦૩૫ સુધીમાં સુરત એક એવું શહેર બનશે કે જે કચરો કચરા ની સાઈટ ઉપર ક્યારેય નહીં ફેકે, પરંતુ આજ કચરાનો વધુમાં સારો ઉપયોગ થઈ શકે એવું કાર્ય કરશે .ડ્રેનેજ વિભાગ દ્વારા આ માટે એક પાઈલટ પ્રોજેક્ટ પણ બનાવી દેવામાં આવ્યો છે જેમાં ૨૦ ટકા કચરો ઝીરો ડમ્પિંગ કરવાની યોજના છે.કચરાની ડમ્પિંગ સાઈટ પર ના મોકલીને તેને સ્થળ પર જ અલગ અલગ કરવામાં આવશે. આ માટે શહેરના આઠ ટ્રાન્સફર સ્ટેશન ની પસંદગી કરવામાં આવી છે. જ્યાં વેસ્ટ મટિરિયલની રિકવરી કરીને તેમાંથી ખાતર બનાવવામાં આવશે.

## નવમા નોરતે દિલ્હીથી ગીરનાર રોપ-વેનું પીએમ લોકાર્પણ કરશે

ગીરનાર : વડાપ્રધાન નરેન્દ્ર મોદી દશેરા પહેલા નવા નોરતે દિલ્હીથી ગરવા ગઢ ગીરનાર પર્વત પર અંબાજી માતાજીના મંદિર સુધી પહોંચતી રોપ-વેનું લોકાપર્ણ કરશે. ૨૪ ઓક્ટોબરના રોજ વડાપ્રધાન દ્વારા થનારા ઈ-લોકાપર્ણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા મુખ્યમંત્રી વિજય રૂપાણી, પ્રવાસન મંત્રી જવાહર ચાવડા જૂનાગઢ જશે. પર્યાવરણની મંજૂરી અને ફંડ સંબંધિત વિવાદોના દોઢ દાયકા બાદ ગીરનાર રોપ- વે પ્રોજેક્ટ પૂર્ણતાને આરે છે. હાલમાં ૨૫ ટ્રોલી સાથે દરરોજ તેનું ટ્રાયલ ચાલી રહ્યુ છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી દશેરાથી પ્રવાસીઓ માટે ખુલ્લુ મૂકાશે

રાજપીપળા : કેવડિયા નજીક સ્ટેચ્યુ ઓફ યુનિટીને આગામી દશેરાના દિવસથી પ્રવાસીઓ માટે ફરીથી ખૂલ્લુ મુકવામાં આવશે. સરદાર પ્રતિમાની આજુબાજુના સ્થળો પણ ફરી શરૂ થશે. આ માટે તંત્રે તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. કેવડિયા નજીક સરદાર પ્રતિમાને ૨૪ માર્ચથી કોરોનાના કારણે પ્રવાસીઓ માટે બંધ કરાઈ હતી. જે સાત મહિના બાદ આગામી તા.૨૫મીના રોજ દશેરાના દિવસથી પ્રવાસીઓ માટે ફરીથી આ સ્થળને ખૂલ્લુ મૂકાશે એમ જાણવા મળે છે. સરદાર પ્રતિમાની આજૂબાજૂના અન્ય સ્થળો પણ ફરી શરૂ થશે. આમ પણ આગામી તા.૩૧ ઓકટોબરે વડાપ્રધાન સરદાર પ્રતિમા ખાતે એકતા દિવસની ઉજવણી માટે આવનાર છે માટે તંત્રે પ્રવાસીઓને આવકારવા તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. કોવિડની ગાઈડલાઈન મુજબ એક દિવસમાં ૨૬૦૦ પ્રવાસીઓને જ પ્રવેશ આપવામાં આવશે. જેમાં વ્યુઈંગ ગેલેરીમાં માત્ર ૫૦૦ લોકોને જ પ્રવેશ અપાશે.

# રાજકોટ મ્યુનિસિપલ કોર્પો.માં ચૂંટાયેલી પાંખનું ૧૯ ઓક્ટો.એ છેલ્લું જનરલ બોર્ડ

### •૪૩ કોર્પોરેટરોએ તંત્ર પાસે ૭૮ પ્રશ્નો-સમસ્યાના માંગ્યા જવાબ




રાજકોટ : રાજકોટ મહાપાલિકાની ચૂંટાયેલી પાંખની મુદત ડિસેમ્બરમાં પૂરી થઈ રહી છે ત્યારે નિયમોનુસાર મનપાનું છેલ્લુ જનરલ બોર્ડ આગામી તા.૧૯ મંગળવારે પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ ખાતે બોલાવવા આજે એજન્ડા જારી કરાયો હતો. જે અન્વયે ભાજપ અને કોંગ્રેસના કોર્પોરેટરો સેક્રેટરી શાખામાં ઉમટી પડીને ૪૩ કોર્પોરેટરોએ તંત્ર પાસે ૭૮ પ્રશ્નોના જવાબ માંગ્યા છે જેમાં રાબેતામૂજબ ડ્રો થતા પ્રથમવારો કોંગ્રેસનો આવતા આ બોર્ડમાં પ્રશ્નોની શુષ્ક વાતોને બદલે ચર્ચા થાય તેવી શક્યતા છે. ભાજપના ૨૨ કોર્પોરેટરોએ દરેકે એક એક એમ ૨૨ પ્રસ્નો રજૂ કર્યા હતા. જ્યારે કોંગ્રેસના દરેક કોર્પોરેટર પાસે વધુ પ્રશ્નો છે અને ૧૯ કોર્પોરેટરોએ ૫૬ પ્રશ્નો રજૂ કર્યા હતા. આ પૈકી કોર્પોરેટરોના નામનો ડ્રો થયો હતો તેમાં પ્રથમ ક્રમ વોર્ડ નં.૧૩ના કોર્પોરેટર જાગૃતિબેન ડાંગરનો આવતા તેમણે શહેરના ગેરેંટીવાળા રસ્તા અંગે સવાલો પૂછ્યા છે.

## કચ્છમાં નવરાત્રી પરના પ્રતિબંધથી લોકોમાં નિરાશા

ભુજઃ નવરાત્રિ પર સરકારી પ્રતિબંધ ફરમાવાયો હોવાથી કચ્છમાં આવેલા અંબાજી, આશાપુરા કે નવદુર્ગાના અનેક સ્થાનકો જાણે સૂના પડ્યાં છે. ભુજના આશાપુરા મંદિર અને તેની આસપાસના પૂજાપો, પ્રસાદ, માતાજીની ચૂંદડી જેવી ચીજવસ્તુઓ વહેંચતા વેપારીઓએ ભૂતકાળમાં ક્યારેય પણ આવા કપરા સમયનો સામનો કર્યો નથી. નિજમંદિરમાં સાકર-નાળિયેર તેમજ માતાજીની ચૂંદડી,પેંડા,પતાસા જેવો પ્રસાદ પધરાવવા પર પ્રતિબંધ છે. માતાના મઢ તરફ જતા પદયાત્રીઓ સેંકડોની સંખ્યામાં ભુજના આશાપુરા મંદિરે પણ દર્શન કરવા પ્રણાલીગત રીતે આવતા હોય છે.

## સુરતમાં જમવા બાબતે નાનાએ મોટાભાઈની કરપીણ હત્યા કરી

સુરત : સુરતના કતારગામ નંદુડોશીની વાડી પાસે ત્રણ ભાઈ હીરાની ઘંટી પર હીરા ઘસીને ત્યાં જ રહેતા હતા. ગતરાત્રી દરમિયાન મોટા ભાઈએ લોજ માંથી આવેલું ટિફિન ખોલી તેમા રહેલી તેની પસંદગીની વાનગી ખાઈ લીધી હતી અને રોજની જેમ તે કારખાનામાં બેસી ગયો હતો. ત્યારબાદ તેનો નાનો ભાઈ અને મિત્ર બહારથી કારખાનામાં આવ્યા અને ખાવા માટે ટિફિન ખોલ્યું તો એક ટીફીનમાં ડબ્બો ખોલ્યો હતો. બસ આટલું જોઈ નાના ભાઈએ મોટા ભાઈ પર ગુસ્સો કર્યો અને કહ્યું હતું કે, 'તું રોજ મારા ટિફિનમાંથી કેમ સારી સારી વાનગી ખાઈ જાઈ છે બસ આટલું કહે છે અને તેના સાથે મિત્ર પણ કહે છે કે હાપ આજ રોજ ટીફીનમાંથી સારૂં ખાવાનું ખાઈ જાઈ છે આવું કહી ઝગડો થયો હતો અને જોતજોતામાં ઝઘડો ઉગ્ર બનતા એક બીજાને માર મારવા લાગ્યા હતા, જયાં મોટા ભાઈને ગંભીર રીતે માર મારતા તે હીરા ઘસવાની ઘંટી પર પડે છે અને તેને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

# દીવાળી પર્વના શુભ મુર્હૂતો અને તહેવારોનું ધાર્મિક મહત્વ

### નવા વર્ષ માટે ચોપડા ખરીદવા માટે ઓર્ડર આપવો.

વેપારીઓ, કામકાજી વ્યક્તિઓ, ઓફિસો જ્યોતિષી વિગેરે માટે નવા વર્ષ માટે ચોપડા- પંચાગ વિગેરે માટે બુક સ્ટોલ વાળાને ત્યાં ઓર્ડર આપવો. ચોપડા બંધાવવા.

(૧) આસો સુદ પાચમને બુધવાર તારીખ ૨૧-૧૦-૨૦૨૦. મુર્હૂત સમય : સવારે ૭.૦૦ થી ૯.૦૦ સુધી, બપોરે ૧૧.૨૩ થી ૧૨.૦૦ સુધી, સાંજે ૪.૨૯ થી ૭.૫૦ સુધી, રાત્રે ૮.૧૦ થી ૧૦.૦૦ સુધી.

(૨) વિજયા દશમી દશેરા આસો સુદ ૯/૧૦ રવિવાર. તારીખ : ૨૫-૧૦-૨૦૨૦ સવારે ૭ કલાક. ૪૩ મિનિટ પછી વિજયા દશમી (દશેરા) બેસે છે.

(૩) મુર્હૂત સમય : સવારે ૮.૧૬ મિનિટ પછી ૯.૧૫ સુધી, બપોરે ૧૨.૩૧ થી ૧.૩૫ સુધી, સાંજે ૩.૨૬ થી ૪.૪૫ સુધી, રાત્રે ૬.૧૬ થી ૧૦.૩૫ સુધી. મહત્વ : આસુરી શક્તિ ઉપર દેવી શક્તિનો વિજય.

### ચોપડા-પંચાગ લાવવા માટે સોના-ચાંદીની ખરીદી કરવા.

આસો વદ ૬ને શનિવાર તા. ૭-૧૧-૨૦૨૦ને દિવસે પુષ્યનક્ષત્ર (કર્ક ચંદ્ર) જે રવિવાર તા. ૮-૧૧-૨૦૨૦ના રોજ ૮ કલાક અને ૪૫ મિનિટ સુધી પુષ્પ નક્ષત્ર છે.

(૧) મુર્હૂત શનિવાર તા. ૭-૧૧-૨૦૨૦, સમય : સવારે ૮.૨૧ મિ. થી ૯.૨૪ સુધી, બપોરે ૧૨.૩૧ થી ૪.૨૧ મિ. સુધી, રાત્રે ૫.૫૯ મિ. થી ૭.૨૨ મિ. સુધી.

(૨) મુર્હૂત - રવિવાર તા. ૮-૧૧-૨૦૨૦ સુધી. સમય : સવારે ૭.૫૬ થી ૮.૩૭ સુધી.

### વાઘ બારસ, ગૌવત્સ દવાદશી.

આસોવદ વદ ૧૨ને ગુરૂવાર તારીખ ૧૨-૧૧-૨૦૨૦.

ધાર્મિક મહત્વ : આ દિવસે શ્રી કૃષ્ણ પ્રથમ વખત ગાયો ચરાવવા સખાઓ સાથે ગયા હતા. આજના દિવસે ગાયોને ઘાસ બાડેલા ઘઉં- ગોળ, ખવડાવવુ ગાયોની સેવા કરવી પૂજા કરવી.

આ શબ્દો વાઘ બારસ જે ગુજરાતમાં જ પ્રચલીત છે. ખરેખર આ કોઈ તહેવાર નથી પરન્તુ વેપારી- કામકાજી લોકો આખા વર્ષના હિસાબો મેળવી “યા વત ચંદ દિવા કરો'' જેવા શબ્દો લખી ચોપડા બંધ કરે છે તેને વાઘ માવ્યુ કહેવાય જેનો સમય જતા લોક મુખે વાઘ બારસ થયેલ છે. આજ દિવસથી દિવાળીના તહેવારો માટે આખરી ઓપ આપવામાં આવે છે. દિવાળીની શરૂઆત માને છે.

### ધન તેરસ

આસો વદ ૧૩ને શુક્રવાર તા. ૧૩-૧૧-૨૦૨૦ સાંજના ૬.૦૦ કલાક સુધી ધન તેરસ છે. ધન પૂજન - લક્ષ્મી પૂજન- લક્ષ્મી યજ્ઞ. ધનવંત્રી પૂજન

(૧) મુર્હૂત સમય : સવારે ૭.૦૯ મિ. થી ૧૦.૪૮ મિ. સુધી. બપોરે ૧૨.૨૭ થી ૧.૪૧ સુધી, સાંજે ૪.૪૨ તી ૫.૫૬ સુધી.

ધાર્મિક મહત્વ :- સમુદ્ર મંથન સમયે આરોગ્યના દેવતા ભગવાન ધનવમંત્રીનું પ્રાગટ્ય થયેલ આ દિવસને ધનવંત્રી જયંતિ તરીકે ઉજવાય છે. આયુર્વેદશાસ્ત્રના પ્રવક્તા છે. આ દિવસે સોના-ચાંદીની વસ્તુઓ ખરીદ કરવાથી સમૃધ્ધિ આવે છે. લક્ષ્મી પૂજન કરવા માટે શુભદિવસ છે. આ સમયે મહાલક્ષ્મીના બીજમંત્રોની આરાધના કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. આજ દિવસે પૃથ્વિ ઉપર અમૃતની પ્રાપ્તિ થયેલ આ દિવસે વૈદ્ય. ઔષધિઓ. મેડિકલ સ્ટોરો. દવાની પેક્ટરીઓ વિગેરે મુર્હૂત કરી શરૂાત કરે છે. લોકોની તંદુરસ્તી સારી ઉત્તમ રહે તે માટે આ મુર્હૂતનો ઉપયોગ કરવામાં આવે છે.

### કાળી ચૌદસ - આસો વદ ૧૩/૧૪ તીથિ શુક્રવાર

તારીખ ૩-૧૧-૨૦૨૦ને સાંજે ૬.૦૦ કલાકથી તિથી ૧૪ બેસેલી તે તારીખ ૧૪-૧૧-૨૦૨૦

શનિવારને બપોરના ૨.૧૯ સુધી કાળી ચૌદશ છે. મશીનરી- યંત્રો- વાહન- સ્મશાનની પૂજા વિ. માટે છે. આ દિવસે શ્રી ફળ ઘર વાહન- યંત્રો વિગેરેની પૂજા કરી વધએરવામાં આવે છે. જેને નરક નિવારણ. રૂપ ચૌદશ કે નાની દિવાળી તરીકે માનવામાં આવે છે.

આ દિવસે મહાકાળી માતાનું પ્રાગટ્ય થયેલ હોવાથી આ ર્તિરને કાળ રાત્રિ તરીકે તેમના નામ ઉપરથી કાળી ચૌદશ પણ કહે છે. આ દિવસે તાંત્રિકો તંત્ર- મંત્રથી કાલીમાતાની આરાધના કરે છે. (૧) મુર્હૂત સમય શુક્રવાર રાત્રે ૯.૧૮ થી ૧૦.૩૬, મધ્ય રાત્રે પૂજા ૧૨.૩૧ થી સવારે ૫.૧૧ મિ. સુધી, શનિવાર સવારે ૮.૧૪ થી ૯.૨૮ સુધી, બપોરે ૧૨.૧૧ થી ૧.૦૫ સુધી, બપોરે ૨.૧૧ તી ૧.૦૫ સુધી, બપોરે ૨.૧૧થી ૨.૧૯ સુધી,

આ દિવસે ઘરની બહાર દક્ષિણ દિશા બાજુ ઘઉંની ઉપર સરસીયાના તેલનો દિવો દક્ષિણ દિશા તરફ તેની જ્યોત રહે તે રીતે પ્રગટાવવો જેનાથી પિતૃઓને શાંતિ મળે છે.

### દિવાળી-દિપાવલી-દિપોત્સવ રોશની દિવસ

આસો વદ ૧૪/૩૦ શનિવાર તા. ૧૪-૧૧-૨૦૨૦ ના રોજ બપોરના ૨.૨૧ મિ. થી તા. ૧૫-૧૧-૨૦૨૦ રવિવારે સવારે ૧૦.૩૧ સુધી અમાસ છે. (૧) મુર્હૂત સમય - શનિવાર તા. ૧૪-૧૧-૨૦૨૦, બપોરે ૨.૨૫ થી ૪.૧૯, સાંજે ૬.૧૧ થી ૭.૨૬, રાત્રે ૯.૧૧ થી ૨.૧૧ મધ્યરાત્રિ સુધી, રવિવાર તા. ૧૫-૧૧-૨૦૨૦. મુર્હૂત સમય : સવારે ૮.૨૫ થી ૧૦.૨૧ સુધી.

નવા ચોપડા લાવ્યા છે તેનું પૂજન જેને શારદા પૂજન લક્ષ્મી પૂજન વિગેરે માટે ઊત્તમ દિવસ- સમય છે. સંધ્યા કાળે ઘરનું આગણું સ્વચ્છ કરી ઘના ઉંમરે તથા ઘરની ચારે બાજુ ઉપરથી નીચે સુધી દિવા તેલના પ્રગટાવા જોઈએ. માતાજીએ દાનવો ઉપર જીત મેળવેલી અને રામચંદ્રજી ભગવાન ૧૪ વર્ષનો વનવાસ પૂર્ણ કરીને અયોધ્યા પરત ફરેલ ત્યારથી આ દિવસે રોશની કરવામાં આવે છે. જેને દિપોત્સવ કહે છે. ઘરમાં માતાલક્ષ્મીનું આગમન થાય છે.

### તા. ૧૫-૧૧-૨૦૨૦ પડતર દિવસ છે.

### નૂતન વર્ષ પ્રારંભ - નવું વર્ષ - બેસતું વર્ષ

સંવત ૨૦૭૭ તા. ૧૬-૧૧-૨૦૨૦ને સોમવાર કારતક માસ મુર્હૂત સમય : દુકાન, પેઢી, ઓફિસ, સ્ટોર ખોલવા માટે (૧) વહેલી સવારે ૫.૧૬ થી ૮.૧૬ સુધી, સવારે ૯.૩૬ થી ૧૦.૪૫ સુધી. બપોરે ૧.૫૨ થી ૭.૨૧ સુધી.

મહત્વ : દેવ મંદિરમાં ગોવર્ધન પુજા. અન્નકૂટ મહોત્સવ કરવામાં આવે છે. આ દિવસે શુભ- સારા વિચારોથી દરેકની સાથે મળીને રહેવું, વડીલોના આશિર્વાદ લેવા દેવ મંદિરે દર્શને જવુ. મગ-ગોળની ખરીદી કરી ઘરે લાવવુ અતિશુભ માનવામાં આવે છે. ભાથિ ખત્રીના મંદિરે દીવો અગરબત્તી અને એક નંગ શ્રીફળ વધેરવું તેનાથી ઝેરી જીવલ જંતુથી બચી શકાય છે. બપોર બાદ ભાઈબીજ મનાવવી ભાઈએ બહેનને ત્યાં જઈ મીઠાવાળુ (નમક) કોઈ પણ વસ્તુ ખાવી જેનાથી ભાઈ- બહેનની ઉન્નતિ થાય અને સુખી થાય છે.

### બીજનો ક્ષય હોવાથી

નવા વર્ષે જ બીજ મનાવવી ભૈરવ મંદિરે દર્શને જવું શ્રીફળ પ્રસાદ ધરાવવો ત્યાં બેસીને ફરસાણ વિ. જમવું જોથી ઘરના બાળકોની તંદુરસ્તી સારી રહે છે.

### શ્રી પંચમી - જ્ઞાન પંચમી

લાભ પાંચમ : કારતક સુદ ૫ ગુરૂવાર તા. ૧૯-૧૧-૨૦૨૦. દુકાન- સ્ટોર, પેટી ઓલવી- સોદાઓ કરવા. (૧) મુર્હૂત સમય : સવારે ૭.૧૦ થી ૮.૧૧ મિ. સુધી, બપોરે ૧૧.૧૧ થી ૨.૫૬ સુધી, સાંજે ૪.૩૬ થી ૯.૦૦ સુધી. આ દિવસે રવિ યોગ સવારે ૭.૨૮.૦૫ થી સાંજે ૮.૩૮.૦૫ સુધીના સમયને શુભ માનવામાં આવેલ છે. દરેક મર્હૂતનો શુધ્ધ સમયની ગણત્રી કરીને કાઢવામાં આવેલ છે.



--------------- : સંપર્ક સાધવા માટે : ---------------

**બીપીન એસ્ટ્રોલોજર**

૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા

Whatsapp No. 98790 87511

Time : 10.00 am to 6.00 pm

# ધ્રોલ સિવિલમાં તોડફોડ મામલે જામનગર ગ્રામ્યના MLA સહિત 5ને છ માસની સજા

સુપ્રિમ કોર્ટ દ્વારા તાજેતરમાં દેશમાં ધારાસભ્યો અને સાંસદો સામેના કેસ ઝડપભેર ચલાવવા હુકમ કરાયો છે. ત્યારે આજે ધ્રોલની કોર્ટ દ્વારા વર્ષ ૨૦૦૭માં ધ્રોલના સરકારી દવાખાનામાં તોડફોડ અને નુકશાનીના કેસમાં અગાઉ કોંગ્રેસના અને હાલ જામનગર ગ્રામ્યના ધારાસભ્ય સહિત પાંચ વ્યક્તિઓને છ માસની જેલ સજા અને રૂ.૧૦ હજારનો દંડ કરતો હુકમ કર્યા બાદ અપીલમાં જવા માટે ધારાસભ્ય સહિતના પાંચએ જામીન મેળવ્યા છે.

આ કેસની વિગતો મુજબ ધ્રોલમાં આરોગ્યની કથળેલી સેવાની રજુઆત માટે તા.૧૬-૭-૨૦૦૭ના રોજં જોડીયા



બેઠકના કોંગ્રેસી ધારાસભ્ય અને હાલ જામનગર ગ્રામ્યના ભાજપાના ધારા સભ્ય રાઘવજીભાઈ પટેલ સહિતના કેટલાક લોકો ધ્રોલ સરકારી દવાખાનામાં આવેદનપત્ર આપીને રજુઆત માટે ગયા બાદ દવાખાનામાં તોડફોડ અંગે પબ્લીક પ્રોપર્ટી ડેમેજીસ એક્ટ હેઠળ તત્કાલિન આરોગ્ય અધિકારીએ ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ સહિત આઠ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જે કેસ ચાલી જતાં આજે ધ્રોલની કોર્ટએ ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, જીતુભાઈ શ્રીમાળી, કોંગ્રેસના તાલુકા પ્રમુખ નરેન્દ્રસિંહ જાડેજા, જયેશ ભટ્ટ, કરણસિંહ જાડેજા એમ પાંચ વ્યક્તિઓને તકસીરવાન ઠેરવીને છ માસની જેલ સજા અને રૂ.૧૦ હજાર દંડનો હુકમ ફરમાવ્યો હતો. જે બાદ ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ સહિત પાંચ લોકોએ ઉપલી અદાલતમાં અપીલમાં જવા માટે કાનુની જોગવાઈ મુજબ કોર્ટમાં અરજી કરી હતી અને જામીન મેળવ્યા હતા. આ કેસમાં કોર્ટે અન્ય ત્રણ વ્યક્તિઓ પાંચાભાઈ ભરવાડ, શબીર ચાવડા, લખધીરસિંહ જાડેજાને નિર્દોષ જાહેર કરવામા આવ્યા હતા.

# મોરબી પેટાચૂંટણી પહેલા કોંગ્રેસના કિશોર ચિખલીયા ભાજપના શરણે

મોરબીમાં પેટાચૂંટણી પહેલા રાજકારણ ગરમાયું છે. પેટાચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર ફોર્મ ભરે તે પહેલા મોટી ઉલટસૂલટ જોવા મળી રહી છે. મોરબીની સીટ પર કોંગ્રેસની ટિકીટ માટેના પ્રબળ દાવેદાર કિશોર ચિખલીયાનું નામ કપાતા તેઓ પાર્ટીથી નારાજ ચાલી રહ્યા છે.

કોંગ્રેસ જિ.પં.પ્રમુખ કિશોર ચીખલીયા આજે કોંગ્રેસ સાથે છેડો ફાડીને કાર્યકર્તાઓ સાથે ભાજપમાં જોડાયા છે. પેટાચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી છે, ત્યારે કોંગ્રેસને મોટો ઝાટકો લાગ્યો છે. તેઓએ વિધિવત રીતે ભાજપનો કેસરિયો ધારણ કર્યો છે.

આજે કોંગ્રેસ જિ.પં.પ્રમુખ કિશોર ચીખલીયાએ પાર્ટીના નેતાઓ પર મોટો આરોપ લગાવીને પોતાનું એક નિવેદન આપ્યું છે. ચીખલીયાએ લલિત કગથરા પર ટિકીટ વેચ્યાનો આરોપ લગાવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ચીખલીયાના આરોપ પર લલિત કગથરાએ પણ પોતાનું મૌન તોડીને એક નિવેદન આપ્યું છે. લલિત કગથરાએ જણાવ્યું કે, પક્ષ પ્રત્યેના વલણના લીધે તેમની ટિકીટ કપાઈ હોય તેવું મને લાગી રહ્યું છે. જયંતિભાઈને પક્ષે વફાદારીનું ઈનામ આપ્યું છે. પક્ષ પલટુઓ સામે જનતામાં રોષ છે. ટિકીટ ન મળતા ચીખલીયા ભાજપમાં જોડાયા છે. કિશોર ચીખલીયાના આક્ષેપ સામે લલિત કગથરાએ પ્રતિક્રિયા આપી હતી.

# ૭ મહિના બંધ રહ્યા બાદ નવી ગાઈડલાઈન સાથે ગીર અભ્યારણ ફરી ખુલ્લુ મુકાશે

ગીર સોમનાથ : કોરોનાને કારણે સાત મહિના સુધી ગીર અભ્યારણ બંધ રહ્યા બાદ ૧૬ ઓક્ટોમ્બરથી શરૂ થવા જઈ રહ્યું છે. સરકારની નવી ગાઈડલાઈન સાથે અભયારણ્ય ખુલ્લુ મુકવામાં આવશે. વનવિભાગ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. અભ્યારણ્યમાં જતી જીપ્સીમાં અગાઉ છ વ્યક્તિઓની પરમિટ અપાતી હતી. તેને બદલે હવે નવી ગાઈડલાઈન મુજબ ત્રણ વ્યક્તિને અને દસ વર્ષથી વધુ વય ધરાવતા એક બાળકને લઈ જઈ શકાશે. આવનાર દરેક પ્રવાસીને માસ્ક પહેરવાનું ફરજીયાત રહેશે. તેમજ સેનિટાઇઝર પણ ફરજિયાત રહેશે. ઉપરાંત દરેક પ્રવાસીનું થર્મલ ગનથી તપાસ કરવામાં આવશે. અભ્યારણની એન્ટ્રી ગેટ પાસે ટાયર બાથ બનાવવામાં આવ્યું છે જેમાંથી પસાર થઈને દરેક જીપ્સી સેનીટાઈઝ થઈ જંગલમાં પ્રવેશ કરશે.

# તનિષ્કની જાહેરાતથી વિવાદ, કચ્છમાં આવેલા શોરૂમ પર ભીડનો હોબાળો

કચ્છ : જાણીતી જ્વેલરી બ્રાન્ડ તનિષ્કની નવી જાહેરાત હાલમાં વિવાદમાં છે. આ જાહેરાતમાં એક હિન્દુ યુવતી અને મુસ્લિમ યુવક સાથે લગ્ન બતાવ્યાં છે જેને પરિવાર પહેલાં અપનાવતું નથી પણ જ્યારે યુવતી ગર્ભવતી થાય છે. ત્યારે તેને પરિવાર દ્વારા અપનાવી લેવામાં આવે છે. આ જાહેરાતે આખા દેશમાં વિવાદનો મધપૂડો છંછેડી દીધો છે. આ જાહેરાતને લવ જેહાદ સાથે જોડવામાં આવી રહી છે અને તેનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. આ વિરોધ પછી તનિશ્ક દ્વારા આ જાહેરાતને સત્તાવાર રીતે પાછી ખેંચવામાં આવી છે અને એક ખુલાસો પણ આપવામાં આવ્યો હતો. હવે આ ઘટનાનો વિરોધ આખા દેશ સાથે ગુજરાત રાજ્યના કચ્છમાં પણ કરવામાં આવી રહ્યો છે. તનિષ્ક જ્વેલર્સની જાહેરાતને લઈ સર્જાયેલાં વિવાદ હવે ગુજરાત સુધી પહોંચી ગયો છે, કચ્છના ગાંધીધામમાં તનિષ્કના શો-રૂમમાં કેટલાક લોકો પોતાની રજૂઆત કરવા પહોંચી ગયા હતા અને તેમણે શોરૂમ સંચાલકો પાસે માફીની માંગણી કરાવી હતી. અને આ અંગેનો એક વીડિયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેના કારણે કચ્છમાં તનિષ્કના શોરૂમમાં તોડફોડ થઈ હોવાના મેસેજ વાયરલ થયો હતો.

# ધોનીની પુત્રીને બળાત્કારની ધમકી આપનારા કચ્છના કિશોરને રાંચી લઈ જવાયો

ભુજઃ હાલમાં ચાલી રહેલી આઈપીએલ ક્રિકેટ મેચમાં કલકત્તા નાઈટ રાઈડર્સ સામે ચેન્નાઈ સુપરકિંગ્સ ટીમના અતિ કંગાળ દેખાવથી ઉશ્કેરાઈને ઈન્સ્ટાગ્રામ પર ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કપ્તાન મહેન્દ્રસિંહ ધોનીની છ વર્ષની માસૂમ પુત્રી ઝીવા પર દુષ્કર્મ આચરવાની ધમકી આપનારો કચ્છના બંદરીય મુન્દ્રાના કપાયાના સગીરનો રાંચી પોલીસે કચ્છની સ્થાનિક ગુન્હાશોધક શાખા પાસેથી સત્તાવાર કબજો લઈ અદાલત પાસેથી રાંચી લઈ જવાની મંજુરી સાથે પોલીસ ટીમ મુંબઈ થઈ રાંચી જવા માટે રવાના થઈ હતી ગત બુધવારે ચેન્નઈ અને કોલકાતાની આઈપીએલ ક્રિકેટ મેચમાં ચેન્નઈનો પરાજય થયા બાદ ઈન્સ્ટાગ્રામ પર વિજય નામના શખ્સે અત્યંત અભદ્ર ભાષામાં મહેન્દ્રસિંહ ધોનીની છ વર્ષીય માસૂમ પુત્રીને દુષ્કર્મ અને બળાત્કાર કરવાની ધમકી આપી હતી.

# સત્ય અને અસત્ય વિષે કુરાન મજીદ શું કહે છે ?

સત્ય અને અસત્ય વચ્ચે કેટલો તફાવત છે ? અક્ષરોના અનુસાર જોઈએ તો બંને વચ્ચેનો તફાવત કેવળ એક અક્ષર ''અ'' નો છે. પણ વ્યાવાહારિક રીતે જોતાં સત્ય અને અસત્ય વચ્ચે ધરતી અને આકાશ જેટલો તફાવત છે. આ તફાવત નીચે આપેલા કેટલાક સુવાક્યો થકી જાણી શકાય છે.

- સત્ય જોડા પહેરીને તૈયાર થાય એટલી વારમાં તો અસત્ય અડધા જગતમાં ફરી વળે છે. (જેમ્સ કાલાહન)

- સત્યને કહેવા માટે બે વિપળ (સેકન્ડ)નો સમય લાગે છે અને કંઈ ખર્ચ પણ નથી થતો, જ્યારે અસત્ય કહેતાં જીભ થોથવાઈ જાય છે અને સરવાળે તે બહુ જ મોંઘુ પડે છે. (સંકલિત)

- સત્યથી વધીને કોઈ વસ્તુ નથી અને કોઈ ધર્મ નથી. અસત્યથી વધીને કોઈ પાપ નથી. સત્ય જ ખરેખર ધર્મનું મુળ છે. (મહાભારત)

- અસત્ય એ બાટલીમાંનો દાનવ છે, જેને બહાર કાઢ્યા પછી બાટલીમાં પુરવો લગભગ અશક્ય છે. (કે. દાસપ્પા)

- જેના હૃદયમાં સત્ય છે તેનું મન નિર્ભય છે. (મહાત્મા ગાંધી)

- સત્ય એવી વસ્તુ છે જેનું નામ તો બધા લે છે, પણ તેને સત્કારે છે. કોક જ. (બીશપ જ્યોર્જ બાર્કલે)

તે ઉપરાંત ઉર્દુ ભાષામાંનું એક સુવાક્ય કે કહેવત આ પ્રમાણે છે :-

''સચ્ચે કા બોલબાલા, જુઠે કા મું કાલા''

(સાચાબોલાની વાહ વાહ, અને જુઠા બોલાનું મોં કાળું)



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

સત્ય અને અસત્ય બંને માનવ જીવનના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે. જેણે સત્યને અપનાવ્યું તેનું જીવન ધન્ય થઈ જાય છે, અને જેણે અસત્ય ને અપનાવ્યું તેનું જીવન વ્યર્થ થઈ જાય છે. સત્યને અપનાવવા માટે અને તેને સ્થાપિત કરવા માટે જગતના દરેક ધર્મમાં કહેવામાં આવેલ છે. મુસ્લિમોના ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં પણ સત્ય અને અસત્ય વિષે અગણિત બોધવચનો આપવામાં આવેલ છે. સત્ય અને અસત્ય વચ્ચે શો ફેર છે તે વિષે કુરાન મજીદમાંના અમુક બોધવચનો આ પ્રમાણે છે :-

'' (હે પયગંબર), કહી દો કે સત્ય (હક) આવી ગયું અને અસત્ય (બાતિલ) નાશ પામ્યું. ખચિત અસત્ય તો નાશ પામનાર જ છે.'' (પ્રકરણ ૧૭, શ્લોક ૮૧)

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

''અને અસત્યનો રંગ ચઢાવીને સત્યને શંકાસ્પદ ન બનાવો, અને જાણી બુઝીને સત્યને સંતાડવાનો પ્રયત્ન ન કરો.'' (પ્રકરણ ૨, શ્લોક ૪૨)

''હે ધર્મ ગ્રંથવાળાઓ (એહલે કિતાબ), શા માટે સત્ય પર અસત્યનો ઢોળ(રંગ) ચઢાવીને સત્યને શંકાસ્પદ બનાવો છો અને શા માટે જાણીબુઝીને સત્યને સંતાડો છો ? (પ્રકરણ ૩, શ્લોક ૭૧)

સત્યને ન અપનાવવાવાળાઓ તથા અસત્યને વળગી રહેનારાઓ લાંબે ગાળે નુકસાનમાં જ રહે છે, કારણ કે અસત્યમાં જે ફાયદો હોય છે, તે અલ્પજીવી હોય છે, અને આખરે લાંબે ગાળે વિજય તો સત્યનો જ થાય છે, અને અસત્ય પરાજીત થાય છે. અસત્ય વિષે કુરાન મજીદમાંના અમુક બોધવચનનો આ પ્રમાણે છે :

''જે લોકો અસત્યમાં માને છે અને અલ્લાહના ઈન્કારી છે, તેઓ ખરેખર નુકસાનમાં રહેવાના છે.'' (પ્રકરણ ૨૯, શ્લોક ૫૨)

''(હે પયગંબર), કહી દો કે તમે ધરતી પર ફરો અને પછી જુઓ કે જુઠાડનારાઓનું કેવું પરિણામ આવ્યું.'' (પ્રકરણ ૬, શ્લોક ૧૧)

''ખચિત અલ્લાહ કોઈ એવી વ્યક્તિને માર્ગદર્શન નથી આપતો જે જુઠો હોય અને સત્યનો સ્વીકાર ન કરતો હોય.'' (પ્રકરણ ૩૯, શ્લોક ૩)

''ખચિત અલ્લાહ કોઈ એવી વ્યક્તિને માર્ગદર્શન નથી આપતો, જે હદથી વધી જનાર હોય અને જુઠો હોય.'' (પ્રકરણ ૪૦, શ્લોક ૨૮)

સદા સત્ય પર ચાલનારાઓ તથા બીજાઓને સત્યનું માર્ગદર્શન આપનારાઓ વિષે કુરાન મજીદમાંનું એક બોધવચન આ પ્રમાણે છેઃ-

''અમારા સર્જન કરેલા જુથો (મખલુકો)માં એક જુથ એવું પણ છે જે બિલ્કુલ સત્ય અનુસાર માર્ગદર્શન આપે છે અને સત્ય અનુસાર ન્યાય કરે છે.'' (પ્રકરણ ૭, શ્લોક ૧૮૧)

સત્યનો પાલવ ક્યારે પણ ન છોડવો જોઈએ, કારણ કે સત્યને અપનાવનારનું મન હમેશા નિર્ભય હોય છે. વિજય હંમેશા સત્યનો જ થાય છે, અને અસત્યનો એક દિવસ વિનાશ થવાનો છે. સત્ય જ દરેક ધર્મનું મુળ છે, માટે હે માનવજાત, તું સત્યનું જ અનુકરણ કર, સત્યને અપનાવી લે અને અસત્યથી દુર રહે.

## ઉત્તર પ્રદેશના હાથરસમાં ફરી એક બળાત્કારની ઘટના

# ૪ વર્ષની બાળકી સાથે સંબંધીએ દુષ્કર્મ આચર્યું

હાથરસઃ યુપીમાં હાથરસ ગેંગરપ ઘટનાની શાહી હજુ સુકાઈ નથી એવામાં હાથરસમાં ફરી એક બળાત્કારની ઘટના સામે આવી છે. હાથરસમાં ચાર વર્ષની બાળકી પર બળાત્કારનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. હાથરસના સાસની વિસ્તારમાં પરિવારના સભ્યોએ એક સંબંધી પર આરોપ લગાવ્યો છે કે તેણે ચાર વર્ષની બાળકી પર બળાત્કાર ગુજાર્યો હતો. આ કેસમાં કાર્યવાહી કરતા પોલીસે આરોપી સામે ગંભીર કલમો હેઠળ ગુનો નોંધીને તેની ધરપકડ કરી છે. પ્આ દરમિયાન બાળકીએ ચીસો પાડતા આસપાસના લોકો ત્યાં દોડી આવ્યા હતા. લોકોએ જોયું તો બાળકી લોહીલુહાણ હાલતમાં જમીન પર પડેલી જોવા મળી હતી. ત્યારબાદ સમગ્ર ઘટના અંગે લોકોએ બાળકીના પરિવારજનોને જાણ કરી હતી. કંઈક અજગતું થયું હોઈ પરિવારના સભ્યો માસુમ બાળકીને લઈને પોલીસ સ્ટેશન પહોંચ્યા હતા. આ પછી પોલીસે બાળકીને મેડિકલ માટે મોકલી હતી. સીઓ રૂચિ ગુપ્તાએ જણાવ્યું હતું કે સાસની વિસ્તારમાં એક ૪ વર્ષીય બાળકી પર તેના સબંધી દ્વારા કથિત રીતે બળાત્કાર કર્યો છે. પોલીસે આરોપીની ધરપકડ કરી છે. આરોપી સામે ગંભીર કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

જ્યારે અગાઉની હાથરસ ઘટનામાં હાઈકોર્ટની લખનઉ બેન્ચની કાર્યવાહીમાં સામેલ થયા બાદ હાથરસ પીડિતાના પરિવારને પોલીસ સુરક્ષા સાથે હાથરસ લઈ જવાયો હતો. કોર્ટમાં પરિવારે ફરીવાર કહ્યું કે, જ્યાં સુધી દીકરીને ન્યાય નહીં મળે ત્યાં સુધી તેઓ અસ્થિનું વિસર્જન કરશે નહીં. સાથેસાથે પીડિતાના પરિવારે કેસને ઉત્તરપ્રદેશ બહાર શિફ્ટ કરવા માટે માગ કરી છે.




## યુપીમાં દલિત સગીરા પર ૩ હેવાનોનો ગેંગરેપ, પીડિતાએ આત્મહત્યા કરી

ઉત્તરપ્રદેશના ચિત્રકૂટ જિલ્લાના કૌમરહા કા પૂર્વા ગામમાં બનેલી ઘટનામાં પરિવારજનોએ આરોપ મૂક્યો હતો કે, ૮મી ઓક્ટોબરના રોજ દલિત સગીરા શૌચક્રિયા માટે ખેતરમાં ગઈ હતી ત્યારે ૩ વ્યક્તિએ તેનું અપહરણ કર્યું હતું. ગામના જ આ ૩ લોકોએ સગીરા પર કલાકો સુધી બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ તેના હાથ-પગ બાંધીને નજીકની નર્સરી પાસે નાખી નાસી છૂટયાં હતાં. પીડિતાની માતાએ આરોપ મૂક્યો હતો કે, ૩ વ્યક્તિ મોટરસાઇકલ પર તેની દીકરીને ઉઠાવી ગયાં હતાં. તે અમને હાથ-પગ બાંધેલી અવસ્થામાં નર્સરી પાસેથી મળી આવી હતી. અમે તેને આરોપીઓના નામ પૂછવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે એટલી આઘાતમાં હતી કે કશું બોલી શકી નહોતી. અમે પોલીસને પણ જાણ કરી હતી પરંતુ તે કશું કહી શકવાની સ્થિતિમાં નહોતી.

### ઝાંસીમાં એક કોલેજમાં ૧૭ વષીય સગીરા પર ગેંગરેપ કરી વીડિયો બનાવ્યો

ઝાંસીમાં એક પોલિટેક્નિક કૉલેજની અંદર સત્તર વર્ષની સગીરા પર ગેંગરેપ થયો હતો. આ છોકરી પોતાની બહેનપણીને મળવા એની કૉલેજ પર ગઇ હતી. ત્યાં અને કેટલાક લોકો જબરદસ્તીથી કૉલેજની અંદર ઘસડી ગયા હતા અને ત્યારબાદ એના પર ગેંગરેપ થયો હતો. આ ઘટના ધોળે દિવસે સરકારી પોલિટેક્નિકમાં બની હતી. આ સગીરા પોતાના બૉયફ્રેન્ડ સાથે સ્કૂટી પર ત્યાં ગઇ હતી. કેટલાક લોકોએ એના બૉયફ્રેન્ડ સાથે ખોટેખોટી બોલાચાલી કરી હતી. ત્યારબાદ બૉયફ્રેન્ડને ધમકાવીને છોકરીને કૉલેજની અંદર ઘસડી ગયા હતા. ત્યારબાદ ગેંગરેપ કરી વિડિયો ક્લીપ બનાવી ધમકી આપી કે આ ઘટનાની ફરિયાદ કરીશ તો આ વિડિયો ક્લીપ અમે ઇન્ટરનેટ પર મૂકી દઇશું.

### બિહારમાં ગેંગરેપ કરી પુત્ર સાથે બાંધી મહિલાને નદીમાં ફેંકી દેવાઇ

પટના : બહારના બક્સરમાં અતી અમાનવીય ઘટના સામે આવી છે. અહીં એક મહિલા પર રેપ ગુજારવામાં આવ્યો અને તેની સાથે જે પાંચ વર્ષનું બાળક છે તેને અને મહિલાને બન્નેને બાંધીને નદીમાં ફેકી દેવામા આવ્યા, જેને પગલે બાળકનું કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. ચૂંટણી રાજ્ય બિહારમાં મહિલાઓ અસુરક્ષિત છે. બિહારના બક્સરમાં પોતાના પુત્રની સાથે બેંક જઇ રહેલી મહિલાનું અપહરણ કરી લેવાયું અને બાદમાં તેના પર રેપ ગુજારવામાં આવ્યો હતો, એટલુ જ નહીં નરાધમોએ બાદમાં આ મહિલાને બાળકની સાથે બાંધીને નદીમાં ફેંકી દીધી હતી. મહિલાને બચાવી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી છે. જોકે બાળકનું મોત નિપજ્યું છે.

### મધ્યપ્રદેશમાં કિશોર વયની યુવતી સાથે રેપ, યુવતીએ પોતાને આગ ચાંપી

મધ્ય પ્રદેશમાં રીવામાં એક કિશોર વયની યુવતી સાથે રેપની ઘટના સામે આવી છે, બે દિવસ પહેલા રીવામાં યુવતી પર રેપ ગુજારવામાં આવ્યો જે બાદ લાગી આવતા આ યુવતીએ ખુદને આગ લગાવી દીધી હતી, ગંભીર હાલતમાં હાલ આ યુવતીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. બીજી તરફ આરોપી પણ કિશોર વયનો યુવક છે જેની અટકાયત કરીને તેને કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. જ્યારે ઉત્તર પ્રદેશમાં જ વધુ એક છ વર્ષની બાળકી પર રેપની ઘટના સામે આવી છે, અહીંના મુઝફ્ફરનગરમાં ૧૦ રૂપિયાની લાલચ આપી બાળકીને ફોસલાવીને નરાધમ પોતાની સાથે લઇ ગયો હતો અને બાદમાં તેના પર રેપ ગુજારવામાં આવ્યો હતો.

# એક વર્ષમાં નરેન્દ્ર મોદીની સંપત્તિમાં રૂપિયા ૩૬ લાખનો વધારો નોંધાયો

નવી દિલ્હી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી મોટાભાગના ભારતીયોની જેમ બેન્કમાં પણ પોતાના નાણાં સંભાળીને રાખે છે. તેમણે પોતાની કમાણીનો મોટો હિસ્સો ટર્મ ડિપોઝિટ્સ અને બચત ખાતામાં જમા કરાવીને રાખ્યા છે.



૧૨મી ઑક્ટોબરના રોજ વડાપ્રધાને પોતાની સંપત્તિની માહિતી સામે મૂકી છે. ૩૦મી જૂન સુધીમાં વડાપ્રધાન મોદી પાસે ૧,૭૫,૬૩,૬૧૮ રૂપિયાની ચલ સંપત્તિ હતી. તેમની પાસે ૩૦મી જૂના રોજ ૩૧,૪૫૦ રૂપિયા રોકડા હતા. ગયા વર્ષની સરખાણીમાં તેમની ચલ સંપત્તિમાં ૨૬.૨૬%નો વધારો થયો છે. આ વધારા પાછળનું મુખ્ય કારણ તેમના પગારમાંથી બચત અને ફિક્સ્ડ ડિપોઝિટમાંથી મળેલ વ્યાજનું ફરીથી રોકાણ મુખ્ય કારણ છે.

પીએમ મોદીની કુલ સંપત્તિ ૩૦ જૂન ૨૦૨૦ના રોજ વધીને ૨.૮૫ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ૨૦૧૯ની સાલની સરખામણીમાં તેમાં ૩૬ લાખ રૂપિયાનો વધારો થયો છે.

પીએમ મોદીની કુલ સંપત્તિ ૩૦ જૂન ૨૦૨૦ના રોજ વધીને ૨.૮૫ કરોડ રૂપિયા થઈ ગઈ છે. ૨૦૧૯ની સાલની સરખામણીમાં તેમાં ૩૬ લાખ રૂપિયાનો વધારો થયો છે. પીએમ મોદીની ગયા વર્ષે સંપત્તિ ૨.૪૯ કરોડ રૂપિયા હતી. એવા સમયમાં જ્યારે અર્થતંત્રની સ્થિતિ ખરાબ છે અને શેર બજારમાં વોલેટાલિટી રહે છે. પીએમ મોદીની સંપત્તિ કેવી પીતે વધી ગઈ એ દરેક લોકોને જાણવામાં રસ હશે.

# યૌન શોષણ કેસમાં ચિન્મયાનંદને રાહત, યુવતીએ કોર્ટમાં ફેરવી તોળ્યું

લખનઉ : પૂર્વ કેન્દ્રીય મંત્રી ચિન્મયાનંદ ઉર્ફે કૃષ્ણપાલ સિંહ પર કેસ કરનાર વિદ્યાર્થિની કોર્ટમાં જુબાની દરમિયાન પોતાના જ આરોપોથી ફેરવી તોળ્યું હતું. જે બાદ પ્રોસિક્યુશન દ્વારા તેને હોસ્ટાઈલ જાહેર કર્યું હતું અને તેની સામે સીઆરપીસીની ધારા ૩૪૦ હેઠળ કેસ દાખલ કરવાની અરજી દાખલ કરી હતી. એમપી-એમએલએ કોર્ટના વિશેષ જજ પવન કુમાર રાયે કેસને દાખલ કરવા માટે આદેશ આપ્યો છે. આ મામલે વધુ સુનાવણી ૧૫ ઓક્ટોબરે થશે. સરકારી વકીલ અભય ત્રિપાઠી મુજબ, ગત વર્ષે પાંચ સપ્ટેમ્બરે પીડિતાએ ચિન્મયાનંદ પર યૌન સંબંધ બનાવવા માટે પોતાની કસ્ટડીમાં રાખવાના નવી દિલ્હીમાં પોલીસ કેસ કર્યો હતો. તેના પિતા દ્વારા શાહજહાંપુરમાં દાખલ કેસમાં આ એફઆઈઆરને મર્જ કરી દીધી હતી. એસઆઈટીએ પીડિતાનું નિવેદન નોંધવાની સાથે મામલાની તપાસ શરૂ કરી હતી. શાહજહાંપુરમાં પણ પીડિતાનું મેજિસ્ટ્રેટની સામે નિવેદન લેવામાં આવ્યું હતું. પીડિતાએ પોતાના બંને નિવેદનોના વિપરીત ૯ ઓક્ટોબરે પોતાનો પક્ષ રાખ્યો હતો. ૨૭ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ ચિન્મયાનંદ કેસમાં પીડિતાના પિતાએ શાહજહાંપુરમાં ફરિયાદ કરી હતી.

## હાપુરમાં સગીર પર દુષ્કર્મ અને હત્યા કરવાના કેસમાં બે આરોપીને ફાંસીની સજા

હાપુર : સગીર પર દુષ્કર્મ અને હત્યા બદલ હાપુરમાં બે દોષિતોને ફાંસીની સજા આપવામાં આવી છે. એડિશનલ ડિસ્ટ્રિક્ટ સેશન્સ જજ વિશેષ ન્યાયાધીશ પોસ્કો બિના નારાયણની અદાલતે બે વર્ષ પહેલા પોલીસ સ્ટેશનના હાપુર ગામના મહોલ્લા ફૂલ ગઢીમાં એક સગીર પર દુષ્કર્મ અને હત્યાના કેસમાં આ સજા ફટકારી છે. ખરેખર, આ ઘટનાને ઘરના જ બે નોકરો દ્વારા અંજામ આપવામાં આવ્યો હતો. દુષ્કર્મ અને હત્યા બાદ ગુનેગારોએ બાળકની લાશને ભૂસામાં સંતાડી હતી. એવું કહેવામાં આવે છે કે જ્યારે ગુનેગાર ઘટનાને અંજામ આપી રહ્યો હતો ત્યારે યુવતીના ભાઈએ હોબાળો કર્યો હતો. જેના લીધે તેના ભાઈને ગળું દબાવી હત્યા કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીની હત્યા કરનાર આરોપીએ પણ વિદ્યાર્થીના સબંધીઓ સમક્ષ હત્યાને સ્વિકાર્યા બાદ માફી માગી હતી.

## અર્થતંત્રને બુસ્ટર ડોઝ : ૭૩,૦૦૦ કરોડનું પેકેજ જાહેર, કેશ વાઉચર

- એલટીસી એલાઉન્સ પેટે રૂ. ૧૧,૫૭૫ કરોડ, ફેસ્ટિવલ એડવાન્સ પેટે કર્મીઓને વ્યાજ મુક્ત ૧૦,૦૦૦ની લોન અપાશે

નવી દિલ્હી : કોરોનાકાળમાં દેશમાં આગામી સપ્તાહે નવરાત્રીની શરૂઆત સાથે જ તહેવારોનો સમય શરૂ થઈ રહ્યો છે. કોરોના મહામારીના કારણે આૃર્થતંત્રને થયેલા નુકસાનમાં રોકાણને પ્રોત્સાહન આપવા અને ગ્રાહક માગ વધારવા કેન્દ્ર સરકારે સોમવારે રૂ. ૭૩,૦૦૦ કરોડના આર્થિક પેકેજની જાહેરાત કરી છે.

કેન્દ્ર સરકારના કર્મચારીઓને એડવાન્સમાં ભથૃથાંની ચૂકવણી કરાશે તેમજ એલટીસી માટે આપવામાં આવતી રકમ રોકડમાં અપાશે. કેન્દ્ર સરકારે મે મહિનામાં રૂ. ૨૦ લાખ કરોડના 'આત્મનિર્ભર ભારત' રાહત પેકેજ કરતાં આ પેકેજ અલગ રહેશે.

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સિતારામને જણાવ્યું હતું કે, દિવાળીમાં માગને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકાર અને પીએસયુના કર્મચારીઓને એલટીસી એલાઉન્સ અને એડવાન્સ પેટે રૂ. ૧૧,૫૭૫ કરોડની રોકડ ચૂકવણી કરાશે. જોકે, કર્મચારીઓએ આ રોકડ ૩૧મી માર્ચ પહેલાં નોન-એશેન્શિયલ ગૂડ્સ પર ખર્ચ કરવાની રહેશે.

## મધ્યપ્રદેશમાં ઝેરી દારૂ પીવાથી ૧૫ જ મિનિટમાં ૧૪ લોકોના કમકમાટીભર્યા મોત

ઉજ્જૈન : મધ્ય પ્રદેશના ઉજ્જૈનથી એક હૃદયદ્રાવક સમાચાર આવી રહ્યા છે. ઝેરી દારૂ પીવાથી અહીં ૧૪ લોકોના મોતથી હાહાકાર મચી ગયો છે. તો ઉજ્જૈનના એસપીએ પણ આ વાતની પુષ્ટિ કરી છે. આ ઘટના બાદ શહેરના ખારા કૂવા પોલીસ સ્ટેશન પ્રભારી સહિત ૪ પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. એટલું જ નહીં, આખા જિલ્લામાં ગેરકાયદેસર દારૂની વિરુદ્ધ કાર્યવાહીમાં અત્યાર સુધી ૧૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી ચુકી છે. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આ મામાલાને ગંભીરતાથી લેતા ગુરુવારના આ ઘટનાની એસઆઈટી દ્વારા તપાસના આદેશ આપ્યા છે. ચૌહાણે કહ્યું કે, "ના ફક્ત ઉજ્જૈન, પરંતુ આખા પ્રદેશમાં આ પ્રકારની ઘટનાઓ પર નજર રાખવામાં આવે જ્યાં ક્યાંય પણ આવો ભેળસેળવાળા અને ઝેરી પદાર્થોના વેચાણની શંકા છે.

# ભારતમાં કોરોનાના ૬૭,૭૦૮ નવા કેસ, સંક્રમિતોનો કુલ આંક ૭૩ લાખને પાર

- કોરોના સામેના જંગમાં ટેસ્ટિંગ અને સિરો સર્વે વધારવા મોદીનું આહ્‌વાન

નવી દિલ્હી : ગુરુવારે સવારે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના સંક્રમણના ૬૭,૭૦૮ નવા કેસ નોંધાતા કુલ સંક્રમિતોની સંખ્યા ૭૩,૦૭,૦૯૭ થઈ હતી. ૨૪ કલાકમાં દેશમાં ૬૮૦ દર્દીઓએ જીવ ગુમાવતાં કોરોના સંક્રમણના કારણે કુલ મૃતાંક ૧,૧૧,૩૧૧ ઉપર પહોંચ્યો હતો. છેલ્લા ૨૪ કલાકમાં ૮૧,૫૪૧ દર્દીઓ સાજા થતાં ડિસ્ચાર્જ કરાયેલા દર્દીઓી કુલ સંખ્યા ૬૩,૮૩,૪૪૧ થઈ હતી અને રિકવરી રેટ વધીને ૮૭.૩૫ ટકા થયો હતો. આઈસીએમઆરના જણાવ્યા અનુસાર બુધવારે દેશમાં ૧૧,૩૬,૧૮૩ સેમ્પલ ટેસ્ટ કરાયાં હતાં જેમાં પોઝિટિવિટી રેટ ૫.૯૬ ટકા નોંધાયો હતો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કોરોના મહામારીની સમીક્ષા કરવા માટે ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી હતી. આ બેઠકમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી ડૉ. હર્ષવર્ધન, નીતિ આયોગના આરોગ્ય સભ્ય, વરિષ્ઠ વૈજ્ઞાનિક સલાહકાર, સિનિયર વૈજ્ઞાનિકો અને અન્ય અધિકારીઓ હાજર રહ્યાં હતાં. વધુમાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ઓછી કિંમતે નિયમિત અને ઝડપી ટેસ્ટિંગ માટેની સુવિધાઓ બને તેટલી ઝડપથી ઉપલબ્ધ થવી જોઈએ.

## ભારતમાં ત્રણને કોરોનાનો ફરી ચેપ લાગ્યો, વિશ્વમાં આવા ૨૫થી વધુ કેસ

કોરોનાથી સાજા થયેલા દર્દીઓમાં પણ ફરી કોરોના વાઇરસ પરત ફર્યાના કેસ સામે આવ્યા છે, આઇસીએમઆર દ્વારા જારી માહિતી અનુસાર ભારતમાં આવા ત્રણ કેસો સામે આવ્યા છે જેમાં એક અમદાવાદ અને બે મુંબઇના છે. આ પ્રકારના કેસોને રિઇન્ફેક્શન તરીકે ઓળખવામાં આવે છે. વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા જારી આંકડા અનુસાર વિશ્વમાં આવા ૨૫થી પણ વધુ કેસો નોંધાયા છે કે જેમાં દર્દીને કોરોનાથી સાજા કરી લેવાયા હોય છતા તેમનામાં ફરી વાઇરસ ઉથલો મારે છે. જોકે આ માટે કોઇ ચોક્કસ સમય ગાળો નક્કી નથી કરાયો કે ક્યારે કોરોના પરત ફરી શકે છે.

## ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી મુલાયમ સિંહ યાદવ અને પત્નીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ

ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના સંસ્થાપક મુલાયમ સિંહ યાદવ કોરોનાની ઝપેટમાં આવ્યા છે. સાથે જ તેમની પત્ની સાધનાનો કોરોના રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. સમાજવાદી પાર્ટીએ ટ્વિટ કરીને આ વાતની જાણકારી આપી છે. જો કે મુલાયમ સિંહ યાદવને કોરોના વાયરસનું એકપણ લક્ષણ નથી. આમ છતા તેમની કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ મંદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જ્યાં તેઓ ડોક્ટરોની ટીમના નિરીક્ષણમાં છે.

## અનલોક પાંચને પગલે મહારાષ્ટ્રમાં મેટ્રો શરૂ થઈ, મંદિરો અને શાળા બંધ જ રહેશે

મહારાષ્ટ્ર સરકારે અનલોક પાંચના નિયમોની સમીક્ષા દરમિયાન રાજ્યમાં ૧૫ ઓક્ટોબરથી મેટ્રો ટ્રેન સેવા અને સાર્વજનિક લાઇબ્રેરી ફરી શરૂ થઈ હતી. જો કે ભક્તો માટે મંદિરના દ્વાર ખોલવાની મંજૂરી અપાઈ નથી. મિશન બિગીન અગેઇન હેઠળ મહારાષ્ટ્રમાં શાળાઓમાં ૧૫ ઓક્ટોબરથી ૫૦ ટકા શિક્ષકોની હાજરીને મંજૂરી અપાઈ છે. જો કે ૩૧ ઓક્ટોબર સુધી તમામ શાળાઓ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. આ નિર્ણય હેઠળ ૧૫ ઓક્ટોબરથી મેટ્રો ટ્રેન સેવા શરૂ કરવા સહિતના નિર્ણયો લેવાયા હતો. દિલ્હીમાં મેટ્રો ટ્રેન સેવા માટે જે નિયમો ઘડાયા છે, એ જ નિયમોનું પાલન મહારાષ્ટ્રમાં કરાશે. મેટ્રોની ફ્રિક્વન્સી કેટલી હશે એ અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવાશે. લાઇબ્રેરીને સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ખોલવાની મંજૂરી અપાઈ છે.

# તેલંગણા અને આંધ્રપ્રદેશમાં આભ ફાટયું : ૩૦નાં મોત



- વરસાદને લીધે મુંબઈ, પૂણે સહિત અન્ય શહેરો માટે રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યું
- ફસાયેલા લોકોને કાઢવા ડીઆરએફ, એનડીઆરએફ ટીમની મદદ લેવામાં આવી

હૈદરાબાદ : વરસાદ આધારિત ઘટનાઓમાં તેલંગણાના હૈદરાબાદમાં ૨૦ અને આંધ્ર પ્રદેશમાં ૧૦ લોકોના મોત થયા છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર હૈદરાબાદમાં એક જ દિવસમાં ૧૯૨ મિમી વરસાદ નોંધાયો છે. જે છેલ્લા ૧૦૦ વર્ષોમાં ઓક્ટોબરમાં પડેલા વરસાદ કરતા સૌથી વધારે છે.

ભારે વરસાદને પગલે હૈદરાબાદના નીચાણવાળા વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા હતાં. જેના કારણે અનેક મકાનો અને વાહનો પાણીમાં ડૂબી ગયા હતાં. અનેક રસ્તાઓમાં પણ પાણી ભરાઇ જવાના કારણે વાહનોચાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો.

આગામી બે દિવસ હજુ પણ ભારે વરસદની શક્યતા હોવાથી લોકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ ઘરમાં જ રહે. શમશાબાદના ગગનપહાડ વિસ્તારમાં એક મકાન તૂટી પડતા એક બાળક સહિત એક જ પરિવારના ત્રણ સભ્યોના મોત થયા હતાં. ગ્રેટર હૈદરાબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના વિવિધ વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારો અને રોડ પર પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. તેલંગણાના મુખ્ય સચિવ સોમેશકુમારે તમામ જિલ્લાઓના અધિકારીઓને હાઈએલર્ટ રહેવા આદેશ આપ્યો છે. ડીઆરએફ અને એનડીઆરએફના જવાનો સાથે મળીને નીચાણવાળા વિસ્તારોમાં ફસાયેલા લોકોને બહાર કાઢવાનું કાર્ય કરી રહ્યાં છે. તેલંગાણા બાદ મુંબઈ અને પુણેમાં બુધવારની આખી રાત વરસાદ પડ્યો. ગુરુવારે મુંબઈ સહિત અન્ય શહેરો માટે રેડ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ભારે વરસાદને કારણે સાયન પોલીસ સ્ટેશન અને કિંગ્સ સર્કલની પાસે રસ્તાઓ પાણીમાં ડૂબી ગયા.

# અનંત સિંહ સામે 38 ક્રીમીનલ કેસ, 5 વર્ષમાં સંપત્તિમાં ૨૪૦ ટકાનો વધારો

- હાલ જેલમાં રહીને વિધાનસભાની ચૂંટણી લડે છે

પટના : બિહારના બેતાજ બાદશાહ મનાતા લાલુ યાદવના રાજદ પક્ષના એક ઉમેદવાર પર ૩૮ ક્રીમીનલ કેસ ચાલી રહ્યા હતા અને છેલ્લાં પાંચ વર્ષમાં એમની સંપત્તિમાં ૨૪૦ ટકાનો વધારો થયો હતો એવું ઉમેદવારી પત્રક ભરતી વખતે ઉમેદવારે પોતે જણાવ્યું હતું.

આ બાહુબલિ ઉમેદવાર અનંત સિંઘ પોતાના નેતા લાલુ યાદવની જેમ જેલમાં છે અને જેલમાં રહ્યે રહ્યે વિધાનસભાની ચૂંટણી લડી રહ્યા હતા.



અનંત સિંઘ પર જે ૩૮ અપરાધો નોંધાયેલા છે એમાં મિનિમમ ચાર અપરાધો ઈન્ડિયન પીનલ કૉડની ૩૦૭ અને ૩૦૨ કલમ હેઠળ છે. ૩૦૭મી કલમ હત્યાના પ્રયાસ માટેની છે અને ૩૦૨ હત્યા કરવાના અપરાધની છે. અત્રે એ યાદ કરવા જેવું છે કે બે દિવસ પહેલાં લાલુના પુત્ર તેજસ્વીએ દાગી ઉમેદવારો વિશે બોલતાં મિડિયાને કહ્યું હતું કે જે ઉમેદવારો ચૂંટણી જીતી શકે એવા છે તેમને અમે ટિકિટ આપી છે.

બિહારમાં ‘છોટે સરકાર’ના હુલામણા નામે જાણીતા આ નેતાએ પોતાની એફિડેવિટમાં જણાવ્યા મુજબ એની પાસે ૬૮ કરોડ ૫૫ લાખની સંપત્તિ છે. ૨૦૧૫માં એમની પાસે ૨૮૦૫ કરોડની સંપત્તિ હતી. છેલ્લાં પાંચ વર્ષમાં તેમની સંપત્તિમાં ૨૪૦ ટકાનો વધારો નોંધાયો હતો. એમ કહેવાય છે કે પહેલીવાર આ માણસ નવ વર્ષની ઉંમરે જેલમાં ગયો હતો.

# આસામમાં ૧૦,૦૦૦ ગેરકાયદેસર નામ એનઆરસીમાંથી રદ કરાશે

નવી દિલ્હી : આસામમાં અંતિમ નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (એનઆરસી)માં અગાઉ સામેલ કરાયેલા અયોગ્ય વ્યક્તિઓ અને તેમના આશ્રિતો મળીને કુલ ૧૦,૦૦૦ લોકોના નામ રદ કરી દેવાશે. એનઆરસીના સ્ટેટ કોઓર્ડિનેટર હિતેશ દેવ સરમાએ આ અંગેના આદેશ જારી કરી દીધાં છે. સરમાએ ડેપ્યુટી કમિશનરોને આ અંગેનો આદેશ જારી કરી નામ રદ કરવાના હુકમ આપવા જણાવ્યું હતું. સરમાએ જણાવ્યું હતું કે, તમારા તરફથી મળેલા રિપોર્ટ્સના આધારે વિદેશી જાહેર થયેલા અને ફોરેન ટ્રિબ્યૂનલ્સમાં જેમની અરજીઓ પડતર છે તે કેટેગરીના કેટલાક અયોગ્ય લોકો અને તેમના આશ્રિતોના નામ એનઆરસીમાં સામેલ થયાંનું સામે આવ્યું છે. સરમાએ જિલ્લા અધિકારીઓને વ્યક્તિઓની ઓળખની ચોકસાઈ કર્યા બાદ સિટિઝનશિપ રૂલ્સ ૨૦૦૩ અંતર્ગત એનઆરસીમાં સામેલ થઈ ગયેલા આ પ્રકારના નામ રદ કરવા માટે આદેશ આપવા હુકમ કર્યો છે.

સરમાએ જણાવ્યું હતું કે, અંતિમ એનઆરસી પ્રસિદ્ધ થાય તે પહેલાં સંબંધિત સત્તાવાળા ચકાસણી કરીને કોઈના પણ નામ એનઆરસીમાં ઉમેરી અથવા રદ કરી શકે છે.

## કાશ્મીરના પૂર્વ મુખ્યપ્રધાન મેહબુબા મુફ્તીને ૧૪ માસ બાદ આખરે મુક્ત કરાયા

શ્રીનગર : જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્ય પ્રધાન મેહબૂબા મુફ્તીને ૧૪ મહિના બાદ અટકાયતમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. જમ્મુ કાશ્મીરમાં આર્ટિકલ ૩૭૦ હટાવવામાં આવી તે બાદ તેમના પર કેટલાક આરોપો લગાવી અટકાયતમાં લેવાયા હતા. મેહબુબા મુફ્તીની પુત્રીએ સુપ્રીમ કોર્ટમાં ગુહાર લગાવી હતી અને છોડી મુકવા માગ કરી હતી. આ સ્થિતિ વચ્ચે સુપ્રીમ કોર્ટે પણ સવાલ પૂછ્યો હતો કે હવે કેટલા સમય સુધી મેહબુબા મુફ્તિને અટકાયતમાં રાખશો અને કેમ તેનું કારણ પણ માગ્યું હતું. બીજી તરફ હવે પ્રશાસને મેહબુબા મુફ્તીને છોડી મુક્યા છે. મુફ્તીની પુત્રીએ ટ્વીટર વડે લોકોનો આભાર પણ વ્યક્ત કર્યો હતો. પાંચ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ તેમને નજર કેદ કરી લેવાયા હતા. તેઓ ૧૪ મહિના સુધી નજર કેદ રહ્યા હતા.

## પંજાબમાં સરકારી નોકરીમાં 33% મહિલા અનામતને મંજૂરી અપાઈ

ચંદીગઢ : પંજાબના મુખ્યનમંત્રી કેપ્ટન અમરિંદર સિંહની અધ્યક્ષતામાં બુધવારે યોજાયેલી કેબિનેટ બેઠકમાં એક ઐતિહાસિક નિર્ણય કરવામાં આવ્યો છે. પંજાબ સરકારે મહિલા સશક્તિકરણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ભર્યુ છે. પંજાબ સરકારની કેબિનેટે સરકારી નોકરીમાં ૩૩ ટકા મહિલા અનામતને મંજૂરી આપી છે. પંજાબની મુખ્યમંત્રી ઓફિસ દ્વારા આપવામાં આવેલી માહિતિ પર્માણે મંત્રીપરિષદે પંજાબ સિવિલ સર્વિસની સીધી ભરતી પ્રક્રિયામાં મહિલા અનામતને મંજૂરી આપી છે.

આ સિવય મુખ્યમંત્રીએ સ્ટેટ રોજગાર યોજના ૨૦૨૦-૨૨ને પણ મંજૂરી આપી છે. જે અંતર્ગત વર્ષ ૨૦૨૨ સુધીમાં રાજ્યના એક લાખ કરતા પણ વધારે વૃયુવાનોને રોજગાર આપવામાં આવશે. આ યોજના અંતર્ગત સરકારી વિભાગોમાં ખાલી પડેલી જગ્યાઓ ઉપર ઝડપથી નિમણૂંક કરવામાં આવશે.

કેબિનેટે સિવ્લ સર્વિસ રુલ્સ ૨૦૨૦ને મંજૂરી આપી છે. જે પ્રમાણે મહિલાઓને સરકારી નોકરીઓ અને સીધી ભરતીમાં તેમજ બોર્ડ્સ અને કોર્પોરેશનના ગૃપ એ, બી, સી અને ડીની જગ્યાઓ ઉપર થનારી ભરતીમાં પણ ૩૩ ટકા અનામત આપવામાં આવશે. પંજાબવ સરકારે આ નિર્ણયને મહિલા સશક્તિકરણની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું છે.

## નાસિકના પિંપલગાવ પાસે કારમાં આગ લાગતાં એનસીપી નેતા સંજય શિંદુ ભડથુ

નાસિક : પીઢ પોલિટિશિયન શરદ પવારના પક્ષ એનસીપીના એક નેતા સંજય શિંદેની કારમાં શોર્ટ સર્કિટથી આગ લાગતાં અને કારના દરવાજા લૉક થઈ જતાં શિંદે ભડકે બળતી કારમાં અંદર રહી ગયા હતા અને બળી ગયા હતા. મુંબઈ આગ્રા હાઈવે પર પિંપલગાંવ બસવંત ટોલ પ્લાઝા પાસે એમની કારમાં શોર્ટ સર્કિટ થઈ હતી. તેમણે કારની બહાર નીકળવાના પ્રયાસો કર્યા હતા પરંતુ સેન્ટ્રલ લૉકિંગ સિસ્ટમ ધરાવતી કારના દરવાજા લૉક થઈ ગયા હતા અને શિંદે બહાર નીકળી શક્યા નહોતા. સંજય શિંદે દ્રાક્ષના નિકાસકાર તરીકે જાણીતા હતા. આ ઘટના બની ત્યારે શિંદે જંતુનાશક ઔષધિ ખરીદવા પિંપલગાંવ જઈ રહ્યા હતા. મંગળવારે બપોરે આ દુર્ઘટના બની હતી. એક પોલીસ અધિકારીએ કહ્યું હતું કે અમને કારમાં એક હેન્ડ સેનિટાઈઝરની બોટલ મળી હતી.

# આર્મેનિયા-અઝરબૈજાન વચ્ચે હિંસક યુદ્ધ, ૬૦૦ના મોત

એરેવન : આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે નાગોર્નો-કારાબાખ વચ્ચે ચાલી રહેલી લડાઈમાં મૃત લોકોની સંખ્યા ૬૦૦ને પાર થઈ ગઈ છે. રશિયાની આગેવાની હેઠળ યુદ્ધવિરામની ઘોષણા છતાં બંને દેશોની લડાઈમાં સૈનિકો અને નાગરિકો મૃત્યુ પામ્યા છે. નાગોર્નો-કારાબખનાં લશ્કરી અધિકારીઓએ જણાવ્યું હતું કે મંગળવારે તેમના ૧૬ લશ્કરી જવાનો યુદ્ધમાં મૃત્યુ પામ્યા હતા. આ સાથે, ૨૭ સપ્ટેમ્બરથી શરૂ થયેલી લડાઈમાં ૫૩૨ સૈનિકોનાં મોત નિપજ્યાં છે.

અઝરબૈજાનને તેની સેનાને થયેલા નુકસાન વિશે માહિતી આપી નથી, પરંતુ બંને પક્ષો દ્વારા કરવામાં આવતા દાવાઓને જોતાં કુલ જાનહાનિની સંખ્યા ઘણી વધારે હોવાની આશંકા છે. અઝરબૈજાન કહ્યું કે બે અઠવાડિયાની લડાઈમાં તેના ૪૨ સામાન્ય નાગરિકો માર્યા ગયા છે. નાગોર્નો-કારાબાખના માનવાધિકાર લોકપાલ અર્તક બેલારયાને સોમવારે મોડી રાત્રે કહ્યું કે અઝરબૈજાનથી અલગ થયેલાં આ વિસ્તારમાં ઓછામાં ઓછા ૩૧ સામાન્ય નાગરિકો મૃત્યુ પામ્યા છે અને સેંકડો અન્ય ઘાયલ થયા છે.

રશિયાની મધ્યસ્થી બાદ શાંતિ કરાર છતાં બંને દેશો વચ્ચે યુદ્ધ ચાલુ છે. કરાર દરમિયાન રશિયના સર્ગેઈ લાવરોવે જણાવ્યું હતું કે કેદીઓ અને અન્ય કબજે કરાયેલા લોકોની આપ-લેના માનવી ઉદ્દેશની સાથે સૈનિકોના મૃતદેહોની આપ-લે પર સંમતિ સાથે યુદ્ધવિરામની ઘોષણા કરવામાં આવી છે. દસ્તાવેજમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે અઝરબૈજાન અને આર્મેનિયા નાગોર્નો-કારાબાખમાં શાંતિની પુનઃસ્થાપના અંગે ઓએસસીઈ મિંસ્ક જૂથના પ્રતિનિધિઓની મધ્યસ્થી સાથે વ્યવહારિક વાટાઘાટો શરૂ કરવા સંમત થયા છે.



# VYO Canada દ્વારા સુર સંગીતનો કાર્યક્રમ

**• મલ્હાર ગ્રુપના કલાકારોએ ભજનો ગાઈને શ્રોતાઓને ભક્તિરસમાં તરબોળ કર્યા**



ઓન્ટેરિયો : VYO Canada દ્વારા પુષ્ટિ સુર સંગીતનો આધ્યાત્મિક કાર્યક્રમ ૧૧ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ શ્રી વ્રજરાજકુમારજીની પ્રેરણા, સ્ટુડિયો ચેર અને મલ્હાર એન્ટરટેઈન્મેન્ટ ગ્રુપના સહયોગથી યોજવામાં આવ્યો હતો.

કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન રાજેશ શાહ દ્વારા અન્ય વીવાયઓ કેનેડાના અન્ય પદાધિકારીઓના સહયોગથી કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમની શરૂઆત પ્રમુખ પી.કે. શાહ, ગીતાબેન શાહ, વાઈસ પ્રેસિડન્ટ સુભાષ શાહ, જયશ્રીબેન શાહ, સેક્રેટરી અને ખજાનચી અવનીબેન, સંદીપભાઈ મારફતિયા તથા રાજેશ શાહ અને નિમેશ શાહના હસ્તે દીપ પ્રાગટ્યથી કરાઈ હતી. વીવાયઓ કેનેડાના પ્રેસિડન્ટ પી.કે. શાહે પ્રાસંગિક પ્રવચન દ્વારા શ્રી ક્રિષ્ણાધામ સંકુલ, વ્રજભૂમિનો ઉદ્દેશ્ય અને એના કાર્યક્રમોની રૂપરેખા આપી હતી. તેઓએ સર્વે વૈષ્ણવોને આ મંગલ કાર્યમાં સહયોગ આપવાની અપીલ કરી હતી. મલ્હાર એન્ટરટેઈન્મેન્ટ ગ્રુપ દ્વારા ખુબ જ સુંદર પુષ્ટિ માર્ગના ભજનો ગાઈને સૌ શ્રોતાઓને ભક્તિરસમાં તરબોળ કરી દીધા હતા. કેનેડા અને અન્ય દેશોના વૈષ્ણવોએ આ કાર્યક્રમ ફેસબુક, ટીવી ચેર તથા યુ ટ્યૂબ ઉપર માણ્યો હતો. રાજેશ શાહે મલ્હાર ગ્રુપના જીતેન્દ્રકુમાર જોશીનું, વાઈસ પ્રેસિડન્ટ સુભાષ શાહે સ્ટુડિયો ચેર પ્રોડકશનના માલિક હેમા - અશરદ ખાનનું અને પ્રેસિ. પી. કે. શાહે રાજેશ શાહનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યું હતુ.

# આફ્રિકાના સૌથી ઓછા શિખર કિલિમાન્જારો પર આગ લાગી

**• પ્રવાસીઓમાં સર્વાધિક લોકપ્રિય ૧૯ હજાર ફીટ ઊંચા શિખર પર આગ લાગવાનું કારણ અકળ**

ડોડોમા : આફ્રિકાના સૌથી ઊંચા પર્વત શિખર માઉન્ટ કિલિમાન્જારો પર ચાર દિવસથી આગ લાગી છે. ૧૯,૩૪૧ ફીટ ઊંચા શિખર પર વર્ષનો કેટલોક ભાગ બરફ છવાયેલો રહેતો હોય છે. આગ શિખરની ઉપર નહીં પરંતુ ઢોળાવ પર લાગી છે. અગાઉ પણ આગ લાગવાની નાની ઘટનાઓ બની છે. પરંતુ આ વખતે આગનો ફેલાવો અને આક્રમકતા વધારે છે. રવિવારે લાગેલી આગ હજુ સુધી કાબુમાં આવી શકી નથી. એ રીતે આગ કેમ લાગી એ કારણ પણ જાણી શકાયું નથી.

ટાન્ઝાનિયામાં આવેલો કિલિમાન્જારો પર્વત ધ લાયન કિંગ, સ્નો ઓફ કિલિમાન્જારો વગેરે હોલિવૂડ ફિલ્મોને કારણે વધુ પ્રસિદ્ધિ પામ્યો છે. પ્રવાસીઓમાં ભારે લોકપ્રિય હોવાથી વર્ષે હજારો સાહસિકો તેનું આરોહણ કરવા આવે છે. કિલિમાન્જારો મૂળ તો શાંત પડેલો જ્વાળામુખી છે. સામાન્ય રીતે પર્વતમાળામાં એકથી વધારે શિખર હોય. કિલિમાન્જોરો એક શિખરી (ફ્રી સ્ટેન્ડિંગ માઉન્ટેન) પર્વત છે. આ પ્રકારનો એ જગતનો સૌથી મોટો પર્વત છે.

# અફઘાનિસ્તાનમાં બે હેલિકોપ્ટરો ટકરાતાં ૧૫ સૈનિકનાં કરૂણ મોત

કાબુલ : અફઘાનિસ્તાનમાં વાયુસેનાનાં બે હેલિકોપ્ટર વચ્ચે હવામાં જ ભીષણ ટક્કર થઈ ગઈ, જેનાં કારણે ૧૫ સૈનિકોનાં મોત નિપજ્યા છે. સુરક્ષા સુત્રોએ જણાવ્યું કે, હવામાં અકસ્માતની આ ઘટના મંગળવારની રાત્રે દક્ષિણ હેલમંદ વિસ્તારના નાવા જિલ્લામાં થઈ હતી. જણાવવામાં આવી રહ્યું છે કે, આ હેલિકોપ્ટર કમાન્ડોને ઉતારીને ઈજાગ્રસ્ત સૈનિકોને લઈને પરત જઈ રહ્યા હતા. અફઘાનિસ્તાનની ન્યુઝ એજન્સી પ્રમાણે, નાવા જિલ્લામાં એક ઓપરેશનમાં આ સૈનિકો ઈજાગ્રસ્ત થયા હતા અને તેઓને લઈ જવા માટે તથા વધારે સહાયતા પહોંચાડવા માટે હેલિકોપ્ટર ત્યાં પહોંચ્યા હતા. આ દરમિયાન જ બંને હેલિકોપ્ટર સામસામે ટકરાયા હતા. એક અન્ય સુત્રએ જણાવ્યું કે, આ ઘટનામાં ૮ સૈનિકોનાં મોત નિપજ્યા છે. જો કે, કેટલાં સૈનિકોનાં મોત નિપજ્યા છે, તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી પ્રાપ્ત થઈ નથી. અફઘાનિસ્તાનના રક્ષા મંત્રાલયે પણ આ દુર્ઘટના અંગે હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપી નથી. પણ સરકારી અધિકારીએ નાવા જિલ્લામાં થયેલ આ દુર્ઘટનાની પુષ્ટિ કરી છે. પણ તે અંગે વધારે માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો છે.

# પ્રમુખ ટ્રમ્પની ચિંતામાં વધારો: ૭૨ ટકા ભારતીયો અને સ્થાનિકો બાઈડેન સાથે

**• પ્રમુખપદની ચૂંટણી રસાકસી ભરેલી બનશે : સરવે**



વોશિંગ્ટન : આવતા મહિનાની ત્રીજી તારીખે (ત્રીજી નવેંબરે) અમેરિકી પ્રમુખપદની ચૂંટણી છે. આ ચૂંટણીમાં અમેરિકામાં દાયકાઓથી વસતા ભારતીય મૂળના અમેરિકી નાગરિકો બહુ મહત્ત્વનો ફાળો આપતા રહ્યા છે. આ વખતની ચૂંટણીમાં ૭૨ ટકા ભારતીયો અને અમેરિકી નાગરિકોએ ટ્રમ્પને સાથ નહીં આપવાનો નિર્ણય કર્યો હોવાનું મનાતું હતું. બુધવારે ૧૪મી ઓક્ટોબરે થયેલા એક સર્વેક્ષણમાં એવું જાણવા મળ્યું હતું કે ૭૨ ટકા જેટલા ભારતીયો અને અમેરિકીઓનો જનાધાર ટ્રમ્પ ગુમાવી રહ્યા હતા. જો કે એમાં ટ્રમ્પની પોતાની જવાબદારી ઘણી વધુ હતી. ભારતીય બૌદ્ધિકોને અન્યાય થાય એવાં પગલાં લેવાની જાહેરાત ટ્રમ્પ એક કરતાં વધુ વખત કરી ચૂક્યા હતા. લેટેસ્ટ સર્વે મુજબ કુલ રજિસ્ટર્ડ ભારતીય મતદારોમાં ૭૨ ટકા મતદારો જો બાઈડેનને મત આપવાનું પસંદ કરી રહ્યા હતા. જો બાઈડેન ડેમોક્રેટિક પક્ષના ઉમેદવાર છે. માત્ર ૨૨ ટકા ભારતીયો હાલના પ્રમુખ રિપબ્લિકન પક્ષના ડોનાલ્ડ ટ્રમ્પને ફરી ચૂંટવાના મતના હતા. અત્યાર અગાઉ મોટા ભાગના ભારતીયો રિપબ્લિકન પક્ષના ટેકેદાર હતા. પરંતુ આ વખતે તેમનો ઝુકાવ ડેમોક્રેટિક પક્ષના ઉમેદવાર તરફ હોવાનું આ સર્વેમાં જાણી શકાયું હતું.

# બાપ્સના મહંત સ્વામી મહારાજ લિખિત સત્સંગ દિક્ષાનું કેનેડામાં વિમોચન કરાયું

**• વિશેષ પૂજા અને આરતી બાદ સ્વામીઓએ પોતાના મંતવ્યો રજૂ કર્યા**

ટોરન્ટો : બાપ્સ સ્વામિનારાયણ સંસ્થાના ધર્મગુરૂ અને ટોરન્ટો સ્થિત બાપ્સ સ્વામિનારાયણ સંસ્થાના પ્રેરણાસ્ત્રોત મહંત સ્વામી મહારાજ રચિત ગ્રંથ સત્સંગ દિક્ષાનો વિમોચન સમારંભ શનિવાર, ૩જી ઓકટોબર ૨૦૨૦ના રોજ યોજાયો હતો. જેમાં ૨૦૦૦થી વધુ ૫ રિવારો અને ૩૦૦ આંતર રાષ્ટ્રીય વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભગવાન સ્વામી નારાયણના ઉપદેશો પર આધારિત ગ્રંથ સત્સંગ દિક્ષામાં માનવના દૈનિક જીવનમાં ફિલોસોફીના સિધ્ધાંતોનો અમલ કેટલી શ્રધ્ધાથી થઈ શકે એનું સરળ ભાષામાં વર્ણન કરવામાં આવ્યું છે.

મહંત સ્વામી મહારાજે ગુજરાતી ભાષામાં આ ગ્રંથની રચના કરી છે. જેમાં અક્ષર પૂરૂષોત્તમ સંહિતાના અલગ અલગ ખંડોની રચના કરી છે. આ ગ્રંથ અનુયાયીઓને એકાંતિક ધર્મને કઈ રીતે અનુસરવો એની સમજ આપે છે અને એનું આચરણ કરવાથી ભગવાનના કેવા આશિષ પ્રાપ્ત થાય છે એનું વર્ણન ૩૧૫ શ્લોકોમાં કરવામાં આવ્યું છે. જેનો સંસ્કૃત, અંગ્રેજી, હિંદી અને અન્ય ભાષાઓમાં અનુવાદ પણ કરવામાં આવ્યો છે. દરેક ભકત એનું દૈનિક પઠન કરી શકે છે. ટોરન્ટો સ્થિત બાપ્સ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાયેલા આ વિમોચન સમારંભનું જિવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. જેથી ભકતો ઘરે બેઠા એમાં શામેલ થઈ શકે. સમારંભના આરંભે વિડીયોથી ઓળખવિધિ થઈ હતી. ત્યારબાદ ‘ સત્સંગ દિક્ષા‘ની વિશેષ પુજા અને આરતી થઈ હતી. પુજય સ્વામીઓએ સત્સંગ દિક્ષા વિશેના મંતવ્યો રજુ કર્યા હતા.

# ભારતનો માથાદીઠ જીડીપી શ્રીલંકા, બાંગ્લાદેશ કરતા બદ્દતર થશે : IMF

**• પાંચ વર્ષ પહેલા ભારતનો માથાદીઠ જીડીપી બાંગ્લાદેશ કરતા ૪૦ ટકા વધારે હતો**

ઢાકા : ભારતની આર્થિક સ્થિતિ હવે એટલી કથળી ગઈ છે કે પાડોશી દેશ બાંગ્લાદેશનો જીડીપી ભારત કરતા પણ આગળ નીકળી જશે. ઈન્ટરનેશનલ મોનેટરી ફન્ડ (આઈએમએફ) દ્વારા જારી વર્લ્ડ ઈકોનોમિક આઉટલુક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે માથાદીઠ જીડીપીમાં બાંગ્લાદેશ ભારત કરતા પણ આગળ નીકળી જશે, જ્યારે દક્ષિણ એશિયાના દેશમાં માત્ર નેપાળ અને પાકિસ્તાન જ ભારતની પાછળ રહેશે તેવી ખરાબ આર્થિક સ્થિતિ ભારતમાં છે.

આઈએમએફનું અનુમાન છે કે ભારતનો જીડીપી ઘટશે જ્યારે તેનાથી ઉલટા બાંગ્લાદેશનો જીડીપી આગળ વધશે. રિપોર્ટ અનુસાર બાંગ્લાદેશમાં પ્રતિ વ્યક્તિ જીડીપી ૨૦૨૦માં ૪ ટકાના દરે વધારો થશે અને ૧,૮૮૮ ડોલરના લેવલ પર પહોંચી જશે. જ્યારે બીજી તરફ ભારતમાં પ્રતિ વ્યક્તિ જીડીપી ૧૦.૫ ટકાના ઘટાડા સાથે ૧૮૭૭ ડોલર સુધી નીચે આવી શકે છે. છેલ્લા ચાર વર્ષમાં પ્રતિ વ્યક્તિ જીડીપી મામલે ભારતનું આ સૌથી ખરાબ સ્તર માનવામાં આવે છે.

કોરોના વકર્યો

# ફ્રાન્સમાં ઇમરજન્સી, પેરિસ સહિત ૯ શહેરોમાં કરફ્યૂ

## સ્પેનમાં બાર અને રેસ્ટોરાં પર પ્રતિંબધો લદાયા : પેરિસ સહિતના દેશોમાં છેલ્લા ૩ અઠવાડિયામાં ૩ લાખથી વધુ નવા કેસ

પેરિસ / વોશિંગ્ટન : યુરોપના અનેક દેશોમાં કોરોનાએ ફરી માથું ઊંચક્યું છે. દરરોજ હજારો નવા કેસ બહાર આવતા સ્થિતિ ચિંતાજનક બની છે. ફ્રાન્સ ,જર્મની અને આયરલેન્ડ દ્વારા પ્રતિબંધો કડક બનાવાયા છે. સ્પેનમાં બાર અને રેસ્ટોરાં પર પ્રતિબધો લદાયા છે. ફ્રાન્સમાં હેલ્થ ઈમરજન્સી જાહેર કરાઈ છે અને પેરિસ સહિત ૯ શહેરોમાં કરફ્યૂ લાદવામાં આવ્યો છે. બુધવારે નવા ૨૨,૯૫૦ કેસ નોંધાયા પછી પીએમ મેક્રોંએ ફરી હેલ્થ ઈમરજન્સી લાગુ કરી છે. પેરિસ સહિત ૯ શહેરોમાં ફરી રાત્રે ૯થી સવારે ૬ સુધી કરફ્યૂ જાહેર કરાયો છે. આ સમયમાં લોકોએ ઘરની બહાર નહીં નીકળવા અપીલ કરાઈ છે. સરકારે લોકોનાં વિરોધની પરવા કર્યા વિના કડક પગલાં અમલી બનાવવાનું નક્કી કર્યું છે. કરફ્યૂ ૪ અઠવાડિયા માટે લાગુ રહેશે તેવી શક્યતા છે. છેલ્લા ૩ અઠવાડીયામાં ૩ લાખથી વધુ નવા કેસ આવ્યા છે. દેશમાં ૩૨ ટકા આઈસીયુ બેડ ફુલ છે. અમેરિકાનાં પ્રમુખ ટ્રમ્પનો ૧૪ વર્ષનો પુત્ર બેરોન ટ્રમ્પ કોરોના સંક્રમિત થયો હતો જો કે હવે તેની તબિયત સારી હોવાનું મેલેનિયા ટ્રમ્પે જણાવ્યું હતું. બેરોનને કોરોનાનાં કોઈ લક્ષણો જણાયા ન હતા છતાં તેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

## રાષ્ટ્રપતિ પુતિને જાહેરાત કરી, ત્રીજી રસી પણ લગભગ તૈયાર

રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને બુધવારના રોજ કેબિનેટ સભ્યો સાથેની એક વીડિયો કોન્ફરન્સ દરમ્યાન EpiVacCorona રસીની જાહેરાત કરી હતી. વ્લાદિમીર પુતિને કહ્યું, “મારી પાસે એક સારા સમાચાર છે. રશિયાએ પ્રાથમિક તબક્કાની ટ્રાયલ પછી તેની બીજી વેક્સિનને હ્યુમન ટ્રાયલ માટે મંજૂરી આપી છે. પુતિને તેની જાહેરાત કરતા કહ્યું હતું કે આપણે બંને વેક્સિનનું ઉત્પાદન ઝડપથી વધારવું પડશે. પહેલી અને બીજી રસીનું ઉત્પાદન વધારવાની જરૂર છે. આપણે આપણા વિદેશી ભાગીદારોની સાથે સહયોગ કરવાનું ચાલુ રાખીશું.




## આ વર્ષના અંતમાં કોરોનાની વેક્સિન ઉપલબ્ધ હશે : ટ્રમ્પ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એ બુધવારના રોજ કહ્યું કે આ વર્ષના અંત પહેલા કોવિડ-૧૯ની અમેરિકા પાસે સુરક્ષિત અને અસરકારક રસી ઉપલબ્ધ હશે. તેમણે દેશના કોર્પોરેટ જગતને વિશ્વાસ અપાવ્યો કે જો તે ફરીથી ચૂંટાય છે તો તે આશા, તક અને વિકાસને આગળ ધપાવશે. ઉલ્લેખનીય છે કે ૧ ઑક્ટોબરના રોજ ટ્રમ્પ કોરોના વાયરસથી સંક્રમિત થયા હતા અને સેનાની હોસ્પિટલમાં ચાર દિવસ અને ત્રણ રાત દાખલ થયા હતા અને અનેક પ્રાયોગિક દવાઓની સારવાર ચાલી રહી હતી અને ત્યારબાદ ટ્રમ્પે પોતાને સ્વસ્થ જાહેર કર્યા.

## બ્રાઝિલમાં ત્રીજા તબક્કાની ટ્રાયલ રદ, જર્મનીમાં વધી રહેલા કેસો

જહોનસન એન્ડ જહોનસન દ્વારા બ્રાઝિલમાં તેની વેક્સિનની ત્રીજા તબક્કાની ટ્રાયલ હાલ રદ કરવામાં આવી છે. દેશમાં બે કંપનીઓની વેક્સિનની ટ્રાયલ ચાલી રહી છે જેમાં એક જેએન્ડજે છે જર્મનીનાં ચાન્સેલર એન્જેલા મર્કલે કહ્યું હતું કે દેશમાં કોરોનાનો બીજો તબક્કો ગંભીર, ચિંતાજનક છે. સરકાર દ્વારા સંક્રમિતોને શોધી શોધીને તેમની સારવાર કરાશે. દરરોજ નવા નવા કેસ વધી રહ્યા છે. ઈકોનોમીની સ્થિતિ વણસી રહી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને જણાવ્યું હતું કે વિશ્વમાં જે યુવાનો શારીરિક રીતે તંદુરસ્ત છે તેમને ૨૦૨૨ સુધી કોરોનાની વેકસિન આપવામાં અગ્રતા અપાશે નહીં. ડો. સૌમ્ય સ્વામીનાથને કહ્યું હતું કે, હેલ્થ વર્કર્સ તેમજ ફ્રન્ટલાઈન વર્કર્સ અને મોટી ઉંમરનાં વૃદ્ધ લોકોને પહેલા રસી અપાશે. ચેપના કેસો પહેલા રવિવારે નોંધાયા હતા.

## વિશ્વબેંકે કોરોના વેકસીન માટે વધુ ૧૨ અબજ ડોલર આપ્યા

જીનિવા : કોરોના વાયરસનું સંક્રમણ રોકવા અને વેકસીનના સંશોધન માટે દુનિયાના વિકાસશીલ દેશો આર્થિક તંગી ભોગવી રહયા છે ત્યારે વિશ્વબેંકે કોરોનાને હરાવવા માટે ૧૨ અબજ ડોલરની મદદ જાહેર કરી છે. ખાસ કરીને આ રકમ કોરોના વાયરસની તૈયાર થયેલી રસી ખરીદવા,વિતરણ કરવા અને તપાસ સારવાર માટે છુટી કરવામાં આવી છે. આ આર્થિક મદદથી ૧ અબજ લોકોને ફાયદો થશે. આ અંગે વિશ્વબેંકે એક નિવેદનમાં જણાવ્યું કે આ મદદ કોવિડ-૧૯ની વૈશ્વિક મહામારીનો મુકાબલો કરવા માટે વિકાસશીલ દેશોને વિશ્વ બેંક સમુહ દ્વારા ૧૬૦ અબજ ડોલરનું જે પેકેજ જાહેર કરવામાં આવ્યું છે તેનો જ એક ભાગ છે. કોવિડ-૧૯ને ઇમરજન્સી જાહેર કરીને ૧૧૧ દેશોમાં આર્થિક મદદ પહોંચાડવામાં આવી રહી છે. કોરોના મહામારીના પગલે આર્થિક પ્રગતિ રુંધાઇ રહી છે ત્યારે વિકાસશીલ દેશના નાગરિકોને કોવિડ-૧૯ સુરક્ષા અને અસરકારક વેકસીનની તાતી જરુરીયાત છે.

## કોરોના સંક્રમણનો ડર : ૩૯.૧૦ કરોડ વિદ્યાર્થીઓ સ્કૂલ જઇ શકતા નથી

બેઈજિંગ : કોરોના મહામારીના કારણે લાંબા સમય સુધી સ્કૂલ બંધ રહેવાથી ૪૦ અબજ ડોલરનું નુકસાન થઇ શકે છે. જો કે આમાં એજયુકેશનથી વંચિત રહેલા બાળકોને થતા નોલેજના નુકસાનનો સમાવેશ થતો નથી. દક્ષિણ એશિયાના વિસ્તારમાં સ્કૂલો બંધ રહેવાથી ૬૨ કરોડ અબજ ડોલરનું નુકસાનનું અનુમાન છે પરંતુ વર્તમાન નિરાશાજનક સ્થિતિ ચાલું રહી તો વધીને ૮૮ અબજ સુધી પહોંચી શકે છે એવું વિશ્વ બેંકના એક રિપોર્ટમાં દર્શાવાયું છે. દક્ષિણ એશિયામાં સૌથી નુકસાન વિશાળ વસ્તી અને વિસ્તાર ધરાવતા ભારતને સહન કરવું પડયું છે. સકલ ઘરેલું ઉત્પાદનના પણ નુકસાન વેઠવું પડયું છે. ચેપના કેસો પહેલા રવિવારે નોંધાયા હતા, આરોગ્ય અધિકારીઓનું કહેવું છે કે હોસ્પિટલ સાથે સંકળાયેલા ૧૪૦,૦૦૦ કર્મચારીઓ, દર્દીઓ અને કર્મચારીઓની પહેલાથી જ ટેસ્ટ કરવામાં આવી ચુક્યા છે.






## પેરુ સામે નેમારની હેટ્રિક, બ્રાઝિલ માટે બીજો હાઇએસ્ટ ગોલ સ્કોરર બન્યો



સ્ટાર ખેલાડી નેમારે હેટ્રિક નોંધાવવાની સાથે બ્રાઝિલના ફૂટબોલ ઇતિહાસમાં બીજા હાઇએસ્ટ ગોલ સ્કોરર બનવાની સિદ્ધિ મેળવતા કોપા અમેરિકા ચેમ્પિયન બ્રાઝિલિયન ટીમે વર્લ્ડ કપ ક્વોલિફાયર મુકાબલામાં પેરુને ૪-૨થી હરાવ્યું હતું. ઇન્ટરનેશનલ ફૂટબોલમાં નેમારના હવે કુલ ૬૪ ગોલ થયા છે જે બ્રાઝિલના જ અન્ય એક ફૂટબોલર સ્ટાર રોનાલ્ડો કરતાં બે ગોલ વધારે છે

## રોનાલ્ડો કોરોના પોઝિટિવ, ૧૭ કલાક પહેલાં જ પોર્ટુગલના સાથીઓ સાથે ડિનર લીધું હતું



કોરોનાએ સમગ્ર વિશ્વને પોતાના ભરડામાં લીધું છે.વિશ્વનો સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડો કોરોના પોઝિટિવ આવ્યો છે અને તેના ટેસ્ટ રિપોર્ટના કારણે પોર્ટુગલની ટીમના અન્ય ખેલાડીઓ બાબતે ફેડરેશનની ચિંતાઓ વધી ગઇ છે. રોનાલ્ડોએ પોતાનો રિપોર્ટ આવે તેના ૧૭ કલાક પહેલાં ટીમના સાથી ખેલાડીઓ સાથે ડિનર લીધું હતું.



# પાંચ પરાજય બાદ કિંગ્સ ઈલેવન પંજાબનો બીજો વિજય, બંને વખત બેંગ્લોરને હરાવ્યું

ઈન્ડિયન પ્રીમિયર લીગની ૩૧મી મેચમાં બેંગલોર રૉયલ ચેલેન્જર્સનો મુકાબલો કિંગ્સ ઈલેવન પંજાબ સામે થયો. શારજાહમાં રમાયેલી આ મેચમાં કિંગ્સ ઈલેવન પંજાબનો ૮ વિકેટે શાનદાર વિજય થયો છે. બેંગલોરે ટોસ જીતીને પહેલા બેટિંગ પસંદ કરી હતી. પહેલા બેટિંગ કરતા બેંગલોરે ૨૦ ઑવરમાં ૬ વિકેટે ૧૭૧ રન બનાવ્યા હતા. પંજાબે ૧૭૨ રનના લક્ષ્યાંકને ૨૦ ઑવરમાં ૨ વિકેટે પાર કરી લીધું હતુ. આ પહેલા બેંગલોર તરફથી વિરાટ કોહલીએ સૌથી વધુ ૪૮ અને ક્રિસ મોરિસે ૨૫ રન બનાવ્યા હતા. તો પંજાબ તરફથી મોહમ્મદ સમી શમી અને મુરુગન અશ્વિને ૨-૨ વિકેટ ઝડપી હતી. અર્શદીપ સિંહ અને ક્રિસ જોર્ડનને ૧-૧ વિકેટ મળી હતી.

પંજાબ તરફથી ફરી એકવાર મયંક અગ્રવાલ અને કેએલ રાહુલની જોડીએ ધમાકેદાર બેટિંગ કરી હતી. મયંક અગ્રવાલ ૨૫ બૉલમાં ૪૫ રન બનાવીને ચહલની ઑવરમાં બૉલ્ડ થયો હતો. કેએલ રાહુલે અણનમ ૬૨ રન બનાવ્યા હતા, તો ક્રિસ ગેલે ૫૩ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ક્રિસ ગેલ ૫૩ રને રન આઉટ થયો છે. ત્યારબાદ નિકોલસ પૂરને છેલ્લા બોલે સિક્સર મારીને પંજાબને જીતાડ્યું હતુ આઈપીએલની સીઝન ૧૩ની છઠ્ઠી મેચમાં કિંગ્સ ઈલેવન પંજાબે રૉયલ ચેલેન્જર્સ બેંગલોરને એકતરફી મેચમાં ૯૭ રને હરાવ્યું હતુ.

### પોઈન્ટ ટેબલ

| ટીમ | મેચ | જીત | હાર | પોઈન્ટ |
|---|---|---|---|---|
| દિલ્હી | ૮ | ૬ | ૨ | ૧૨ |
| મુંબઈ | ૭ | ૫ | ૨ | ૧૦ |
| બેંગ્લોર | ૮ | ૫ | ૩ | ૧૦ |
| કોલકાતા | ૭ | ૪ | ૩ | ૮ |
| હૈદરાબાદ | ૮ | ૩ | ૫ | ૬ |
| ચેન્નઈ | ૮ | ૩ | ૫ | ૬ |
| રાજસ્થાન | ૮ | ૩ | ૫ | ૬ |
| પંજાબ | ૮ | ૨ | ૬ | ૪ |

## દિલ્હીએ રાજસ્થાનને ૧૩ રનથી આપ્યો પરાજય

નવી દિલ્હી : દુબઈ ખાતે રમાયેલી IPL 2020ની ૩૦મી મેચમાં દિલ્હી કેપિટલ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચમાં દિલ્હીએ રાજસ્થાનને ૧૩ રનથી પરાજય આપ્યો છે. દુબઈ ખાતે રમાય રહેલી આ મેચમાં દિલ્હીએ ટૉસ જીતીને બેટિંગ પસંદ કરી હતી. દિલ્હી કેપિટલ્સે રાજસ્થાન રોયલ્સ સામે ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૬૧ રન કર્યા અને રાજસ્થાનને જીત માટે દિલ્હીએ ૧૬૨ રનનો ટાર્ગેટ આપ્યો. ૧૬૨ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી રાજસ્થાનની ટીમ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૪૮ રન જ કરી શકી. આ જીત સાથે જ દિલ્હી કેપિટલ્સ પોઈન્ટ ટેબલમાં ૧૨ પોઈન્ટ સાથે ટોચ પર પહોંચી ગઈ છે. અંતિમ પાંચ ઓવરમાં દિલ્હીની સારી બોલિંગ ના લીધે રાજસ્થાન પાસે પાંચ વિકેટ બચી હોવા છતાં ૩૯ રન બનાવી શકી નહી.

## ચેન્નાઈએ સનરાઇઝર્સ હૈદરાબાદને ૨૦ રને હરાવ્યું

દુબઇ : મહેન્દ્ર સિંહ ધોનીની કપ્તાનીવાળી ચેન્નાઇ સુપરકિંગ્સે સનરાઇઝર્સ હૈદરાબાદ ૨૦ રને હરાવ્યું છે. ૧૬૮ રનનો પીછો કરવા ઉતરેલી સનરાઇઝર્સ હૈદરાબાદની શરૂઆત ખરાબ રહી હતી. ઓપનર ડેવિડ વોર્નર ૯ રન બનાવી આઉટ થયો હતો. ત્યાર બાદ બેટિંગમા આવેલો મનિષ પાંડે પણ ૪ રન બનાવી પેવેલિયન ભેગો થયો હતો. સનરાઇઝર્સ હૈદરાબાદ તરફથી કેન વિલિયમ્સને સૌથી વધુ ૫૭ રન કર્યા હતા. ચેન્નાઈ સુપરકિંગ્સ તરફથી સેમ કુર્રૈન, શાર્દુલ ઠાકુર અને રવીન્દ્ર જાડેજાએ ૧-૧ જ્યારે ડ્વેન બ્રેવો અને કર્ણ શર્મા ૨-૨ વિકેટ લીધી હતી. આ પહેલા ચેન્નાઈ સુપરકિંગ્સના કેપ્ટન એમએસ ધોનીએ સનરાઇઝર્સ હૈદરાબાદ સામે ટોસ જીતીને બેટિંગ લીધી હતી.. ચેન્નાઈએ પોતાની ટીમમાં એક ફેરફાર કર્યો હતો.



# નવરાત્રિ એટલે મા જગદંબાની આરાધનાનું મંગલમય મહાપર્વ

ભારતીય સંસ્કૃતિમાં શક્તિ પૂજાની આગવી અને ઉજ્જવળ પરંપરા રહી છે. નવરાત્રિનાં આ વિશિષ્ઠ પાવનકારી પર્વમાં શક્તિસ્વરૂપ મા જગદંબાની આરાધના, ઉપાસના ભક્તિ શ્રધ્ધા ધરાવનાર ભાવિકો અવશ્ય કરે છે. આ મહાપર્વની ઉજવણી અને ઉપાસના પાછળ તો મુખ્ય ભાવ મા ભગવતી જગદંબાની પૂર્ણ અસીમકૃપા થકી સુખ-શાંતિ સમૃધ્ધિ, સ્વાસ્થ્ય, ઐશ્વર્યની પ્રાપ્તિનો હોય છે.

સર્વ ધર્મ-બધા જ સંપ્રદાયની માન્યતા અનુસાર ભલે શક્તિ સ્વરુપ, કુળસ્વરૂપે યાદ કરાતા હોય, છતાં આસોમાં મૂળભૂત રીતે શક્તિ તત્ત્વ તો એક જ છે. અને આ શક્તિત્વ જ નવરાત્રિની ઉપાસનામા ઉચ્ચ શ્રધ્ધાનું કેન્દ્ર બની જાય છે : આના માટે એક ઉક્તિ છે, 'શ્રધ્ધાવાન લભતે ફલમ્' એટલે કે કોઈ પણ દેવીત્ત્વની હૃદય અંત:કરણનાં શુધ્ધભાવથી થયેલી આરાધના પૂજા અર્ચના અવશ્ય ફળદાયી બનતી હોય છે સમગ્ર વિશ્વમાં, ખાસ કરીને જ્યાં જ્યાં ભારતીયો વસે છે. ત્યાં નવરાત્રિના નવદિવસો, માના ગુરબાને આરતી ઉતારીને ઉજવવામાં આવે છે. આ આદ્યશક્તિની મંત્રજાપ, ન્યાસ પૂજા, આઠમનાં હોમહવન, રહસ્ય સ્તોત્રો અને સહસ્ર નામથી આરાધના થાય છે. આપણા પૌરાણિક ગ્રંથોમાં પણ નિરાકાર અને સાકાર રૂપે મા જગદંબાના મહિમાનું ગાન અને સ્તુતિ જોવા મળે છે. અહીં એમની ચિન્મય અને પરમશક્તિ સ્વરુપે થઇ છે. નવરાત્રિનાં દિવસોમાં વિનમ્રભાવે શ્રધ્ધાપૂર્વક મા જગદંબાની આરાધના દ્વારા મા મય રહીએ તો એમાની જે ચિન્મયી શક્તિ છે,



**'યા દેવી સર્વભૂતેષુ માતૃરુપૈણ સંસ્થિતા ।**
**નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમ: ॥'**

મા જગદંબાની આરાધના દ્વારા મા મય રહીએ તો એમાની જે ચિન્મયી શક્તિ છે, તેનો જ પ્રકાશ આપણા હૃદય મંદિરને અજવાળે છે અને સંસારમાના ત્રિવિધ તાપોથી તે આપણું રક્ષણ કરે છે.

**વધાય દુષ્ટ દૈત્યાનાં તથા શન્ભનિર્શુમ્ભય ।**
**રક્ષણાયમ લોકાનાં દેવાનામ્ ઉપકારિણી ॥**

દુષ્ટ દૈત્યોનો વધ કરી નાશ કરવાવાળી, લોકોનું રક્ષણ કરનારી મા દૂર્ગા મહારાણી પ્રતિવર્ષ આસો સુદ એકમથી પધરામણી કરે છે. શ્રી દુર્ગાદેવી મહિષાસુર રાક્ષસ જોડે યુધ્ધ કરીને તેના પર વિજય મેળવ્યો. ધરતી પરનાં વધેલા પાપો તો નાશ કરીને દેવીએ સદાય પોતાના ભક્તોનું રક્ષણ કર્યુ છે. દુર્ગાની અવિરત કૃપાથી કોણ અજાણ છે ? આવી માતા દેવીની તારક અને મારક ઉપાસનાનો વિશિષ્ઠ કાળ એટલે નવરાત્રિ પ્રચંડ ઊર્જા અને શક્તિની આરાધનાના આ નવરાત્રિના પર્વ દરમિયાન અનેક માઇભક્તો અને સાધકોમા દુર્ગા સપ્તશતિ એટલે કે શક્રાદયનાં પાઠનું અનુષ્ઠાનપૂર્વક પઠન કરવાની પરંપરા ચાલી આવે છે.

**ચિત્તેકૃપા, સમરનિષ્ઠુતા ચ દ્રષ્ટા ।**

અર્થાત દેવીમાતાના ચિત્માં પોતાના વ્હાલા બાળકો પ્રત્યે અત્યંત કૃપા અને કરુણા ધરાવે છે. પરંતુ આ માતા યુધ્ધ ભૂમિમાં અત્યંત નિષ્ઠુર છે. એટલે કે અગ્નિની પ્રખર જ્વાળા જેવું તેનું ભયાવહ રૂપ આસુરો, રાક્ષસોને ભયભીત કરે છે. દસ હસ્તોમા દસ શસ્ર ધારણ કરનારી જગતજનની દુર્ગામાને રુદ્રની સંહાર શક્તિ માનવામાં આવે છે.






# Cedarbrae Dental Center



**Use it or Lose it! Don't Let Your Benefits Expire!**

અમે તમારા સ્વાસ્થ્ય અને સુંદર સ્મીત માટે ગુણવત્તાસભર
સંપૂર્ણ દાંતની ચિકિત્સા અને સેવાઓ આપીએ છીએ

Dr. Ghazala & Associates

Female Dentist For All Your Dental Need

**Emergencies Welcome, All insurances Accepted, Book your hygiene appointment and receive free teeth whitening (New patient only)**

State of the art clinic with special infection control monitoring system - installed in only 50 clinics all over Canada.



**Hours of operation**

- Monday: 9:00am - 7:00pm
- Tuesday: 9:00am - 7:00pm
- Wednesday: 9:00am - 5:00pm
- Thursday: 9:00am - 7:00pm
- Friday: 9:00am - 5:00pm
- Saturday: 9:00am - 5:00pm
- Sunday: 9:00am - 5:00pm

Pls call to schedule you appointment today at 416-945-1000.

Free consultation for braces / invisilign, implant and wisdom teeth extractions.

Monthly special get free teeth whitening with cleaning (New patients only ) expires 10/31st



## Dr. Ghazala Zaid, DMD

3630 Lawrence Ave East, Scarborough, ON M1G 1P6

416-945-1000, 416-945-2800

http://www.cedarbrae.dental Email : Cedarbraedentalcenter@gmail.com







# CLUB CERAMIC





Lapoto Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામિક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

**-: Available Size :-**

24" * 24" | 12" * 24" | 24" * 48" | 4" * 8" | 4" * 12"

**MONTREAL**
3590, Rue Griffith, Saint Laurent, QC, H4T 1A7
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**OTTAWA**
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com